# ગુજરાતી સાહિત્ય સરિતા
# Gujarati Sahitya Sarita

# દિપોત્સવી અંક




**અંક:** ૬

**તારીખ:** ૧૬ ઓક્ટોબર, ૨૦૦૯

**રજૂકર્તા:** ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા

અનુક્રમણિકા ........ 2
પ્રસ્તાવના........ 4
ગુજરાતી સાહિત્ય સરિતા સભ્યો........ 5
હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાએ સાહિત્યના આસ્વાદ સાથે "દિવાળીપર્વ"ની કરેલી ઉજવણી. ........ 6
હ્યુસ્ટનમાં સાહિત્ય સરિતાની બેઠકમાં આધ્યાત્મિક કવિ સ્વ.મહમંદઅલી પરમારના “આધ્યાત્મિક કાવ્યો”નું વિમોચન.સપ્ટેમ્બર ૨૦, ૨૦૦૯ અહેવાલ: વિશ્વદીપ બારડ ........ 8
પ્રમુખ આઇએમઇ (IME) - ગુજરાતીમાં ટાઇપ કરવાનું સરળ સોફ્ટવેર - વિશ્વદીપ બારડ........ 11
આવી આવી દિવાળી આવી –*નીરા શાહ*........ 12
નથી હું મીરાં કે નથી હું રાધા - દેવિકા ધ્રુવ ........ 13
નજર - સરયુ પરીખ........ 14
તમારી યાદનો ટહુંકો –‘રસિક’ મેઘાણી........ 15
કંકોતરી - ચિમન પટેલ "ચમન" ........ 16
માનો હાથ - ધીરૂ શાહ........ 18
આત્મિક નવસર્જન - મહંમદ પરમાર ‘સૂફી’ ........ 19
તે જ તો પાનખરનું કામ છે - વિજય શાહ........ 20
ગુર્જરભાષા સમૃધ્ધિ-કીરિટકુમાર ગો ભક્ત........ 21
મુક્તક - રમઝાન વિરાણી........ 24
“પાતંજલ યોગસૂત્ર” - ગિરિશ દેસાઇ ........ 26
મૌન ની લવારી – ‘મનુજ’ હ્યુસ્તોનવી........ 33
સાચાં માનવ - અંબુભાઇ દેસાઇ “શાંતામ્બુ”........ 34
ક્યાંથી હોય? - રસેશ દલાલ........ 35
દાદીમા - વિશ્વદીપ બારડ ........ 36
ધરતી નો છોરું - શૈલા મુન્શા ........ 38
એજ લક્ષ્ય.. - વિજય શાહ........ 39
નથી માર્યા તાળા - ધીરૂ શાહ........ 40
બા,બાપુજી કે બાપા - પ્રદીપ બ્રહ્મભટ્ટ........ 41
ભાભો ભારમાં તો વહુ લાજમાં - વિજય શાહ ........ 42
સુવિચારોના મોતી – સંકલન ઇન્ટરનેટ દેવિકા ધ્રુવ ........ 44
દસકામાં વિભાજન - સરયુ પરીખ ........ 47
દિવાળી - ચીમન પટેલ "ચમન"........ 48
ગુરૂ પૂર્ણિમા - પ્રવિણા કડકીયા........ 49

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

નહીં કાયરનુ કામ જાન- ડૉ. કમલેશ લુલ્લા ........ 50
સીતા વનમા શા માટે ગઈ? - પ્રવિણા કડકીયા ........ 52
અનુભૂતિ- વર્ષા શાહ ........ 53
પ્રભુ ની યાદ આવે છે - મહંમદ પરમાર 'સૂફી' ........ 55
ક્ષમા - ધીરૂ શાહ ........ 56
બાગબાન કા બસેરા - ચીમન પટેલ "ચમન" ........ 57
વરલીથી વાંદરાની સવારી - પ્રવિણા કડકીયા ........ 63
જિંદગી - નવીન બેંકર ........ 64
તમે યાદ આવ્યા - રસેશ દલાલ ........ 65
પરિક્ષા - વિશાલ મોણપરા ........ 66
ચિત્ર - દિલિપ પરીખ ........ 67
સંત સમાગમ - પ્રદીપ બ્રહ્મભટ્ટ ........ 70
પારેવાની પીડા - દેવિકા ધ્રુવ ........ 73
તમસ, રજસ, સત્વ - સરયુ પરીખ ........ 74
અમારા છે - વિશ્વદીપ બારડ ........ 75
ગીતા હિન્દુ ધર્મનું શાસ્ત્ર કહેવાય? - ગિરિશ દેસાઇ ........ 76
નવી ક્ષીતિજો - વિજય શાહ ........ 77
પ્રેમ - શૈલા મુન્શા ........ 78
ગુરૂ દક્ષિણા - ગિરિશ દેસાઇ ........ 79
એ જ આ સાંજ છે ! – 'મનુજ' હ્યુસ્તોનવી ........ 81
વસંત - શૈલા મુન્શા ........ 82
તે ઉદાસ છે - સુરેશ બક્ષી ........ 83
માલ કબીરા-'રસિક' મેઘાણી ........ 84
અમેરિકા આવો છો? – અંબુભાઇ દેસાઇ "શાંતામ્બુ" ........ 85
લાગણીની બાદબાકી – 'મનુજ' હ્યુસ્તોનવી ........ 89
મુક્તકો - સુરેશ બક્ષી ........ 90
અર્થહીન તકરાર - મહંમદ પરમાર 'સૂફી ........ 91
રાઇઝ ઓફ અર્થ - પ્રો. સુમન અજમેરી ........ 92
ત્યાં કોઇ ગંદકી ન હતી.- કિરીટકુમાર ગો.ભકત. ........ 97
તારી નજર - હેમંત ગજરાવાલા ........ 98
હળવાશો આ ભારે ભારે…! - હિમત શાહ ........ 99
મંદિર, મંદિર કેમ ભટકું? - વિશ્વદીપ બારડ ........ 100
દિવાળી આવી છે. - વિશ્વદીપ બારડ ........ 101

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પ્રસ્તાવના

મિત્રો,

દિપોત્સવી અંક (વેબ-મેગેઝીન) આપની સમક્ષ મૂકતા હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

**"દિવાળી આવી છે,**
**સાથ નવા વર્ષની શુભ-વધાઈ લાવી છે,**
**ચાલો સૌ ભેદ-ભાવ ભૂલી,**
**વિશ્વ-કુટુંબની ભાવના ધરી,**
**માનવી સૌ એક બનીએ."**

સૌ મિત્રોને હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા વતી દિવાળી અને નવા-વર્ષની ખુબ ખુબ વધાઈ. પરદેશમાં વસી આપણી માતૃભાષા, આપણી ગુજરાતી સંસ્કૃતીને જાળવી રાખવા હ્યુસ્ટન સાહિત્ય સરિતાના પ્રયાસો રહ્યાં છે અને એજ ધ્યેય સિદ્ધ કરવા આપની સમક્ષ "દિપોત્સવ" અંક વિવિધ ગુજરાતી સાહિત્યનીની વાનગી લઈને આપની સમક્ષ આવ્યું છે આશા છે કે આપ સૌને ગમશે.

છેલ્લા નવ વર્ષથી સતત પ્રવૃત અમારી હ્યુસ્ટનની સાહિત્ય સરિતાએ ઘણાં સોપાનો સિદ્ધ કર્યા છે. હ્યુસ્ટન સાહિત્ય સરિતાએ ગુજરાતી ભાષાને વિકસાવવા, આપણાં ગુજરાતી સમાજને પ્રોત્સાહિત કરવા વિવિધ ગુજરાતી સાહિત્યના કાર્યક્રમોનું આયોજન કર્યું છે. સાથો સાથ અહીંના સ્થાનિક કવિ, લેખક અને ચિંતકોએ વિવિધ પુસ્તકો પ્રકાશીત કરી ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન મેળવેલ છે.

ગુજરાતી સાહિત્ય સરિતાએ પુસ્તક મેળો, શેર-અંતાક્ષરી,વેબ ઉપર દરેક સભ્યોને અલગ વેબપેજ અને નાટકના વિવિધ પ્રયોગો કરી અમેરિકામાં ગુજરાતી ભાષામાં એક જ્વલંત દીપનું પ્રાગ્ટ્ય કર્યું છે, એનું હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા ગૌરવ લે છે.

**વિશ્વદીપ બારડ (સંચાલક)**
**પ્રવિણાબેન કડકિયા (સહ-સંચાલક)**
**વિજય શાહ (વેબ મેગેઝીન -સંપાદક)**
**વિશાલ મોણપરા ( તકનીકી પ્રકાશન સંચાલક)**
**હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા**

# ગુજરાતી સાહિત્ય સરિતા સભ્યો

અહીંયા ગુજરાતી સાહિત્ય સરિતાના સર્જક સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.


"રસિક" મેઘાણી


અંબુભાઇ દેસાઇ


કિરીટ ભક્તા


ગિરિશ દેસાઇ


ચિમન પટેલ


દેવિકા ધ્રુવ


ધીરૂભાઇ શાહ


પ્રવિણા કડકીયા


પ્રદીપ બ્રહ્મભટ્ટ


મનોજ મહેતા


મોહમદ પરમાર


રમઝાન વિરાણી


રસેશ દલાલ


વર્ષા શાહ


વિજય શાહ


વિશાલ મોણપરા


વિશ્વદીપ બારડ


સરયુ પરીખ


સુમન અજમેરી


સુરેશ બક્ષી


હિમત શાહ


હેમંત ગજરાવાલા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાએ સાહિત્યના આસ્વાદ સાથે "દિવાળીપર્વ"ની કરેલી ઉજવણી.



તસ્વીરમાં: માર્ટિન લુથર કીંગ અને ગાંધીજીની તસ્વીર ડો. રમેશભાઈ અને ડૉ.ઈન્દુબેનને ભેટમાં આપી રહેલા વિશ્વદીપ અને નાસા કેન્દ્રના વડા વૈજ્ઞાનિક ડૉ.કમલેશ લુલ્લા સાથે જમણી બાજુથી શ્રી ધીરૂભાઈ, શ્રી સુમન અજમેરી, અતુલભાઈ અને ડાબી બાજુથી પ્રવિણાબેન.

ગુજરાતી સાહિત્યના વિવિધ આસ્વાદ સાથે હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાએ દિવાળીપર્વની ઉજવણી કરી. હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાની બેઠક ઓકટોબરની ૧૧,૨૦૦૯ના દિવસે યજમાન ડૉ. ઈન્દુબેન અને ડૉ.રમેશભાઈના ત્યાં દિપોત્સવના ઊમંગ અને નવાવર્ષના આગમનની વધામણી સાથી યોજાઈ. યજમાન ડૉ.શાહ કુટુંબના આગ્રહ એવો હતો કે બેઠક્ની પૂર્વે સૌને દિવાળી ભોજન પછી સાહિત્યની બેઠક શરૂ થાય . સ્વાદિષ્ટ ભોજનનો ગુજરાતી લાડુના આસ્વાદ બાદ બેઠકની શરૂઆત શ્રીમતી ઇન્દુબેને ગણેશ સ્તુતી સાથે દિપ-પ્રાગટ્ય ક્યું. રેખા બારડના મધુર સ્વરે પ્રાર્થના બાદ સૌ આમંત્રિત મહેમાનોનું શાહ કુટુંબે સ્વાગત કરેલ અને સૌ મહેમાનોએ પોત-પોતાનો પરિચય સાથે સભાના સંચાલક ડૉ, ઈન્દુબેને સભાનો દોર લઈ પ્રથમ કવિયત્રી શૈલા મુન્શાને પોતાની કૃતી રજૂ કરવા વિનંતી કરેલ.સાથે "હૈયે હોય દિવાળી, તો હંમેશ દિવાળી"નો નાદ સભામાં રણકી ઉઠ્યો.આજના અનેરા ઉત્સાહ સાથે શ્રી ધીરૂભાઈએ " ગઈકાલની દિવાળી-આજની દિવાળી" .."મનનો મિલાપ એજ ખરી દિવાળી"નો આલાપ સાથે રસેશ દલાલ, વિશ્વદીપ "દિવાળી આવી છે , ચાલો અભિમાન, આડંબરને માટીના માટલામાં મૂકી...ગામ ને પાદરે મૂકી દઈએ..કાવ્ય સાથે..દિવાળી વિશે..દિપકભાઈ, હેમંતભાઈ,પ્રવિણાબેન, ઈન્દુબેન,નીરાબેન, દેવિકાબેન, સુમનભાઈ વિધ,વિધ વિષય સાથે દિવાળી પર્વની સમજ ઊંડાણથી કવિતાના આલાપ સાથે આગળ વધી.

આ બેઠકમાં આ વખતે મહાવીર નિર્માણની રસપ્રદ વિગતમાં 'ગૌત્તમ સ્વામીનો વિલાપ અને ઉત્તરાધ્યાય',ની માહિતી શ્રી વિજયભાઈ અને શ્રી હેમંતભાઈએ આપી, શ્રોત્તાજનોને મુગ્ધ કરી દીધા. વિષયોમાં વિવિધતા હતી, અશોક પટેલ શૂન્ય પાલનપૂરીનું કાવ્ય,'અમે તો કવિ કાળને નાથનારા' ભગવાનદાસભાઈ, અંતરમાં અજવાળું

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

કરવાની જરૂર વિશે, સાથો સાથ ફાધર વાલેસની "ગુજરાતી ભાષા"અંગેની પ્રેમનીવાતો ,અતુલભાઈએ ઓકટોબર ૪,૨૦૦૯, હ્યુસ્ટનમાં ઉજવેલ..ગાંધી-જયંતીની રસપ્રદ વાતો કરી સાથો સાથ 'ગુજરાતી-ભાષા'નું માધ્યમ વિશ્વભરમાં વધે,તેમજ ગુજરાત રાજ્યમાં અગ્રેજી ભાષાના વલણ સાથે ભુલાતી આપણી માતૃભાષા ટકી રહે એના પ્રયાસો કરવા નમ્ર-સુચનો પાઠવેલ.

આ બેઠકમાં પધારેલ નાસાના વડા-વિજ્ઞાનિક ,અને ગુજરાતી ભાષાના ચાહક ડૉ,કમલેશ લુલાએ..'કાઠીયાવાડમાં ભુલો પડે ભગવાનના નાદ સાથે ગાંધીજીને નોબેલ પ્રાઈસ ના મળ્યું પણ એમના ત્રણ અનુયાયી..માર્ટિન લુથરકીંગ,ડૉ,માન્ડેલા અને અમેરિકાના પ્રમૂખ ઑબામા જે ગાંધીજીના વિચારોનું આચરણ કરનારા એને નોબેલ પ્રાઈસ મળ્યું એની વિગતવાર વાતો કરી! અતુલભાઈએ તુરત નિર્દેશ કર્યો કે 'નોબેલ-પ્રાઈસતો ગાંધીજી માટે એક નાનું પ્રતિક કહી શકાય એતો એનાથી પણ મહાન-વ્યક્તિ હતાં' ડૉ. કમલેશ લુલાએ ડૉ. માર્ટિન લુથરની ઓફીસમાં ગાંધીજીની તસ્વીર વાળો ફોટા ની ફ્રેમ યજમાન ઈન્દુબેન અને રમેશભાઈને ભેટ આપી.

હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાએ "ગુજરાત ટાઈમ્સ"ના સ્વ.પ્રકાશભાઈ પારેખના દુ:ખદ આવસાન નિમિત્તે સ્વર્ગસ્થ અત્માને અંજલી આપતા સમગ્રશ્રોતાજનોએ બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરી અને સાહિત્ય સરિતાના સંચાલક વિશ્વદીપે કહ્યું" ગુજરાત ટાઈમ્સના સ્થાપક સ્વ.પ્રકાશભાઈ એ આપણને હંમેશા આપણાં સાહિત્યનો અહેવાલ પ્રકાશીત કરી ટેકો અને પ્રોતાસાહન પુરી પાડ્યું છે.ગુજરાતી સાહિત્ય સરિતા સદેવ તેમના ગુજરાતીભાષા પ્રત્યેના પ્રેમને યાદ કરશે." .."ગાંધીજીની જીવનયાત્રા" પુસ્તકમાંથી શ્રોતાજનોને પુછવામાં આવેલ પાંચ સવાલો તેમજ જેણે આ પુસ્તક સંપૂર્ણ વાંચેલ હોય તેમને પુસ્તકની કિમંત ભેટમાં આપાવામાં આવે તેમાં વિજેતા ડૉ.રમેશભાઈ જાહેર થયાં એમણે ભેટ સ્વીકારી તુરત એ ભેટ સાહિત્ય સરિતાને અર્પણ કરી..ત્યારબાદ શ્રી હેમંતભાઈ ગજરાવાલાએ આભાર-વિધીમા ડૉ.રમેશભાઈ તેમજ ડૉ.ઈન્દુબેનનો હ્દય પૂર્વક આભાર માનતા કહ્યું "સ્વાદિષ્ટ-ભોજન સાથે સાહિત્ય સરિતાની બેઠકનું સુંદર રીતે આયોજન કરી યજમાનગીરી કરવા બદલ આભાર. સભાનું સંચાલન સુંદર અને સમયસર કરવા બદલ ડૉ.ઈન્દુબેન તેમજ વિશ્વદીપને આભાર વ્યકત કરી સભાનું વિસર્જન કરેલ.

અહેવાલ: વિશ્વદીપ બારડ-શૈલા મુન્શા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હ્યુસ્ટનમાં સાહિત્ય સરિતાની બેઠકમાં આધ્યાત્મિક કવિ સ્વ.મહમંદઅલી પરમારના "આધ્યાત્મિક કાવ્યો"નું વિમોચન.સપ્ટેમ્બર ૨૦, ૨૦૦૯ અહેવાલ: વિશ્વદીપ બારડ




સાહિત્ય સરિતાના કવિમિત્રો-શ્રોતાજનો




જમણી બાજુથી: પ્રવિણાબેન(સભા સંચાલક), વિશ્વદીપ(સંચાલક), કવિશ્રી ધીરૂભાઈ , સ્વ. કવિશ્રી પરમાર સાહેબના પત્નિ ફાતિમાબેન, પુત્ર સિરાજ)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

હ્યુસ્ટનના આંગણે ગુજરાતી સાહિત્ય સરિતા ફાલી-ફૂલી રહી છે.વેગ વધતો જાય છે, ગુજરાતી ભાષા, ગુજરાતી સાહિત્યને પ્રાધાન્ય આપવા પુરતા પ્રયાસો થાય છે . એજ લક્ષને ધ્યાનમાં રાખતા માસિક બેઠકમાં સ્વરચિત કાવ્યો, ગઝલનું પઠન થાય, સાથો સાથ હ્યુસ્ટનના શ્રોત્તાજનો સારી સંખ્યામાં હાજરી આપે છે. સપ્ટેમબરની ૨૦ તારીખે કવિશ્રી પ્રદીપ બ્રહ્મભટ્ટની "ડેલી"માં બેઠક રાખવામાં આવેલ. એમની યજમાનગીરી નીચે હ્યુસ્ટન શ્રોત્તાજનો એ સારી એવી સંખ્યામાં હાજરી આપેલ, બેઠકનો પ્રારંભ ડૉ.ઈન્દુબેન શાહે સરસ્વતિની પ્રાર્થનાથી કરેલ. શ્રી પ્રદીપભાઈએ સૌ આમંત્રિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું. આજની બેઠકમા સાહિત્ય સરિતાના સંચાલક શ્રી વિશ્વદીપ બારડે આજની સભા સંચાલન કરવા કવિયત્રી પ્રવિણબેન કડકિયાને વિનંતી કરી. સભાની શરૂઆત સમયને લક્ષમાં રાખી પ્રવિણાબેને દેવિકાબેનને પોતાની કૃતી રજૂ કરવા વિનંતી કરી.આ વખતનો વિષય સમયને અને ઋતુને લક્ષમાં રાખ્યો હતો. નવરાત્રી નવલી રાત્રીના ગરબા, આંગણે આવી રહેલ પાનખર ઋતું, દુહા સાથે ગરબા-ગીતની રમઝટ અને એક પછી એક સ્વરચિત કાવ્યો -ગીતો અને ગરબા રજૂ કર્યા કવિશ્રી પ્રદીપભાઈ, ધીરુભાઇ શાહ, ફતેહઅલી ચતુર, મનોજ મહેતા, ઈન્દુબેન શાહ, સુરેશ બક્ષી, વિશ્વદીપ બારડ, નીરા શાહ, હેમંત ગજરાવાલા, નવીન બેંકર, પ્રવિણાબેન કડકિયા અને દીપક ભટ્ટ . "પાનખર"ને સુંદર રીતે રજૂ કરતા કહ્યું:માનવીના જીવનમાં "પાનખર" એક એવી ઋતુ છે જે આવે છે, જાય છે. એ તો માત્ર પ્રતિક રૂપ છે. સમજે તો શાણપણ રૂપ છે. પાનખરને લગતા ઘણાં સારા કાવ્યોની રસધારામાં ડુબતા શ્રોતાજનોએ મનભર આનંદ માણ્યો અને કવિઓને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા.

બીજા દોરમાં હ્યુસ્ટનના જાણીતા-માનીતા લાડલા સ્વ. સૂફી કવિ મહમંદઅલી પરમારનું "આધ્યાત્મિક કાવ્યો"નું વિમોચન, ગુજરાતી સાહિત્યના પ્રૌઢ-વડીલ કવિશ્રી ધીરૂભાઇ શાહના વરદ હસ્તે પરમાર સાહેબની ધર્મપત્નિ ફાતિમાબેન અને પુત્ર સિરાજ પરમારના હાજરીમાં સૌ શ્રોતાજનોએ વધાવી લીધેલ. વિશ્વદીપ બારડે અને ફાતિમાબેને સ્વ.પરમાર સહેબના બે કાવ્યોનું પઠન કરેલ. નાત,જાત અને ધર્મના વાડાથી કઈ દૂર એવા એક અલગારી, બ્રહ્મજ્ઞાની કવિની કાવ્ય રચનાતો જુઓ.

**તું સુકર્મો કરી લેજે 'અલી' આજે ને અત્યારે**
**જે સુકર્મો કરે છે તે અસલમાં બ્રહ્મજ્ઞાની છે..**

ઈશ્વરના નામો તો આપણે પાડ્યા છે. એ તો એક છે.

**"ઓ ઈશ્વર, એ પ્રભુ, કે અલ્લાહ ક્યાં નામો લઈ પુજું**
**ભૂલી નામોના ઝગડા, મે ખરી ભક્તિ કરેલી છે."**

આધ્યાત્મિક કવિશ્રી સ્વ.પરમાર સાહેબનું આ નવ-પ્રકાશિત પુસ્તક "આધ્યાત્મિક કાવ્યો" નું પુસ્તક બેઠકમાં પધારેલા દરેક વ્યક્તિને ભેટ અને યાદ રૂપે પરમાર કુટુંબે આપેલ. ગુજરાતી સાહિત્ય સરિતાએ એક પ્રખર ફીલસુફ,બ્રહ્મજ્ઞાની કવિને સદા યાદ રાખશે. એ નથી પણ એમની કવિતા સદા ગુજરાતી સાહિત્યમાં જીવંત રહેશે. આજની સભામાં ભારતથી પધારેલ "સંદેશ"ના સિનયર તંત્રી અને પત્રકાર શ્રી જયકાંતભાઈ પટેલનું સાહિત્ય

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

સરિતામાં સ્વાગત કરેલ. એમણે નિવૃતી અને જીવન જીવવા "પૉઝીટીવ" લક્ષ્યને કેન્દ્રીત રાખી કહ્યુ હતુંઃ "મન માંદુ તો તન માંદું". માનવીએ સભાનતા સાથે જીવવું જોઈએ. વિશ્વદીપે સાહિત્ય સરિતાના યુવાન કવિ શ્રી વિશાલ મોણપરાના કાર્યની બિરદાવતા કહ્યું "ગુજરાતી ભાષા સાથે ભારતની અન્ય આઠ ભાષામાં લખી શકાય એવું પ્રમૂખ-પેડ રજૂ કરી આપણાં સાહિત્ય-જગતમાં એક સારી સફળતા પ્રાપ્ત કરી તેનું અમો સૌને ગૌરવ છે. એમની આગવી પ્રગતી માટે અમારી હાર્દિક શુભેચ્છા".

સભાના અંતમાં સાહિત્ય સરિતાના સંચાલક વિશ્વદીપે કહ્યુંઃ "યજમાન શ્રી પ્રદીપભાઈ અને રમાબેન બ્રહ્મભટ્ટનો આભાર તેમજ સુંદર વ્યવસ્થા સાથે સૌ મહેમાનોને અલ્પાહાર પિરસવા બદલ સાહિત્ય સરિતા આપની આભારી છે. સભાસંચાલક કવિયત્રી પ્રવિણાબેન કડકિયાએ સમયની સાચવણી સાથે સભાનું સુંદર સંચાલનની કામગીરી કરવા બદલ આભાર"

અમેરિકા 13

Friday, October 09, 2009 દિવ્ય ભાસ્કર

# કવિ મહંમદ અલી પરમારના પુસ્તક 'આધ્યાત્મિક કાવ્યો'નું લોકાર્પણ કરાયું

ન્યૂ જર્સી

૨૦ સપ્ટેમ્બરે ૨૦૦૯ના રોજ ગુજરાતી સાહિત્ય સરિતાની બેઠકમાં ગુજરાતી સાહિત્ય સરિતાનાં સૂફી કવિ મહંમદ અલી પરમારના પુસ્તક 'આધ્યાત્મિક કાવ્યો'નું લોકાર્પણ તેમના મિત્ર કવિ ધીરુભાઈ શાહને હસ્તે થયું હતું.

આ પ્રસંગે તેમના સાથીદારો અને સિનિયર મુકુંદ ગાંધી વિશ્વદીપ બારડ પ્રવીણા કડકિયા અને ધીરુભાઈ શાહે તેમને યાદ કર્યા હતા. તેમના ચિરંજીવી શિરાજ અને તેમના ધર્મપત્ની ફાતિમાબહેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા

મર્હુમ જનાબ મહંમદ અલી પરમારે જ્યારે ગુજરાતી સાહિત્ય સરિતાના બ્લોગ ઉપર બ્લોગ ખોલ્યો ત્યારે ગમતા કાવ્ય – 'સીમાડા વિનાનું વિશ્વ' નામ આપ્યું ત્યારે તેઓનું સૂચન હતું કે મને તો 'આધ્યાત્મિક કાવ્યો' જેવું સહજ નામ મૂકવું છે, તે તેમની વેબસાઈટ ઉપર મૂક્યું તેઓ તેમના કાવ્યો નિયમિત રીતે મૂકતા. તેમના કાવ્યો વિશે હું કંઈક સૂચવું તેવું તો મારું ગજુ નથી પણ હા આ પુસ્તક પ્રસિદ્ધ થાય તે અંગે મેં સીરાઝભાઈને વાત કરી તો તેમનો અને ફાતિમાબહેનનો પ્રતિભાવ આનંદદાયક હતો અને તે તરત જ સ્વીકાર્યો અને વેબ ઉપર મૂકેલા કાવ્યો ઉપરાંત તેમના અન્ય કાવ્યોની ઝેરોક્સ કરેલી પ્રત તેમણે મને આપી.

મહંમદ અલી પરમાર સાહેબના કાવ્યોમાં છંદ બદ્ધતા કે કાફિયાની ચુસ્તતા ઓછી વધતી પહેલી નજરે કદાચ દેખાય પરંતુ જ્યારે જ્યારે તે કાવ્ય તે તેમના અવાજમાં રજૂ કરતા ત્યારે તે સ્વયં લીન થઈ જતા.

'કર્મોની ફૂલવાડી' નામના કાવ્યમાં તેઓ કહે છે,

*'અલી' તુ પેરવી કરજે પ્રભુ*
*પ્રેરિત વિચારોની*
*પ્રભુ પંથની લગન લાગી જશે*
*કોઇને કોઇને*

આ પ્રભુપંથની લગની કોઈકને લગાડવાની તેમની ઈચ્છા તેમના દરેક કાવ્યોમાં એક યા બીજા પ્રકારે પડઘાઈ છે. 'કુદરતનાં ઈશારા' નામના કાવ્યમાં તેઓ કહે છે,

*વિવિધ રંગો છે માનવ જાતીમાં ને*
*નાત જાતોમાં*
*પરંતુ ધર્મના ગ્રંથોમાં તો એક જ*
*પ્રેમધારા છે.*

મહમંદ અલીભાઈને તેમના ચાહકો ઘણી વખત આજના યુગનાં નરસિંહ મહેતા કહેતા કારણ તેમના કાવ્યોમાં નરસિંહ મહેતાની જેમ અલખની ગેબી ગોખ દેખાતી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પ્રમુખ આઇએમઇ (IME) - ગુજરાતીમાં ટાઇપ કરવાનું સરળ સોફ્ટવેર- વિશ્વદીપ બારડ

હ્યુસ્ટનની સાહિત્ય સરિતાના યુવાન કવિ વિશાલ મોણપરાના નામથી આપ પરિચિત તો હશો જ. તેઓ પોતાની ગઝલોથી તો પ્રસિદ્ધિ પામેલા જ છે પરંતુ ગુજરાતી સાહિત્ય વર્તુળમાં તેઓએ રચેલા ગુજરાતીમાં ટાઇપ કરવાના સોફ્ટવેરને લીધે ઘણી નામના પામેલાં છે. આજે ઇન્ટરનેટ પર ગુજરાતીમાં લખાતી લગભગ દરેક કૃતિ તેમણે બનાવેલા ટાઇપ કરવાના સોફ્ટવેર દ્વારા જ ટાઇપ કરવામાં આવે છે. પ્રથમ તેઓએ "પ્રમુખ ટાઇપ પેડ" નામનું વેબસાઇટ પર લખાય તેવું સોફ્ટવેર બનાવ્યું. કોઇ પણ વ્યક્તિ http://service.vishalon.net/pramukhtypepad.htm આ વેબસાઇટ પર જઇને ગુજરાતીમાં ટાઇપ કરી શકે છે. હજુ હમણાં જ તેમણે પ્રમુખ આઇએમઇ (Pramukh IME) નામનું ગુજરાતીમાં ટાઇપ કરવાનું એક નવું સોફ્ટવેર વિકસાવેલું છે. નવા સોફ્ટવેર અંગે તેમણે વિગતવાર જણાવ્યું કે "અગાઉ બનાવેલાં સોફ્ટવેરથી માત્ર વેબસાઇટ પર જઇને જ લખી શકાતું હતું. વળી ટાઇપ કરેલું લખાણ સીધેસીધું Save કરી શકાય તેમ નહોતું. Pramukh IME માં આ ખામીઓ નિવારવામાં આવી છે. આ નવા સોફ્ટવેરની મદદથી હવે કોઇ પણ વ્યક્તિ ગુજરાતી ઉપરાંત અન્ય ૮ ભારતીય ભાષામાં માઇક્રોસોફ્ટ વર્ડ, નોટપેડ વગેરે કોઇ પણ પ્રોગ્રામમાં સીધું જ ટાઇપ કરી શકે છે. વળી આ સોફ્ટવેર એકદમ નાનું છે અને કમ્પ્યુટરનાં ઊંડા જ્ઞાનની પણ જરૂર નથી તેથી જ કોઇ પણ વ્યક્તિ તેને આસાનીથી વાપરી શકે છે."

વિશાલ મોણપરાએ ગુજરાતી સાહિત્ય સરિતાની વેબસાઇટ http://gujaratisahityasarita.org બનાવવા અને તેને ચાલુ રાખવાનું અજોડ કાર્ય કરેલ છે. આજે આ વેબસાઇટ પર લગભગ ૩૫ ગુજરાતી સાહિત્યકારોના બ્લોગ ચાલે છે. માતૃભાષા માટેના અજોડ કાર્ય કરવા બદલ વિશાલને અભિનંદન અને શુભેચ્છા.

પ્રમુખ આઇએમઇ ડાઉનલોડ કરવા માટે અહિં ક્લિક કરો. http://www.vishalon.net/Download.aspx

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આવી આવી દિવાળી આવી –*નીરા શાહ*



રુમઝુમ રુમઝુમ રાતલડીના

સોળ શિંગાર સજીને આવી

મધુર મધુર હસતી આવી

લક્ષ્મીજીની મહેર લાવી

ભગવાન વિષ્ણુનો સંદેશ લાવી

health- wealth- peace- prosperity

ના વરદાન સાથે

ધનતેરશનું પૂજન લાવી

કાળી ચૌદશ લાગે ખૂબસૂરત

થાયે શુધ્ધ મન વિચાર મૂરત

નવલખ દિવા ઝગમગ ઝગમગ

આવી દિવાળી આવી દિવાળી

પ્રકાશની તો માળા લાવી

દિલમાં ઘરમાં રોશની લાવી

મેઘધનુષનાં રંગો લાવી

નવા વર્ષની વધાઇ લાવી

મીઠા મીઠા સ્વપ્નો લાવી

એક નવી આશ સાથે

આવી આવી દિવાળી આવી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નથી હું મીરાં કે નથી હું રાધા - દેવિકા ધ્રુવ



શમણાંમાં આવીને પૂછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધુ તું સાંભળ હે કાના,
નથી હું મીરાં કે નથી કોઇ રાધા,
શબરી નથી કે કરું બોર હું અજીઠાં.
મારે તો વનરાવન કે મથુરા,
કદમ્બ કે ગોકુળ સઘળું યે વેબમાં !
તેથી ફરું હું તો નેટના જગતમાં,
તારા તે જગમાં ક્યાં હવે છે મણા ?
આવીને મળે તો માનું અહીં વેબમાં,
જોજે ભૂલીશ મા, કે'જે ઇમેઇલમાં,
વેબકેમ મંદિરના ખોલી દઇશ બારણાં,
આરતી ઉતારીને લઇશ ઓવારણા.
પૂજું તો છું જ આમ રોજ રોજ શબ્દમાં,
પામીશ ધન્યતા અક્ષરના ધામમાં,
અર્પી સર્વસ્વ તને બાંધીશ વચનમાં,
છોડી દે વાંસળી ને ખેરવી દે મોરપીંછ.
છેડી દે સ્નેહસૂર ને ફેરવી દે પ્રેમપીંછ,
ખીલવી દે ક્યારો આ વિશ્વના બાગમાં,
શમણાંમાં આવીને પૂછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધુ તું સાંભળ હે કાના

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નજર - સરયુ પરીખ



દ્વારિકા નગરીને દર્શને, અછડતો અવનવ ઊઠે
નજર ખેંચી જોઈ લઉં, કદાચ વનમાળી મળે

રમતાં કિરણની ધૂપમાં, આશ નજરે જોઇ લઉં
પાષાણ વીંટતા પવનમાં,કદાચ ખીલ્યું ફૂલ મળે

રીઝવવા ચરણે નમુ, નત નજર ઉંચે ઉઠે
શ્યામળી સખ્ત આંખોમાં, કદાચને કરુણા મળે

આપ્તજનને છોડતાં, અતૃપ્ત નજરે જોઇ લઉં
ભાવહીન શુષ્ક આંખોમાં, કદાચ કોમળતા મળે

નાદાન નજરું શોધતી'તી, પ્રેમ કો પલકો મંહી
આજ આ નવ નયનમાં, આશ છે મમતા મળે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તમારી યાદનો ટહુંકો–'રસિક' મેઘાણી



હજી પણ પ્રેમને તરસે તમારી યાદનો ટહુંકો
અમારા કાનમાં રણકે તમારી યાદનો ટહુંકો

કહીં એકાંત સાગરમાં સજાવી પલકો મોતીથી
નિશા ઝાકળ ભરી વરસે તમારી યાદનો ટહુંકો

વસંતી વાયરા વાયે સુંગંધિત પુષ્પથી જ્યારે
વિયોગી દિલ બની તડપે તમારી યાદનો ટહુંકો

સતત દ્રષ્ટિમાં અંક્તિ છે તમારા પ્રેમના દર્શન
અમારી સાથે સાથે છે તમારી યાદનો ટહુંકો

નગરની ભીડમાં ભટકી અને ભૂલી ગયા તો પણ
અમારા સપના વાગોળે તમારી યાદનો ટહુંકો

ઉઘાડા આભ નીચે એકલા વાગોળવા બેઠા
સળગતી ધૂપની સાથે તમારી યાદનો ટહુંકો

'રસિક' માટે ઘણું છે જિંદગીમાં જીવવા માટે
અમારા માટે કેવળ છે તમારી યાદનો ટહુંકો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કંકોતરી - ચિમન પટેલ "ચમન"



શ્રીમાન/શ્રીમતીઃ ગુર્જર આર્યપુત્રો ને દેવીઓને

નારી ગણાય નમઃ છે. ત્યાં ભગવાનનું નામ આમ આવવું જોઈએ. પણ,અમારા ઘરમાં ધર્મસંકટ ઊભું થતાં અમે એમ કરી શકયા નથી. હું પોતે શિવનો પૂજારી છું. શ્રીમતીજી માતાજીમાં માને છે અને બાળકો બજરંગબલીમાં ! ભગવાનનું નામ લખવાથી ભગવાનની કૃપા ઊતરી આવશે એવું આ દેશમાં રહીને ભણેલા માણસે માની લેવું યોગ્ય તો નથી. જો કોઈની કન્યા લગ્નમાં મેળવવી હોયતો એ નારીઓની કૃપા અને સહકાર વગર શક્ય નથી. લગ્નમાં પુરુષો ન દેખાય તો ચાલે. પણ, નારીગણની ગેરહાજરી પોસાય નહિ ! લગ્નમાં નારીઓનું હલન ચલન, રંગ-બેરંગી ભારે સાડીઓના રંગની રેલમછેલ, સોના જેવા દેખાતા પણ સસ્તા ઘરેણાઓ ઘરમાં હોય એટલા એકી સાથે શરીર પર શોભશે કે નહિ નો વિચાર કર્યા વગર પહેરેલા હોય. કાગડા કંઠે ( પુરુષનો કોયલ કંઠ અને નારીઓનો કાગડા કંઠ મુવી વાળાઓને આજ કાલ વધારે ગમે છે) માંડ માંડ ગવાતા લગ્નના ગીતો લગ્નસ્થળને ભલે ન ગજાવી મૂકે, પણ એ બધાને ગમે છે. એટલે જ, આ વખતે ભગવાનને વેકેશન આપ્યું છે. નારીગણને યાદ કરીને નવો ચીલો પાડ્યો છે.

ચાલો ત્યારે કંકોતરીના લખાણ તરફ મીટ માંડીએ.

નારીકૃપાથી અમારા સુપુત્ર (સુપુત્ર કહેવાનું મન ખરેખર થતું નથી ! અમારા માટે એ કુપુત્ર પાક્યો છે. તમે પૂછો એ પહેલાં જ કહી દઉ. આમેય સારા કામમાં સો વિઘ્નો.. એક વધારે ! અમે એને અમારા ત્રણ (૩) ગામની કન્યા બતાવી પણ એને ન ગમાડી ! સામાવાળાનું ઘર સારું હતું (મેમોરીઅલમાં રહે છે), એમની પાસે પૈસો પણ સારો છે ( પૈઠણ સારી આપવાના હતા ખાનગી રીતે), આખું કુટુંબ ખૂબ ધાર્મિક છે (રવિવારે આખું કુટુંબ મંદિરમાં જાય છે ને પ્રસાદ ગ્રહણ કર્યા વગર ઘેર આવતું નથી) વગેરે.. વગેરે..અમેરિકાની કોઈ કાળીના પ્રેમમાં પડી લગ્ન કરવા તૈયાર થયો છે. ગુજરાતની ન ગમીતો આપણા દેશની પંજાબી, મદ્રાસી, મહારાષ્ટ્રીયન કે કોઈ અન્ય પ્રદેશની પસંદ કરી હોત તો છાતી પર પથ્થર મૂકીને પણ લગ્ન કરવા હા પાડત. નહિ નહિ તો કોઈ અમેરિકાની ધોળીને પસંદ કરી હોત તો ભાવિ પ્રજા તો ઊજળી (રંગે) પાકત !!

ચિ. ડૉ. પલક

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

(શ્રીમાન રજનીકુમાર બાબુભાઈ પટેલ તથા શ્રીમતી રીતિબહેન રજનીકુમાર પટેલ, ગામ લાંધણજ, ન્યૂયોર્ક રહી, કેલિફોર્નિયા વાસ કરી હ્યુસ્ટનમાં હાલ સ્થાયી થયા છે તેમના સુપુત્ર)

ના શુભ લગ્ન

મિસ એન્જી
(ગેલવેસ્ટન નિવાસી મિસ્ટર વિલિયમ શેપર્ડ તથા મિસિસ બાર્બરા શેપર્ડની સુપુત્રી)

સાથે સંવત ૨૦૬૧ના માગશર સુદ ચૌદસ ને શનિવાર તા. ૨૫ ડિસેમ્બર ને નાતાલના બપોરના બે વાગે નિરધાર્યા છે. તો આ શુભ પ્રસંગે નવદંપતિને આશીર્વાદ આપવા (ચાંલ્લા સહિત) આપ પતિ-પત્ની (સહકુટુંબ બોલાવી શકાય તેમ નથી) સમયસર પધારીને શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

લિ. સ્નેહાધીન

સ્વ. ચતુરદાસ મોતીલાલ પટેલ (હાલમાં વૈકુંઠમાં છે. જીવ્યા ત્યાં સુધી ઘણી માળાઓ કરી એનું પરિણામ)
સ્વ. મથુરદાસ ચતુરદાસ પટેલ (હાલમાં નરકમાં રિબાય છે. જીવ્યા ત્યાં સુધી ભગવાનનો દીવો ઘરમાં કર્યો નથી.)
શ્રી કનુભાઈ બાબુભાઈ પટેલ ('કેબીઆર'માં કામ કરે છે)
શ્રી ડાહ્યાભાઈ મથુરદાસ પટેલ (સાઉદીમાં કામ કરે છેઃ બૈરા છોકરાઓને અહિ હ્યુસ્ટનમાં છોડીને )
શ્રી બાબુભાઈ ચતુરદાસ પટેલ (ભારતમાં ધંધો કરે છે)
શ્રી પ્રવીણભાઈ મથુરદાસ પટેલ (લંડનમાં પોસ્ટમાં છે)
શ્રી ભાર્ગવકુમાર કનુભાઈ પટેલ (કોલેજના છેલ્લા વર્ષમાં છે. કન્યાની ખોળમાં છે.)

શુભેચ્છા સહિત

સ્વ. ચતુરીબા ચતુરદાસ પટેલ (હાલમાં નરકવાસમાં છે. સાસુપદામાં વહુઓને હેરાન કરવાનું બાકી નો'તું રાખ્યું!)
સ્વ. શકરીબા મથુરદાસ પટેલ (હાલમાં વૈકુઠમાં પ્રવેશ મળ્યો છે. વહુંને દીકરીની જેમ રાખી અને આખી જિદંગી સાચુ બોલ્યાનો પરતાપ થયો. )
શ્રીમતી સવિતાબેન કનુભાઈ પટેલ (દાળ સારી બનાવે છે)
શ્રીમતી ઈલાબેન રમેશભાઈ પાઠક (પાઠકના પ્રેમમાં પડી પટેલને પડતા મૂક્યા છે. )
કુમારી રીટા કનુભાઈ પટેલ ( 'લૉ'નું કરે છે.)
કુમારી ગૌરાંગી રજનીકુમાર પટેલ (નૃત્યકલા જાણે છે.)પીઠી અને ગ્રહશાંતિનો સમય સવારના ૭:૦૦ વાગે 'સ્વીટ વૉટર'ના અમારા ભાડાના ઘર પર રાખેલ છે. તા.ક. ગીફ્ટમાં ૨૫ ડૉલર લેવાનું રાખ્યું છે. ચેક ચાલશે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# માનો હાથ - ધીરૂ શાહ

હું માંદો હતો
ખાટલામાં પડ્યો હતો
અડધો નિદ્રામા હતો
માથે ઓઢેલું હતું
પત્ની ઘરમાં હતી
માં બહારગામ હતી
અચાનક એક હાથ
મારા ઉપર ફરવા લાગ્યો
હું સફાળો જાગી ગયો
અને ઊંઘમાં ને ઊંઘમાં
બોલી ઉઠ્યો "કોણ મા?
ક્યારે આવી?"
પત્ની પાસે ઉભી હતી
તેને આશ્ચર્ય થયું
અને તે બોલી ઉઠી
" તમને કેવી રીતે ખબર પડી,
આ બાનો હાથ છે ?"
મેં કહ્યું " મા અને પત્ની
એ બંને નાં હાથ સરખા છે
છતા હાથ હાથ મા ફેર છે
જમીન આસમાન જેટલો .
માના હૈયામાં જે પ્રેમ હોય છે
જે મમતા હોય છે
માના ખોળામા જે સુખ હોય છે
જે શાંતિ હોય છે
તે બીજી કોઈ સ્ત્રીમાં હોતાં નથી
"મા તે મા બાકી વગડાના વા"

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આત્મિક નવસર્જન - મહંમદ પરમાર 'સૂફી'

નહીં માને જમાનો વાત જે આજે કરૂં છું હું
છતાં જે સત્ય લાગ્યું તે બધે કહેતો ફરૂં છું હું

ભયંકર અન્ય રોગોના ઈલાજો છે જગતમાં પણ
સમજને રોગ લાગ્યા, ધ્યાંન તે ઉપર ધરૂં છું હું

લડી મરવાના બહાના શોધે છે ધર્મોમાં ધર્મઘેલા
ધરમના આત્માની ચીસ સાંભળતો ફરૂં છું હું

પ્રગતિના જમાનામાં, પ્રગતિ થઈ અશાંતિમાં
ઘડીભર થાય છે શાંતિ તો શાંતિથી ડરૂં છું હું

ધરમનાં ખોખાં જોયાં મેં સજેલાં બાહ્ય રૂપરંગમાં
ધરમના ગૂમ થયેલા પ્રાણને શોધ્યા કરૂં છું હું

હિંસાની આંધીમાં પડકાર છે જ્યાં જગની હસ્તીને
જગતનું અંતઃકરણ જાગે, કદમ એવાં ભરૂં છું હું

નથી લલકારી હું શકતો ઈજારાદારી ને જગમાં
ગુરુઓના છે કાબુમાં વિચારો, થરથરૂં છું હું

જગત માગે છે આ યુગમાં 'સૂફી' આત્મિક નવસર્જન
કદમ તે સાધ્ય કરવા, ફૂંકી ફૂંકીને ભરૂં છું હું

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તે જ તો પાનખરનું કામ છે - વિજય શાહ



પાંદડુ તો પીળું હતુ જ, અને ખરી પડ્યું, તેમા પાનખરનો શું વાંક?
વૃક્ષ ઉભું છે ને કડે ધડે, પડેલાં પાન સડે, તેજ તો પાનખરનું કામ છે.

કુદરતનો તે છે વહેવાર, પડેલા પાન રડે, તેમાં પાનખરનો શું વાંક?
જગ્યા કરવી નવ પલ્લવીત કુંપળની તેજ તો પાનખર નું કામ છે.

કૂપળોને કહો ખુલે ખીલે અને પ્રસરે ચોતરફ પાનખર કંઇ નહી કરે
ગુમાવી જો જિંદગીની લીલાશ, ખેરવી નાખવુ પાનખરનું કામ છે.

હાથ ચાલતા બંધ થયા અને આશાનાં દરવાજા બંધ જો જાતે કર્યા
તો શ્વાસ બંધ કરી મૃત્યુ દ્વાર બતાવવું તે જ તો પાનખરનું કામ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુર્જરભાષા સમૃધ્ધિ-કીરિટકુમાર ગો ભક્ત



તે સાંજે મારા મિત્ર જહોન (જે અહિ યુનિવર્સિટિમાં અંગ્રેજી ભાષા શિખવે છે )સાથે ભાષા વિશે ચર્ચા નીકળી અને તેની અંગ્રેજી ભાષાની બડાશો સામે મેં એક વાત પુછી શું એક શબ્દને મહ્ત્તમ કેટલી વખત ઉપયોગમાં લઇ તુ અર્થ બદલી શકે..એના પ્રયત્નની સામે મેં સીગરેટના ખોખા પર નીચેની કસરત કરી અને આદર સાથે જહોન મને અને મારી માતૃભાષાને જોતો થઇ ગયો

**આંખ**

આંખ વહેવી – આંસુ આવવા,

આંખ ઉભરાવી – આંસુથી આંખ ભરાવી ,

આંખ પલળવી- પ્રસંગ જોઇને આંખમાં પાણી આવવા,

આંખ ટાઢી થવી –સુખદ અનુભવ થવો,

આંખ ઠરવી – જીવને શાંતિ થવી ,

આંખ ઠારવી- સુખના સંજોગો ઉભા કરવા,

આંખ બળવી – કોઇનું સુખ જોઇને પોતાને અસુખ થવું, રોગ કે કંઇકથી બળતરા થવી,

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

આંખ ઝબકવી-ભેદની વાતની ગંધ આવવી,

આંખ જાળવવી –કાળજી લેવી,

આંખ ફેરવવી-વિશ્વાસઘાત કરવો,

આંખ વળગવી –કોઇ વસ્તુ ગમી જવી,

આંખ નિચોવવી -ખુબ જ મહેનત કરવી,

આંખ મારવી –ઇશારો કરવો,

આંખ મિંચાવી –મૃત્યુ પામવું,

આંખ ઘેરાવી –ઉંઘ આવવી,

આંખ શરમાવી –સંબંધનો ગેરલાભ ઉઠાવવો,

આંખ આવવી –આંખનો એક રોગ,

આંખ બંધ થવી – મૃત્યુ થવુ

આંખ ઢાંકવી – આંખ બંધ કરવી

આંખ દાબવી-પ્રેમ ચેસ્ટા

આંખ દબાવવી-અણગમતુ કશુંક ન જોવા દેવાની ચેષ્ટા

આંખ ફાટવી –આશ્ચર્ય થવું,

આંખ નચાવવી-મનને ન કળાવા દેવુ

આંખ વાંચવી –મનની વાત સમજવી,

આંખ પટપટાવવી – કુતુહલતા વ્યક્ત કરવી

આંખ જતી રહેવી –નેત્રહીન થવું,

આંખ લાલ કરવી – ગુસ્સો કરવો,

આંખ ફોડવી –બિન ઉપયોગી ઉજાગરા,

આંખ ગમવી –ગમતી વ્યક્તિ,

આંખ લડાવવી –પ્રેમ કરવો,

આંખ ઉઘાડવી –સાચી વસ્તુ નું ભાન કરાવવું,

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

આંખ રમવી-પ્રિય પાત્રને યાદ કરવું

આંખ થાકવી- રાહ જોઇને થાકવુ

આંખ પાથરવી –સ્નેહથી રાહ જોવી,

આંખ આડા કાન કરવા –જોયું ન જોયું કરવું,

આંખ પર ચશ્મા ચડાવવા –સારા-નરસાનુ ભાન થવું, ચોખ્ખુ દેખવુ

આંખ ની શરમ –માન આપવું,

આંખ રડવી –રડવું, દુ:ખ થવું

આંખ ઝાંખી થવી –દ્રષ્ટિ ક્ષીણ થવી,

આંખ કાઢવી –મૌન ગુસ્સો,

આંખ જોવી –વ્યક્તિની પરખ કરવી,

આંખ મટકાવવી –પ્રેમનાં ચાળા,

આંખ મિંચકારવી –ગર્ભિત ઇશારો,

આંખ મિંચામણાં કરવા –જાણી જોઇને અજાણ્યા થવું,

આંખ ભરાઇ આવવી-બહુ દુ:ખને અંતે આવતુ રૂદન

આંખ ચોળવી-નિંદ્રા પુર્વેની ચેષ્ટા

આંખ બગડવી-દાનત બગડવી

આંખનો કણો –અણગમતી વ્યક્તિ,

આંખ પર બેસાડવું –અતિશય પ્રેમ કરવો,

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મુક્તક - રમઝાન વિરાણી

## પાણી નથી રૂદનમાં

શું કહી શકું હું મારા આ એક કવનમાં?
વીતી ગઈ છે વાતો હજારો જીવનમાં;
એક આગ જો સળગે, તો કોઈ આંસુઓથી ઠારે,
આગ ઠારે બધી, એટલું પાણી નથી રૂદનમાં.

## ફના થઈ જશુ

તમારા સુખને કાજે વેદના થઈ જશું,
સાક્ષાત દર્શન પામવા સપના થઈ જશું;
મિલનની કોશિષોમાં કંઈપણ નહિ રહે બાકી,
આજીવન પામવા તમને અમે ફના થઈ જશું.

## તકદીર નથી તો કંઈ નથી

પુરુષાર્થ કરો હજાર, જો તકદીર નથી તો કંઈ નથી,
ખેંચો છોને કમાન જોરથી, એમાં તીર નથી તો કંઈ નથી;
બન્યા માલિક તમે કુબેરના ભંડારના તો શું થયું?
જો એ છતાં પણ દિલ તમારૂં અમીર નથી તો કંઈ નથી.

## મન અધુરૂં છે

છે મુજ હાલત ગરીબ, કે મારૂં ધન અધુરૂં છે,
ને રહું છું નાદુરસ્ત, કે મારૂં તન અધુરૂં છે,
હૃદય માં તોય જો ફરિયાદ કોઈ છે તો ફકત એજ
કે તૂ દૂર છે મુજથી, ને મારૂં મન અધુરૂં છે.

## હૃદયની હૃદયમાં

થઈ આંખો ચાર, ને થયાં કંઈક ઈશારા,
વધી ગયાં બન્ને હૃદયનાં ધબકારાં,
ચહેરા પર વિદિત થઈ ગઈ કંઈક વાતો,
પણ હર વાત રહી ગઈ હૃદયની હૃદયમાં.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## ગિરનાર શું કરે?

હતો ચિનગારીનોજ જ્યાં વાંક ત્યાં અંગાર શું કરે?
અને કણ-કણથી બનેલો મણનો ભાર શું કરે?
રાઈનો થાય પર્વત, જળબિંદુઓ વાદળ થાય,
કહો, જો કાંકરા ભેગા થાય, તો ગિરનાર શું કરે?

## સરી જશે

પ્રગટાવ્યો દિપક શાને, ઝટ ઠરી જશે,
આશાઓ દીધી શાને, બધી મરી જશે;
બાંધવી શાને જીવનની ઈમારત એ માટી પર,
ચણતર પૂરું થતાં પહેલાંજ જે સરી જશે?

## બધાં ગયાં

સારું બધુંજ થઈ જશે, કહીને બધાં ગયાં,
વણમાંગી કેટલી સલા' દઈને બધાં ગયાં;
ના કોઈએ દીધો દિલાસો મુંગા સાથનો,
મળશું વળી પાછા ક'દી,કહીને બધાં ગયાં.

## પ્રેમી

કહે ભગવાન ખુદ કે "માંગ,
માંગીલે તૂં ત્રણ વરદાન",
ખરે, હું તુજને તેજ ઘડીએ
ત્રણે વાર માંગી લઉં!

## કહું શું?

મહોબતમાં કેવી દશા થઈ, કહું શું?
કે રહીને શરમમાં, બેહયા ઠરૂં છું
ખુદા યા! તેં કેવી દિધી છે આ દ્વિધા,
ચુપ રહું કે બોલું, બેવફા ઠરું છું!

## હાલત બૂરી થઈ ગઈ

એ ગયાંને મારા મનની વાત અધુરી રહી ગઈ,
ને પ્રેમવિણ મુજ હૃદયવીણા બેસૂરી થઈ ગઈ;
મુજ દિલનું મંદિર દેવતાવીણ સૂનું થઈ ગયું,
ને એ દેવતણા ભક્તની હાલત બૂરી થઈ ગઈ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# "પાતંજલ યોગસૂત્ર" - ગિરિશ દેસાઇ

આ વિશે હું કાંઇ પણ લખું તે પહેલાં મારે એક વાતની ચોખવટ કરવી જરૂરી છે કે હું નથી કોઇ પંડિત કે નથી કોઇ સિદ્ધ કે સાધુ અને તેથી જો તમે એવી આશાથી વાંચશો કે આ લખાણથી તમને આ સૂત્રોમાં છુપાયેલું રહસ્ય જાણવા મળશે તો તમે જરૂર નીરાશ થશો.કારણ તત્ત્વનું (પરમાત્મ તત્ત્વનું) જ્ઞાન મેળવવું એ અનુભવનો વિષય છે. કે જે કેવળ વાદ વિવાદથી સમજી શકાય નહીં.વળી વધારામાં પતંજલીએ વાપરેલી ભાષા સૂત્રાત્મક હોવાને કારણે સમજવી વધુ મુશ્કેલ લાગે છે.અને આમે શાસ્ત્રો અને શાસ્ત્રિઓની ભાષા સમજવી એ કપરૂં કામ છે. છતાં આપણે જો સા.બુનો (સામાન્ય બુદ્ધિનો) ઉપયોગ કરતાં રહીએ તો ઘણી વાતો સ્વચ્છ થઇ શકે છે. મોટા ભાગના વિદ્વાનો આ પાતંજલ સૂત્રમાં વર્ણવેલ છેલ્લા બે અંગોને વધુ મહત્વ આપતા હોય છે.પરંતુ મારી દ્રષ્ટિએ તો આમ કરવું એ પહેલી ચોપડીના વિદ્યાર્થી ને કોલેજના પાઠ ભણાવવા જેવું કહેવાય.શાસ્ત્ર એટલે જીવન ઘડતર માટે કે જીવન નિર્વાહ માટે જરુરી શસ્ત્ર કે કળા .જેમ ભૌતિક શાસ્ત્ર કે રસાયણ શાસ્ત્ર આપણને જીવન જીવવામાં સુવિધા કરી આપે છે તેમ આ પાતંજલ યોગશાસ્ત્ર પણ જીવન જીવવામાં ઘણું ઉપયોગી નીવડે એમ છે એમ હું માનું છું.

હવે મૂળ વાત ઉપર વિચારીએ. પતંજલિ મુનિનું આ યોગ સૂત્ર, રાજયોગ અને અષ્ટાંગ યોગ નામે પણ જાણીતું છે.રાજ યોગ એટલા માટે કે જેમ રાજા પોતાના રાજયમાં રહેતા ધનિક અને નિર્ધન, ભણેલા અને અભણ બધાનો ખ્યાલ રાખે છે તેમજ આ યોગસૂત્રમાં પણ અબુધથી માડી બુદ્ધત્વની આકાંક્ષા રાખતા સર્વને માર્ગ દર્શન મળી રહે છે.અને અષ્ટાંગ યોગ એટલા માટે કે તેમાં અબુધતામાંથી બુદ્ધત્વ સુધી પહોંચવાના આઠ અંગોની સમજણ આપી છે.જેના નામ છે

યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર. ધારણા, ધ્યાન અને સમાધિ.

પતંજલિએ આ સૂત્રોને સમાધિપાદ,સાધનપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદ એવા ચાર પાદમાં (પ્રકરણમાં )વહેંચી નાખ્યાં છે. હું અહીં કેવળસાધન પાદ ઉપર જ આપ સહુનું ધ્યાન દોરીશ.

પહેલા પાદમાં સમાધિ અને તેના પ્રકાર, ચિત્તવૃતિ અને તેના પ્રકાર, ચિત્તવૃતિ ને કારણે સમાધિની સાધનામાં આવતા અંતરાયો અને આ અંતરાયોને દૂર કરવા અભ્યાસ અને વૈરાગ્યની જરૂર અંગે ભાર મૂકયો છે.

બીજા પાદમાં ઉપર બતાવેલા આઠ અંગોના ઉપાંગો વિશે સમજણ આપી છે અને પહેલાં પાંચ અંગોની સાધના, (બહિરંગી સાધન) ઉપર ખાસ ભાર મૂકયો છે.જે જીવન સાધના માટેના પ્રાથમિક અને જરૂરી પગથીયાં છે.

ત્રીજા પાદમાં છેલ્લા ત્રણ અંગોની સાધના (અંતરંગી સાધન) વિશે સમજ આપી છે.અને આવી સાધનાથી મળતી વિવિધ સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ કેવળ આવી સિદ્ધિ મેળવવા માટે જ સાધના કરવી એ તો ઉન્નતિ નહી પણ અધોગતિનો માર્ગ લેવા બરોબર છે.માટે એમ નહીં કરવાની ચેતવણી આપી છે. વળી એમ પણ કહયું છે કે કૈવલ્યની પ્રાપ્તિ માટે તો વિવેક અને સંયમ કેળવી સિદ્ધિની લાલચોથી દૂર રહેવું જ પડે છે.

ચોથા પાદમાં ચિત્તની સ્થિતિ બદલવાના પાંચ પ્રકારના રસ્તા અને તે દરેકમાંથી ઉત્પન્ન થતી ચિત્તની વિવિધ સ્થિતિનું વર્ણન છે. આ પાંચ પ્રકાર છે " જન્મજાત સંસકાર, અૌષધ, મન્ત્ર, તપ, અને સમાધિ"

**યોગ એટલે શું**

યુજ ધાતુ ઉપરથી બનેલ યોગનો સરળ અર્થ છે જોડવું કે મેળાપ કરવો.પરંતુ ગીતામાં કહયું છે કે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

"યોગઃકર્મસુ કૌશલં " અર્થાત કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એ યોગ છે. વળી પતંજલી એ કહ્યું છે કે " યોગ ચિત્ત વૃત્તિ નિરોધ" એટલે કે ચિત્તની વૃત્તિઓને રોકવી એ યોગ છે. તો આ બે વિધાનમાં સાચું કયું? આ બેઉ સાચા છે એટલું જ નહીં તેમાં કશો ફરક નથી. ગીતામાં વ્યાસમુનિએ કરેલું એમનું વિધાન જીવનના બધા જ ક્ષેત્રોને આવરી લે છે. જયારે પતંજલીએ એમનું વિધાન બુદ્ધત્વની આકાંક્ષા રાખતા મુમુક્ષુઓને ખાસ ધ્યાનમાં રાખી કર્યું હશે એમ કહીએતો ચાલે.આપણે જાણીએ છીએ જીવનમાં કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવી હોય તો મનની ભટકતી વૃત્તિઓને રોકયાં વગર મન એકાર્ગ કરવું અતિ કપરું કામ છે. હવે વધુ આગળ વધતાં પહેલાં ચિત્ત એટલે શું ?અને વૃત્તિ એટલે શું ? તે અંગે ચોખવટ કર લઇએ.

## ચિત્ત વૃત્તિ એટલે શું

ચિત્ત એટલે વાસનાની વખાર કે જેમાંથી જુદા જુદા વિચારોના વહેળા જુદી જુદી દિશામાં વહેતા રહે છે. અને વૃત્તિ એ શબ્દ "વૃત્ત" એટલે કે વર્તુળ ઉપરથી બન્યો છે. જયારે વાસનાનો કોઇ વહેળો ચક્રાકાર ગતિમાં આગળ વધે છે અર્થાત તેમાં વમળ ઉત્પન થાય છે ત્યારે કોઇ એક જ વિચાર મનમાં ઘુમરાયા કરે છે.જેમકે કોઇને રાત દિવસ ધનિક થવાનો વિચાર સતાવ્યા કરે છે તો વળી કોેઇને નેતા થવાની લગની લાગે છે. મનમાં ઘુમરાતા આવા વિચારો એટલે વૃત્તિ.અને નિરોધ એટલે રોકવું કે અટકાવવું. આમ મનમાં ઘુમરાતા કોઇ પણ વિચારને અટકાવવાની ક્રીયા એટલે ચિત્ત વૃત્તિ નિરોધ.

જો આપણેઆ વૃત્તિમાં વમળ થવાના કારણો, તેની શકિત અને તેને ખાળવામાં આવતા અંતરાયો વિશે જાણીએ તો જ તેને રોકવામાં સફળતા મળે. પતંજલીએ આ વમળ થવાના બે મૂખ્ય કારણો બતાવ્યાં છે. કેટલાક વમળ આપણા સામાજિક અને સંસારિક સંજોગોને લીધે થાયછે. જેને બહિરંગી કારણો કહયાં છે જયારે કેટલાકનું કારણ આપણા પૂર્વના અનુભવો અને સંસ્કારો છે તેને અંતરંગી કારણો કહયાં છે. આ આઠમાના પહેલા પાંચ "યમ, નિયમ, આસન, પ્રાણાયમ, અને પ્રત્યાહાર" બહિરંગ ગણાય છે અને છેલ્લા ત્રણ અંતરંગી ગણાય છે.જેને કેવળ સંસારિક જીવનમાં હળી મળીને સુખ શાંતિથી રહેવાની ઇચ્છા હોય તેને માટે પહેલા પાંચ પગથીયા ચઠવા એ પુરતું છે. પરંતુ બુદ્ધત્વની આકાંક્ષા વાળાઓ માટે છેલ્લા ત્રણ ખૂબ આવશ્યક છે.

હવે પતંજલીએ આઠે અંગોની વધુ સમજ આપતાં દરેક અંગોના ઉપાંગોનો નિર્દેશ કર્યો છે. એટલે કે દરેક પગથીયામાં કેટલી ઈંટો છે તે પણ બતાવ્યું છે.જે નીચે પ્રમાણે છે.

યમ"કે સંયમ"ના પાંચ ઉપાંગો - - "અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ"

નિયમના પાંચ ઉપાંગો - - - - "શૌચ, સંતોષ, તપ, સ્વાધયાય અને ઇશ્વર પ્રણિધાન"

આસન "તન અને મનની સ્થિરતા"

પ્રાણાયમ પ્રકાર - - - - - - " રેચક, પુરક અને કુંભક"

પ્રત્યાહાર એટલે વિરૂદ્ધ આહાર (એન્ટીદોટ) અથવા નિરોધ. આ અંગે આગળ વાંચતા સમજાશે.

ધારણા "નિશ્ચય,સંકલ્પ"

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ધ્યાન અને "એકાગ્રતા"

સમાધિ આ છેલ્લા ત્રણ પગથીયાં ને અંતે ચઢવો પડતો વિકટ ઢાળ છે.

આ પગથીયાનું પ્રયોજન શું?

આ જગતમાં હરેક માનવી સુખ અને શાંતિથી જીવન વીતાવવાની ઇચ્છા રાખતો હોય છે. છતાં દરેક વ્યકિતને પોતાના જીવનમાં શારીરિક, માનસિક અને પ્રાકૃતિક એટલે કે "આધિભૌતિક", "આધિઆત્મિક"અને "આધિદૈવિક"આ ત્રણ પ્રકારના દુઃખ વેઠવા જ પડે છે. આ ત્રિવિધ દુઃખો સદંતર રીતે કોઇ નીવારી શકતું નથી તેથી જ પતંજલીએ આઠ પગથીયાની સહાયથી તેમને હળવા કરવાનો ઉપાય બતાવવા યોગસૂત્રની રચના કરી છે એમ હું માનું છું. હવે પહેલા પાંચ અંગો આ ત્રીવિધ દુઃખો હળવા કરવામાં કેવી રીતે સહાય કરે છે તે જોઇએ.

**યમ અથવા સંયમ**

દરેક વ્યકિતના જીવનના બે પાસા હોય છે. એક સામાજિક અને બીજું વ્યકિતગત. આ અંગના પાંચ ઉપાંગો સામાજિક જીવનમાં આવતી ઉપાધીઓ અને તેમાંથી ઉદ્ભવતા દુઃખ ટાળવા માટે કામ આવે છે. આપણે સહુ જાણીએ છીએ કે હિંસા ,અસત્ય,ચોરી અને બદ્દાનત(બીજાની કોઇની વસ્તુ પચાવી પાડવાની વૃત્તિ)ને કારણે સમાજ સમાજ વચ્ચે,યાતો વ્યકિત વ્યકિત વચ્ચે કે સમાજ અને વ્યકિત વચ્ચે દ્વેશ ભાવ ઉત્પન્ન થયા વગર રહેતો નથી. અને આ દ્વેશ જ વિવિધ દુઃઈખોનું કારણ બને છે. આ સ્થિતિ ટાળવાનો રામબાણ ઇલાજ પતંજલી એ બતાવ્યો છે. અને તે એ કે જીવનમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ અપનાવવા. પરંતુ આમ કહેવું જેટલું સહેલું છે તેટલું જ કરવું દુષ્કર છે. જયાં સુધી આપણા મનમાં રહેલ હિંસા અસત્ય વગેરે વૃત્તિઓનું મૂળ કારણ ન સમજાય ત્યાં સુધી આવી વૃત્તિઓ દૂર કરી શકાય નહીં.

હિંસાનું મૂળ કારણ છે અસહિષ્ણુતા,અસંતોષ, ધર્માંધતા અને વેર વૃત્તિ,

દા.ત. ઇરાકનું યુદ્ધનું કારણ બુશની બાપનું વેર વાળવાની વૃત્તિ અને તાલીબાનની ધર્માંધતા.

અસત્યનું મૂળ કારણ છે ભય અને શંકા.

દા.ત. નાનું બાળક શિક્ષા થવાના ભયથી ઝુઠું બોલતા અચકાતું નથી.વળી સત્યનારાયણની કથાના વાણીયાને સાધુ ઉપર શંકા પડી એટલે જુઠું બોલ્યોને?

ચોર વૃત્તિ નું મૂળ કારણ છે આત્મ વિશ્વસનો અભાવ અને પ્રમાદ.

દા.ત. કોઇ વિદ્યાર્થી પ્રમાદને કારણે પુરતી તૈયારી વગર પરીક્ષા આપવા જાય તો પોતાની જાતમાં પુરતો વિશ્વાસ ન હોવાને કારણે ચોરી કરવા પ્રેરાય એવું બને.

પરિગ્રહનું મૂળ કારણ છે ભાવીનો ડર.

દા.ત.પરિગ્રહનો એક અર્થ છે સંગ્રહ વૃત્તિ કે લોભ વૃત્તિ. ઘડપણમાં કામ લાગે માટે જ આપણે સંપત્તિ એકઠી કરીએ છીએ ને?

જો મનમાંથી અસંતોષ,ધર્માંધતા,વેર,ભય,પ્રમાદ,શંકા વગેરે દૂષણો દૂર ન થાય તો સંયમના પાંચ ઉપાંગો કેવી રીતે સ્થિર થાય ?

બ્રહ્મચર્ય આ પગથીયા અંગે જરા વધારે વિચાર કરવો જરૂરી છે. સામાન્ય રીતે બ્રહ્મચર્યનો અર્થ જાતીય સંભોગથી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

દૂર રહેવું એવો કરવામાં આવે છે.પરંતુ સંસારી વ્યકિતઓ માટે દૂર રહેવાનો અર્થ સંભોગનો સંપૂર્ણ ત્યાગ નહીં પણ તેમાં સંયંમ અને વિવેક રાખવો એવો થાય છે. સંપૂર્ણ ત્યાગ કરવો એ તો કુદરતી નિયમની વિરૂદ્ધ જવાની વાત થઇ. સંકૃતનો એક

શ્લોક મને અહીં યાદ આવ્યો.

આહાર નિંદ્રા ભય મૈથુનમ્ સામાન્ય એતદ્ પશુભિઃનરાણામ્

ધર્મોહિ એકો અધિકો વિશીષ્ટો ધર્મેણ હિના પશુભિઈ સમાના.

અર્થાત આહાર, નિંદ્રા, ભય અને મૈથુનની પ્રક્રીયા દરેક પ્રાણિ માટે સામાન્ય છે. પરંતુ ધર્મની એ વિશીષ્ટતા છે કે તે કેવળ મનુષ્ય માટે જ છે. અન્ય સર્વ પ્રાણી કુદરતી નિયમોને આધારે જ જીવન વ્યતિત કરે છે. અહીં ધર્મનો અર્થ છે વિવેક બુદ્ધિ જે કેવળ મનુષ્યને જ ઉપલબ્ધ છે.એક બીજાની અનુમતિથી થતી નર નારીની સંવનન ક્રીયામાંતો અન્યોઅન્યના પ્રેમનો સ્વિકાર છે.તો તેનાથી સમાજને શું હાની થવાની હતી. બલ્કે જો મનમાં જન્મતી આ પ્રેમ વૃત્તિને પરાણે દાબી રાખવામાં આવે તો મનમાં વિકૃતિ જ પેદા થવાની જે એક યા બીજી રીતે દુઃખ ઊભું કર્યા વગર રહે નહીં.સાચા વૈરાગ્ય વગર સાધુ અને સ્વામિ બનેલ વ્યકિતઓના થતા ભવાડાથી આપણે બધા જ પરિચીત નથી શું?

દંપતિ કરે સંભોગ પ્રેમથી તો તેમાં નથી થતું કઇ પાપ

પણ હોય ભટકતું મન એકનું તો જરૂર ઉપજે સંતાપ

વળી આપણી વર્ણાશ્રમ પદ્ધતિ પ્રમાણે તો બ્રહ્મચર્યાશ્રમનું મહત્વ તો જીવનના પહેલા પચીસ વર્ષ પુરતું જ છે.તે પછીના પચીસ વર્ષ નું મહત્વ ગૃહસ્થાશ્રમને અપાયું છે.એટલે જ શ્રી.રામ,શ્રી.કૃષ્ણ અને ગૌતમ બુદ્ધ જેવા અવતારી પુરુશોએ અને ઘણા બધા ઋષિમુનીઓએ પણ ગૃહસ્થાશ્રમ સ્વિકારી લીધો કે નહીં? બ્રહ્મચર્યાશ્રમ એટલે વિદ્યાર્થી અવસ્થા કે જેમાં વદ્યાર્થીના ભરણ પોશણની જવાબદારી તેના કુટુંબ અને તેના સમાજની હોય છે. અને તેથી તેને કુટુંબના અને સમાજના નિતી નિયમોનું પાલન કરવું પડે છે.અને આમ કરતા તે આ નિતી નિયમોથી પુરો વાકેફ થાય છે અને કયા સંજોગોમાં કેમ વર્તવું તે શીખે છે. સાથે સાથે હુન્નર ઉદ્યોનું જ્ઞાન પણ મેળવતો રહે છે. મારી સમજ પ્રમાણે તો બ્રહ્મચર્યનો અર્થ છે બ્રહ્મમાં ચર્યા કરવી. જેમ આપણે દિનચર્યા કે તપશ્ચર્યા કરીયે છીએ તેમ જ જાણે અજાણે બ્રહ્મચર્યા પણ કરતાં જ રહીએ છીએ. બ્રહ્મના બે સ્વરુપ છે. એક છે અવ્યકત " પુરુશ" અને બીજું છે વ્યકત " સૃષ્ટિ." દિવસ રાત આપણે આ સૃષ્ટિમાં વિચરણ કરતાં રહીએ છીએ. દરેક વ્યકિતની પોતપોતાની અલગ સૃષ્ટિ હોય છે. કારણ દરેક વ્યકિતની આસપાસ શારીરિક,માનસિક,સામજિક અને નૈસર્ગિક એમ ચાર પ્રકારના આવરણો હંમેશા પરિભ્રમણ કરતાં રહે છે.પરિભ્રમણ કરતાં આ આવરણો એ જ તેનું પર્યાવરણ. પણ જે સમાજમાં તે રહે છે તે સમાજ અને તે સ્થળના વાતાવરણની અસર બધી જ વ્યકિત માટે સરખી હોય છે.અર્થાત તેનું સામાજીક અને નૈસર્ગિક પર્યાવરણ એક સરખું જ હોય છે.છતાં દરેકનું માનસિક પર્યાવરણ પોતાનું અંગત હોવાથી દરેક વ્યકિતનો પ્રતિભાવ જુદો જુદો હોયછે. આ પ્રતિભાવ હકારાત્મક અને સ્વિકારાત્મક બનાવી સૃષ્ટિના બધાંજ અંગો સાથે હળી મળીને રહેતા શીખવું એજ સાચું બ્રહ્મચર્ય અર્થાત આપણી દુનીયામાં રહેલ સર્વ પ્રાણી અને વનસ્પતી સૃષ્ટિનો વિચાર કરી સંયમ રાખી વિવેક બુદ્ધિથી રહેતા શીખવું એ છે સાચું બ્રહ્મચર્ય. જો આપણે બ્રહ્મચર્યનો આવો અર્થ કરી સંયમથી જીવન જીવીએ તો આપણા ત્રીવિધ સંતાપો હળવા થયા વગર રહે નહીં એમ હું માનું છું. આ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

થયું પહેલું પગથીયું. હવે બીજા પગથીયા વિશે પતંજલીએ શું કહ્યુંછે તે જોઇએ.

**નિયમ**

સંયમ વિશે આટલું સમજયા પછી પણ સંયમ ઉપર કાબુ રાખવા માટે નિયમ ન પાળીએ તો સંયમ જાળવો મુશ્કેલ થાય એવું બને ખરૂં.આ માટે પતંજલીએ નિયમના પાંચ ઉપાંગો બતાવ્યા છે.જે છે -
"શૌચ, સંતોષ, તપ, સ્વાધયાય અને ઇશ્વર પ્રણિધાન"

શૌચ, એટલે, માનસિક,શારીરિક,સમાજિક અને નૈસર્ગિક પર્યાવરણની સ્વચ્છતા.
આપણી માનસિક સ્વચ્છતા આપણા સંબંધો અને આપણા શિક્ષણ ઉપર નિર્ભર છે.એટલે જ જીવનમાં સતસંગ અને સારા શિક્ષણને મહત્વ અપાયું છે.આપણી શારીરિક સ્વચ્છતા આપણા આહાર અને ટેવો ઉપર આધાર રાખે છે. આપણી સામાજિક સ્વચ્છતા માટે આપણા કાયદા કાનૂના પાલનમાં સરકાર અને પ્રજા બન્ને શુદ્ધ રહે તે જરુરી છે.અને નૈૈસર્ગિક સ્વચ્છતા માટે આપણા જંગલો, નદી નાળાં,આપણા માર્ગો અને આપણા આંગણા સ્વચ્છ રાખવા અતી આવશ્યક છે.

સંતોષ, કહેવત છે ને કે સંતોષી નર સદા સુખી.મનનો અસંતોષ જ ચિત્તવૃત્તિને ચલીત કરે છે. સુખની સરળમાં સરળ વ્યખ્યા છે સુખ=સંતોષ/વાસના. જેમ જેમ સંતોષ વધે તેમ તેમ સુખ વધે અને જેમ જેમ વાસના વધે તેમ તેમ સુખ ઘટે.

તપ, એટલે અથાગ પ્રયત્ન.આપણું મન તો સદા ભટકતું હોય છે જો તેના ઉપર સતત જાપ્તો ન રાખીએ તો ધારેલા ધ્યેય ઉપર પહોચવું અશકય બને. આ સતત જાપ્તો રાખવાનીક્રિયા એટલે જ તપ

સ્વાધ્યાય, એટલે સ્વ+અધિ+આય સ્વ = પોતે ,અધિ = શ્રેષ્ઠ કે ઉત્તમ અને આય= ઉપાય. અર્થાત પોતાની જાતને ઉત્તમ બનાવવાનો ઉપાય કે જેનાથી આપણી પ્રગતિ થાય તે સ્વાધ્યાય કહેવાય. જેને માટે શ્રવણ,મનન અને નિદિધ્યાસ અર્થાત પ્રણિધાન ખુબ જરુરી છે.

ઇશ્વર પ્રણિધાન
આ શબ્દના વિવિધ અર્થ છે જેમકે ‘ગાઢ ચિંતન , મહાપ્રયત્ન, કર્મફળનો ત્યાગ' આ પ્રમાણે જોતાં પ્રણિધાન વગર સ્વાધ્યાયમાં સફળતા મળે જ નહીં. વળી આવું ચિંતન અને આવો પ્રયત્ન આપણે જીવીત હોઇએતો જ થઇ શકે. તો આ પ્રકારનું પ્રણિધાન આપણા જીવનના સંચાલક ઇશ્વર પ્રત્યે જ હોવું જોઇએ એ તો સીધી સાદી વાત છે.નિયમ વિશે આટલું કહયાં પછી નિયમ પાળવામાં કયા અંતરાયો આવે છે અને તેને ટાળવાનો શું ઉપાય છે તે બતાવ્યું છે.

**આસન**

પતંજલીની દ્રષ્ટિએ હાલ્યાચાલ્યા વગર લાંબો સમય તન અને મનને સ્થિર કરી બેસી રહેવાય તે યોગ્ય આસન કહેવાય.એમણે આ સૂત્રમાં આસન અંગે કેવળ બેસવાની રીતનો જ ઉલ્લેખ કર્યો છે.કારણ શરીરને સ્થિર કર્યા વગર પ્રાણાયમ કરવું અશકય છે. પરંતુ સ્થિર બેસી રહેવામાં અંતરાય થવાના બે મૂખ્ય કારણ છે. એક છે શારીરિક તણાવ અને બીજું છે માનસિક તણાવ. તો શરીરની સ્થિરતા માટે શું કરવું એ સમજાવતાં પતંજલી કહે છે કે આવા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

તણાવને શિથિલ કરવાનો પ્રયત્ન કરવો. એમણે તો કોઇ બીજા આસનોનો ઉલ્લેખ નથી કર્યો પણ જો આપણે સા.બુ.નો ઉપયોગ કરીએ તો એટલુંતો સમજાય કે આ માટે આપણે સ્વાથ્ય સાચવવાનો પ્રયત્ન કરવો જ રહયો. તનની બાહય સ્વસ્થતા માટે યોગના સરળ આસનો જેવાં કે પદ્માસન,સુખાસન,સર્વાંગાસન,કપાલભાતિ અને અનુલોમ-વિલોમ તથા ચાલવાની પ્રવૃત્તિ નિયમિત રીતે કરતાં રહીએ અને આંતરિક આરોગ્ય માટે સૌથી પ્રથમ આપણે શું અને કેટલું આરોગીએ છીએ અર્થાત કયો ખોરાક કેટલા પ્રમાણમાં અરોગ્ય છે તેનો ખ્યાલ રાખી વખતો વખત જરુરત પ્રમાણે જલ નેતી, કૂંજલક્રિયા વગેરે કરતા રહીએ તો આપણાં અંગ ઉપાંગો બરોબર કામ આપતા રહે.અહીં આરોગ્ય માટે જરૂરી આસનો અને આહારની માહિતી માટે સ્વામી અધ્યાત્માનંદનુ્ં પુસ્તક "યોગ અને આરોગ્ય - - પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય"વાંચી જવા આપ સહુને ભલામણ કરું તો અસ્થાને નહીં જ ગણાય."

**પ્રાણાયામ**

પ્રાણ+ આયામ એટલે નિયમન અર્થાત પ્રાણનું નિયમન કરવું એટલે પ્રાણાયામ. આ પહેલાના ત્રણ પગથીયાંમાં પતંજલિ મુનિએ આપણે આપણા સમાજિક,વ્યકિતગત અને શારીરિક જીવનને સુધારવા માટે શું કરવું જરૂરી છે તે બતાવ્યું. હવે આ પગથીયામાં મનને સ્થિર કરવાની રીત બતાવી છે. પ્રાણ એટલે જીવન શકિત કે જેની અભિવ્યકિત આપણી શ્વસન ક્રિયાથી થાય છે. તેથી જે વ્યકિતને આ જીવન શકિતનો ઊંડો અનુભવ કરવો હોય તેણે સહુથી પહેલા આ શ્વસન ક્રિયાનું નિયંત્રણ કરતાં શીખવું જરૂરી છે. આપણે સહુ જાણીએ છીએ કે આપણા તન અને મનની સ્થિતિ પ્રમાણે આપણી શ્વસન ક્રિયા બદલાતી રહે છે. મનમાં ઉપજતી કામ,ક્રોધ,ભય વગેરે લાગણીઓ અને શરીરમાં ઉપજતા દમ વગેરે રોગોની આપણા શ્વાસ ઉપર થતી અસરોથી કોણ અજાણ છે! જો તન અને મનની સ્થિતિથી શ્વાસની ગતિ બદલાતી હોય તો શ્વાસની ગતિથી તન અને મનની સ્થિતિ બદલાય કે નહી એ જાણવા પ્રાણાયામ કરીએ તો જ સમજાય ને?

પ્રાણાયામના પ્રકાર

આભ્યંતર કે પૂરક જેમાં શ્વાસ લીધા પછી અંદર રોકી શકાય ત્યાં સુધી રોકી રાખવો

બાહ્યાંતર કે રેચક જેમાં શ્વાસ છોડયા પછી બહાર રોકી શકાય ત્યાં સુધી રોકી રાખવો

સ્તંભક કે કુંભક જેમાં શ્વાસ લેવાનું કે છોડવાનો પ્રયત્ન છોડી દેવો.અર્થાત તે અંદર કે બહાર રોકી રાખવો. આમ કરવાથી જીવન શકિત કયા ચક્રમાં કેટલો સમય સ્થિર રહે છે તે જાણવા મળે છે. આ ક્રિયાઓથી મન શાંત થાય છે. અને શરીરના પંચ વાયુઓનું નિયમન થઇ શકે છે.પરંતુ પતંજલી ના કહેવા પ્રમાણે જયારે કોઇ સાધક પોતાની તીવ્ર સાધનાને કારણ કે પોતાની આધયાત્મિક શકિતને કારણ કોઇ પણ પ્રયત્ન કર્યા વગર જ કુંભક સ્થિતિ પ્રાપ્ત કરીલે તે પ્રાણાયામનો ચોથો પ્રકાર છે.આ પ્રકારની કુંભક સ્થિતિમાં સાધક ઘણો લાંબો સમય રહી શકે છે.આને જ સમાધિ અવસ્થા કહેવાય છે.જયારે કોઇ સાધક બાહ્ય

સૃષ્ટિના કોઇ પણ વિશય ઉપર પોતાનું ધ્યાન એકાગ્ર કરે છે ત્યારે તેને તે વિશયનું પુરું જ્ઞાન થાય છે, સિદ્ધિ મળે છે.પરંતુ જયાં સુધી તે અંતરમુખ થઇ ચિત્તની શુદ્ધિ ન કરે ત્યાં સુધી તેને સમાધિ સ્થિતિ પ્રાત્પ થતી નથી.

**પ્રત્યાહાર**

ચિત્તની શુદ્ધિ કરાવનો આવો પ્રયાસ એટલે જ "પ્રત્યાહાર."

**ધારણા**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ચિત્તની શુદ્ધિ કરી કોઇ ધ્યેય પ્રાપ્ત કરવાનો પાકો નિશ્ચય કે સંકલ્પ કરવો એનું નામ છે ધારણા.

**ધ્યાન**

એટલે મકકમ મનથી થતો પ્રયત્ન. અથવા કહો કે સાધના.પરંતુ જો આ સાધના બાહ્યવૃત્તિથી કરવામાં આવે તો સિદ્ધિ મળવાની શકયતા ખરી પણ સમાધિ તો અશકય જ જાણવી.

**સમાધિ**

સમ અટલે સમાન અને આધિ એટલે સ્થાન કે સ્થિતિ અર્થાત સમાધિ એટલે ચિત્ત અને ચૈતન્યની સ્થિતિ જયારે એક સરખી થઇ જાય તેને સમાધિ અવસ્થા કહેવાય. આવી સ્થિતિમાં જ સાધકનું અંતઃકરણ "અહં બ્રહ્માસ્મિ" નો ઉદ્ગાર કરી ઉઠે છે.સમાધિ અને સિદ્ધિઓનો મને કોઇ અનુભવ થયોનથી એટલે હું અહીં જ આ લેખની પૂર્ણાહુતિ કરું એ જ યોગ્ય ગણાય.

ઉપસંહાર

આ યોગસૂત્રમાં જીવનની સુખાકારી માટે શું કરવું તે અંગે ના ચાર રસ્તા બતવતાં કહયું છે કે
સમાજિક જીવનમાટે યમોનું અર્થાત સંયમનું પાલન કરો.
વ્યકિતગત જીવનમાટે નિયમાનું પાલન કરો.
સ્વાથ્ય માટે આસનોનું પાલન કરો.
અને મનની શાંતિ માટે પ્રાણાયામનું પાલન કરો.
પરંતુ જો મનમાં કોઇ પ્રકારની સિદ્ધિનો મોહ હોય તો ધારણા અને ધ્યાનનો આશ્રય લો. પણ એટલું યાદ રાખવું જરુરી છે કે આ પ્રમાણે મેળવેલી સિદ્ધિ સમાધિના રસ્તે જવામાં સહાય નહીં પણ અંતરાય રૂપ જ નીવડશે.

મિત્રો,
મારા આ લખાણ અંગે આપ સહુને યથાયોગ્ય ટીકા કરવા મારી ખાસ વિનંતી છે. આમ કરશો તો ફાયદોતો મને જ થશે.

ઇતિ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મૌન ની લવારી – 'મનુજ' હ્યુસ્તોનવી



સમજવા કરું હાડમારી હવે તો.
સમજમાં ન આવે અમારી હવે તો.
હતું એ જ તાળું અને એ જ ચાવી,
ન ખોલી શક્યો આલમારી હવે તો.
ઘટાઓ વરસતી રહી આંધળી,પણ-
જુઓ નાવડીની ખુમારી હવે તો.
બતાવું કરી કેમ કોઈ પરાક્રમ,
નથી આ મગજમાં બિમારી હવે તો.
કરુ છું હું કોશીશ તજવા, હવામાં-
મહલ બાંધવાની ગમારી હવે તો.
જમાનો બતાવે જુઓ ખેલ ન્યારો,
સિંહારૂઢ ખરની સવારી હવે તો.
ઘસાઈ રઇસના પગ ગોઠણ આવ્યા,
ફરે વાહનોમાં ભિખારી હવે તો.
અગર મૌનને જાણવું છે 'મનુજ',તો-
કરો બંધ પળપળ લવારી હવે તો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## સાચાં માનવ - અંબુભાઇ દેસાઇ "શાંતામ્બુ"



સાચાં માનવ તેને રે કહીયે, જે ખ્યાલ બીજાંનો કરતાં રે,
મ્હારું ત્હારું જરી ન કરતાં, જરુરત પુરવા મથતાં રે...સાચાં

સમાનતા સૌમાં જે દાખે, ભેદભાવ ના કરતાં રે,
વિચાર, વાણી વર્તનમાં હે , એક સરીખાં રહેતાં રે..સાચાં

ઊંચ નીચનાં ખ્યાલ તજી દઇ, ભેદ ભાવ ના કરતાં રે
જનમ મળ્યો છે તો જીવવુ સાથે નિર્ણય તેવો કરતાં રે.. સાચાં

ઉદારતા ડગલેને પગલે સંસારે જે રાખે રે
સંપર્કે આવે તે સહુનો, પ્રેમ સદાએ ચાખે રે.. સાચાં

ઉદ્યમ દ્રષ્ટિ ને કરુણા વૃષ્ટિ, મૈત્રી-ભાવ વધારે રે
અવરોધો ત્યાં કમ થઇ જાયે, આનંદ-વૃધ્ધિ થાયે રે.. સાચાં

સંતાપો સહુ ઘટતા જાયે, સંતોષ વધે ખુબ મનમાં રે
દુ:ખનું ત્યાં નામ નહીંને, સુખની છન્નમ-છન્નારે.. સાચાં

અંબુભાઇ દેસાઇ "શાંતામ્બુ" એલ.ડી, આર્ટસ કોલેજ નાં છ માસિક અંકમાં 2 ઓક્ટોબર 1946માં મુખપૃષ્ઠ પર પ્રસિધ્ધ થયેલ રચના આમ તો વૈષ્ણવ જન તો તેને રે કહિયે ના ઢાળ ઉપર લખાયેલી છે. ઘણી વખત જીવનમાં આ સત્યો સાથે જીવવુ અસંભવ લાગે પરંતુ મુ. અંબુકાકા આજે પણ આ સત્યોને વળગેલા રહી ૩૫ સભ્યોનાં મોટા કુટુંબનાં મોભી થઇ કળયુગમાં પણ સતયુગી સંયુક્ત કુટુંબ જીવન અમેરીકામાં જીવી રહ્યાં છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ક્યાંથી હોય? - રસેશ દલાલ

વસ્ત્રો થઈ ગયા ટુંકા, લાજ ક્યાંથી હોય?
અનાજ થઈ ગયા હાઈબ્રીડ, સ્વાદ ક્યાંથી હોય?
નેતા થયા ખુરશીના, દેશ દાઝ ક્યાંથી હોય?
ફૂલો થયા પ્લાસ્ટીકનાં, સુગંધ ક્યાંથી હોય?
ચહેરા થયા મેકઅપનાં, રૂપ ક્યાંથી હોય?
શિક્ષકો થયા ટ્યુશનીયાં, વિદ્યા ક્યાંથી હોય?
ભોજન થયા ડાલડાનાં, તાકાત ક્યાંથી હોય?
પ્રોગ્રામ થયા કેબલનાં, સંસ્કાર ક્યાંથી હોય?
માણસ થઈ ગયો પૈસાનો, દયા ક્યાંથી હોય?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# દાદીમા - વિશ્વદીપ બારડ



મારો ઉછેર મારા દાદીમાના લાડકોડમાં થયો છે. બેબી ફૂડ અને ડાઈપરથી માંડી પાપા પગલી..અને સ્કુલના પહેલા ધોરણ સુધીની જવાબદારી દાદીમાએ ઉપાડેલી. મારી મમ્મી અને ડેડી બન્ને જોબ કરે, સવારે છ વાગે નીકળી સાંજે વાગે આવે. કોઈ વાર ટ્રાફીકમાં જામ થઈ જાય તો સાંજે સાત વાગે પણ આવે, દાદીમા મારી સંભાળ સાથે બધા માટે રસોઈ પણ કરી રાખે,ઘરની સફાઈ પણ તેજ કરે. હું કદી બેબી-સીટીંગમાં ગયો નથી.
દાદીમાનો હું એટલો હેવાયો હતો કે રાત્રે એ સુંવાડે તો જ મને ઉંઘ આવે! કડકડતી ઠંડી, અને સ્નો પડતો હોય પણ હું જીદ કરું એટલે બિચારા દાદીમા જાડું જેકેટ પહેરાવી મને ફ્ન્ટ-યાર્ડમાં લઈ જાય મને સ્નો-મેન બનાવવામાં હેલ્પ કરે!'બેટા, મને હવે ઠંડી લાગે છે,ચાલને ઘરમં હું તને લૉલીપપ આપીશ" એ લાલચે મને ઘરમાં લાવતાં ..યાદ છે. હું એમના રૂમમાંજ સુતો. નાની, નાની વાર્તા કહી મને સુંવડાવતાં, માથે વ્હાલભર્યો હાથ અને ગાલે ચુંબન!

દાદીમા અહીંના અમેરીકન સિટિઝન હતા,મારી સાથે ઘણીવાર ભાગ્યું-ટુટ્યું ઈગ્લીશ પણ બોલતાં,"નૉટી બૉય". મને યાદ છે કે એમને સોસીયલ-સિક્યોરીટીમાંથી છસ્સો ડૉલર આવતાં તે પણ ડેડ લઈ લેતાં..માત્ર ત્રીસ ડૉલર મહિને રોકડા દાદીમાને આપતાં એમાંથી મને ઘણીવાર કેન્ડી, આઈસ્ક્રીમ અને રમકડા અપાવતાં અને મંદીરે જતાં ત્યારે અગિયાર ડોલર આરતીમાં મૂકતાં. દાદીમા બહુંજ આનંદી સ્વભાવના હતાં. મેં ભાગ્યેજ એમને અપસેટ થતાં જોયા છે! મારી ૧૫ વર્ષની ઉંમરે હશે ,દાદીમાને સ્ટ્રોક આવ્યો,એક બાજુંનું અંગ નકામું થઈ ગયું, "એની સારવાર કોણ કરે! હવે શું કરીશું,જોબ કરતાં કરતાં એમની સારવાર કેમ કરી શકાય?" આ દરેક પ્રશ્નો મમ્મી-ડેડીને મુંઝવવા લાગ્યાં,અમેરિકન સરકાર અપંગ થયેલા ઘરડાને રાખવા એક નર્સ આપેછે અથવા ચારસો ડોલર મહિને કેર(સંભાળ) કરવાં આપે એ માહિતી મળતા, મમ્મી -ડેડી ખુશ થયા, હાશ! આપણી મુંઝવણ મટી.."આપણે પેલા ચંપામાસી છે ને એમને બાની કેર કરવા રાખી લઈ એ અને મહિને ૨૫૦ ડોલર આપીશું તો ચાલશે. બાકીના ભવિષ્યમાં બાને કંઈ થાય તે સમયે કામ આવે!" દાદીમાની તબિયત બગડતી ગઈ. ધીરે ધીરે એમની યાદ શક્તિ પણ જતી રહી. ઘણીવાર મને પૂછે? ભાઈ તારું નામ શું?મમ્મી-ડેડીની ચિંતા વધી ગઈ."હવે તો એમને નર્સીંગ-

હોમમાં જ મૂકવા પડશે! બા ને બાથરૂમનું પણ ભાન નથી રહેતું, કશું યાદ નથી રહેતું, આપણે તો મુશ્કેલીનો પાર નહીં? આવી ઉપાધી કરતાં નર્સિંગ-હોમમાં સારા! ત્યાં ચોવીસ કલાક નર્સ હોય અને સરકાર એમનો પુરેપુરો ખર્ચ પણ આપે છે, આપણે કશી ચિંતા નહી કરવાની!" મમ્મી-ડેડીએ દાદીમાને નર્સિંગ-હોમમાં મૂકી દીધા!

હું અવાર-નવાર દાદીમાને મળવા જતો, એમની પાસે બેસતો.મને ઓળખી નહોતા શકતાં પણ વારં વારે હસતાં. ખુશ મિજાજમાં રહેતાં. "મને કદી પણ હવે ઓળખી નહી શકે?" હું કહેતો "દાદીમાં હું મનીષ છું, મને ઓળખ્યો?" એ માત્ર હસતાં. મમ્મી-ડેડીતો મહિનામાં એકાદ વખત મુલાકાત લેતાં..યાદ છે, એ સાંજે દાદીમાને મળી એમના રૂમમાંથી બહાર નીકળતો હતો. "મનીષ-બેટા, આવજે." "દાદીમા! કહી પાછો ફર્યો, શું દાદીમાની યાદદાસ્ત પાછી આવી? મારા કાન સુધી આવેલા દાદીમાના શબ્દો.."મનીષ-બેટા, આવજે." મને સાંભળવા મળ્યાં.શું કોઈ ચમત્કાર થયો? મારા પ્રત્યેનો એમનો નિષ્કામ પ્રેમ? એતો ફરી પાછા ઘસઘસાટ સુઈ ગયા. હું ઘેર પાછો ફયો. એજ રાત્રે ૧૧ વાગે નર્સિંગ-હોમમાંથી ફોન આવ્યો. "Your mother is no more"(તમારા માતૃશ્રીનું દેહાંત થયું). આજ પણ મારા હ્રદયમાં એ છેલ્લા વ્હાલભર્યા દાદીમાના શબ્દો."મનીષ-બેટા, આવજે." ગુંજ્યા કરે છે. ચમત્કારી વાતો સાંભળી છે ..યાદદાસ્ત ગુમાવી બેઠેલા દાદીમા. છેલ્લી ઘડીએ મારું નામ કેમ યાદ આવી ગયું હશે! Is it miracle? (શું એ ચમત્કાર હશે?)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ધરતી નો છોરું - શૈલા મુન્શા




હાંરે હું તો ધરતી નો છોરું હું તો ધરતી નો છોરું
હોય સમજ નાસમજ તોય હું તો ધરતી નો છોરું
ઉડતા પતંગિયા ની સાથ મારે ઉડવું છે ડાળ ડાળ,
પામવો છે પ્રેમરસ થઇને ગુલાબ લાલ લાલ.
સરતી માછલીઓ સંગ મારે સરવું સર સર,
જાણે દરિયો લહેરાતો આંખોમાં રંગરંગ.
અક્ષરના અંકોડા ભિડાય મારી આસપાસ
તોડવાને સાંકળ નજરું ધુમાવું હું ચોપાસ
શુન્ય મા ભાસતો સૂરજ ચીતરે રંગો અવનવા મુજ હૈયે
શાને બની કઠોર સંખ્યા મા અટવાવો મુજને
હૈયું મારું ઝંખે બની નીલપરી વિહરૂં વન ઉપવને
શીદને કાપો પાંખો મારી નિતી નિયમો કેરી તલવારે
હું તો ધરતી નો છોરું હું તો ધરતી નો છોરું
હોય સમજ નાસમજ તોય હું તો ધરતી નો છોરું.
("તારે જમીન પર" જોયા પછી રચાયેલી કવિતા)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# એજ લક્ષ્ય.. - વિજય શાહ



પ્રભુ દરસની પ્યાસ વધી
પ્રભુમાં સમાવાની આશ વધી
દયા કર હે કૃપાળુ પરમાત્મા
મુક્તિ તણી ઉત્તમ આશ વધી

સમજાયુ નિરર્થકપણું સંસારનું
વેરા આંતરાનું ગણિત સંસારનું
ખાલી હાથનું આવાગમન બધું
ફક્ત સહાય તારી જ ખરે સાચી

આયુષ્ય મળ્યુ તો તેને માણવું
રીત તો છે તે સાવ જ ખોટી
જે પ્રભુએ ત્યાગ્યુ તે પરનો મોહ
વિપરીત બુધ્ધી ભવાટવી જોગ

મારું મારું જ્યાં કર્યુ તે તો ગયું
જાગ્યાત્યારે સમજાયું તે શમણું
ક્ષણનો પણ હો ના પ્રમાદ હવે
ભવાટવીની મુક્તિ એજ લક્ષ્ય

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નથી માર્યા તાળા - ધીરૂ શાહ



ફુલો એ નથી માર્યા તાળા;
તેમની સુગંધ પર,
નદીઓ એ નથી માર્યા તાળા;
તેમના નીર ઉપર,
વૃક્ષોએ નથી માર્યા તાળા;
તેમની છાયા પર,
સૂરજે નથી માર્યા તાળા;
તેનાં કિરણો પર,
ચંદ્રે નથી માર્યા તાળા;
તેની શીતળતા પર,
મેઘે નથી માર્યા તાળા;
તેના વરસવા પર,
પવને નથી માર્યા તાળા;
તેના વહેવા પર,
ધરતી એ નથી માર્યા તાળા;
તેની ઉદારતા પર,
માતાએ નથી માર્યા તાળા;
તેની મમતા પર,
તો પછી આપણે
શા માટે મારવાં તાળાં
આપણી ધન દોલત પર,
આપણા જ્ઞાન પર,
આપણી આવડત પર

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# બા,બાપુજી કે બાપા - પ્રદીપ બ્રહ્મભટ્ટ

બા એટલે બાળકના જન્મદાતા,પોષક અને રક્ષક.
બા એટલે મનુષ્ય શરીરના દાતા અને પ્રણેતા.
બા એટલે સંતાનના જીવનનો પાયો.
બા વગર સંસાર,જીવન કે અસ્તિત્વ શક્ય નથી.
બાપુજી એટલે બાની પુંજી.
બાપુજી શબ્દનુ સન્માન બાના અસ્તિત્વથી જ મળે છે.
બાપુજી જીવના અવતરણનું માધ્યમ છે.
બાપુજી જ્યાં સુધી બાની પુંજી તરીકે અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી એ માનને પાત્ર છે.
બાપા એટલે બા નો ચોથો ભાગ (પા ભાગ)
બાપા એ જ્યાં સુધી બાનું અસ્તિત્વ છે ત્યાં સુધી પચીસ ટકા જેટલો જ હક્ક ધરાવે છે.
બાપાનું જ્યાં સુધી બા છે ત્યાં સુધી માન છે.
અને અંતે
બા વગર બાપાની કોઇ કિંમત નથી કે કોઇ માન નથી.
જગતના પ્રાણી માત્રમાં બા એ ત્રણ ભાગ છે જ્યારે બાપા એ ચોથો ભાગ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ભાભો ભારમાં તો વહુ લાજમાં - વિજય શાહ



અર્ચના જયારે પરણી ને સાસરે આવી ત્યારે તેના વિચારો અને આદર્શો ખુબજ ઉંચા હતા. તે માનતી કે અવિનાશના માતા પિતા એ મારા માતાપિતાજ છે. એમની સંવા કરી એમની આંતરડી ઠારવી છે. એનાથી બાળકોને સંસ્કાર પણ પડે છે. તેથી જ નવી નવી જયારે ઘરમાં આવી ત્યારે બા તમે રહેવા દો. હું કરી નાખીશ. બાપુજી ઉઠો, ચા થઈ ગઈ. બા તમે મંદિર અને ધર્મ સંભાળો. ઘરમાં હવે હું બેઠી છું ને. બાપુજી બજારનું કામ હું કરી નાંખીશ તમે નિરાંતે નિવૃત્તિ માણો. જેવી કેટલીય મધમીઠી વાતો એની જીભ ઉપરથી નીતરતી રહેતી. અવિનાશ કયારેક કહેતો પણ ખરો - આ શું એમનાથી થાય તેટલું કામ કરવા દે -થોડુંક શરીર ચેતનવંતુ રહે તો તબિયત સારી રહે પણ અર્ચના કહેતી - “મા બાપને આપણે છોકરા - વહું હોઈએ એથી તો રાહત હોવી જોઈએ, ભાર રુપ નહીં.”

અવિનાશ કહેતો - “તારી વાત ખરી છે પણ પછી આ આદત બનશે તો તને જ ભારે પડશે - એટલુ ધ્યાન રાખજે”. અર્ચના નો પ્રત્યુત્તર સાંભળવા જેવો હતો. “એમ તો કઈ થાય અને થાય તો પ્રેમથી સમજાવીશું. એટલે વાંધો નહી આવે !”

અવિનાશ મન માં ખુશ થતો પણ છતાં પોતાની ફરજ બંને પક્ષે છે. તે સમજાવવા બોલ્યો. “જો અર્ચના કોઈ પણ વસ્તુ નો અતિરેક સારો નહીં. વહેવારુ બનીને રહીશ તો ઘરમાં અને આપણાં દાંપત્યમાં બંનેમાં શાંતિ રહેશે.”

સમય વહેતો ચાલ્યો. બધુ તૈયાર ભાણે મળતું ચાલ્યું. પણ બધા દિવસો કંઈ સરખા થોડા જાય... માતૃત્વ ધારણ કર્યા પછી અર્ચના ધીમે ધીમે સાસુ સસરા તથા અવિનાશ તરફ હાથમાં આપતી ચીજો ઘટાડતી ગઈ. ખરુ પુછો તો એ પહોંચીજ વળતી ન હોતીં. કારણ કે નાની સરલી પણ. કયારેક દૂધ - કયારેક સ્નાન. કયારેક ગંદા કપડા કયારેક ભુખ જેવા કારણોમાં તેનો સમય માંગતી અને માણસનું શરીર કંઇ મશીન તો નથી જ... તેથી પેલી પડેલી આદતોમાં વિઘ્નો આવતા ગયા.

એક દિવસ અર્ચનાએ બાને કહ્યું પણ ખરુ - “બા આ સરલી ને તમે સાચવો. મારાથી થોડુંક ઘરનું કામ થાય પણ સવારના પહોરમાં નાહ્યા પછી દેવપુજા કર્યા વિના સરલી ને અડાય.. નાહી ન હોય. ઝાડો પેશાબ કરે... ફરીથી નહાવું ન પડે... સવારે તાપમાં તપતા બાપુજી ને એક વખત શાકભાજી લાવી આપવા નું કહ્યું. તો એક નાનકડો પ્રત્યાઘાત. “અર્ચના મને નહી ફાવે નો મળ્યો.”

અવિનાશ તેનાં બીઝનેશ અને ટુરમાંથી નવરો થાય નહીં. અને જયારે તે હોય ત્યારે તો તેને કંઇ તકલીફ જ નહીં. પરંતુ બીજી પ્રસૃત્તિ વખતે અર્ચના બહુ જ ભાગી પડી. એ જે લાગણીઓ ધરાવતી હતી તેવી જ લાગણીઓ તેને પરત મળશે તેવી એની અપેક્ષામાં તે વખતે ખોટી પડી. હોસ્પીટલ માં ટીફીન લાવતી વખતે બા એ સરલી બહું વિતાડે છે ની વાતો કરી. સુંઠ ઘી બદામના ભાવોમાં વધારાની વાત બાપુજી એ હસતા હસતા કહી ત્યારે અવિનાશે કહ્યું - “હશે ગમે તેટલો વધારો થાય પણ લાવ્યા વિના ચાલવાનું નથી” - અર્ચના એ જ ના પાડી દીધી. નાં કંઈ જરુર નથી. પહેલી પ્રસૃત્તિ વખતે માને ઘેર જે લાગણી અને હુંફથી એનાં શરીરની માવજત થતી હતી તેનો દસમો ભાગ પણ એને અવિનાશના કુટુંબમાં થતો ન દેખાયો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

અવિનાશ ને ત્યાર પછી અર્ચનાની બદલાતી વર્તણુંકો વિશે એનાં બા બાપુજી એ જયારે વાત કરી ત્યારે એ સ્તબ્ધ બની ગયો. અર્ચના અમને કામ કરવાનું કહે છે. ના કરીયે તો ના ચાલે અમને તો એની બીક લાગે છે. તે દિવસે જયારે આ બાબત ચર્ચાતી હતી ત્યારે અર્ચના છંછેડાઈ ને બોલી "બાપુજી - હું તો સારી હતી - પણ મારી સારપને યોગ્ય થવા જેટલી સારપ તમે ન દાખવી - મેં વિનયથી અને પ્રેમથી તમને સમજાવ્યા પણ ખરા - પરંતુ મને નહી ફાવે - કહીને તમે ભારમાં ના રહ્યા. હવે - આવી પરિસ્થિતિ માં જયારે મારી તબિયત સારી નથી. મારા સંતાનો પણ મને એમનું ધ્યાન રાખુ તેમ ઈચ્છાતા હોય. ત્યારે મારી પાસેથી પહેલા જે હું કરતી હતી તે કર્યા કરુ તેમ ઇચ્છો તે કેવી રીતે શક્ય બને ?"

અવિનાશ મનમાં વિચારતો હતો. જે અતિરેક પણું અર્ચનાએ કર્યું. તેજ અતિરેક પણું બા બાપુજી એ કર્યું છે. હવે બંને વહેવારીક બને તે શું જરુરી નથી ?

અવિનાશ નું મૌન સમજતા હોય તેમ બા બોલ્યા - તારી વાત સાચી છે. અર્ચના... ભાભો ભારમાં તો વહુ લાજમાં......

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સુવિચારોના મોતી – સંકલન ઇન્ટરનેટ દેવિકા ધ્રુવ



- સંતોષ કુદરતી દોલત છે, જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે. - સોક્રેટીસ
- પ્રાર્થના આત્માનો ખોરાક છે. - ગાંધીજી
- ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગતિ વિશેષ શીતળ હોય છે. - કવિ કાલિદાસ
- તમારો ચહેરો સૂર્યપ્રકાશ તરફ રાખશો તો તમને પડછાયો નહીં દેખાય. - સુરેશ દલાલ
- પ્રેમ તો હવાની જેમ હોવો જોઇએ.એ આસપાસ અનુભવાય એ પૂરતું છે. - રજનીશજી
- જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનો સંગમ. - સ્વેટ મોર્ડન
- તમારા જીવનમાં વરસ ઉમેરવાની વાત મોટી નથી,પણ વરસોમાં જીવન ઉમેરવાની વાત મોટી છે. - એલેક્સીલ કેરલ
- મૈત્રીનું એક ઉપનિષદ હોય છે. એમાં સચ્ચાઇથી ઓછું કશું ન ખપે. આત્મિયતાનો આવિષ્કાર હવાની જેમ અનુભવાય. - સુરેશ દલાલ
- કવિતા ગહન હ્રદય-ગમ્ય સત્યનો આલાપ છે. - શ્રી અરવિંદ
- કવિતા દ્વારા કવિ સત્યને સત્ય વડે તેનું સુંદરતમ સ્વરૂપ ઝડપે છે. - ગેટે
- પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે. - જયશંકર પ્રસાદ
- પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે. - થોરો
- ઇશ્વર એટલે એવું એક વર્તુળ,જેનું કેન્દ્ર સર્વત્ર હોય છે,પણ જેનો પરીઘ ક્યાંય હોતો નથી. - સેંટ ઓગસ્ટાઇન
- ક્ષણમાં જીવે એ માનવી,ક્ષણને જીવાડે એ કવિ. - મિલ્ટન
- ભાવનાથી રંગાયેલી બુદ્ધિ એ જ કાવ્ય છે. - પ્રો.વિલ્સન
- શબ્દ કવિને અમર બનાવે છે,જ્યારે કવિ શબ્દને ભાગ્યવાન બનાવે છે. - રામનરેશ ત્રિપાઠી
- પ્રેમના બે લક્ષણો છે : પહેલું બાહ્ય જગતને ભૂલી જવું, અને બીજું ,પોતાના અસ્તિત્વ સુદ્ધાંને ભૂલી જવું. - રામકૃષ્ણ પરમહંસ
- ટીકા પાળેલા કબૂતર જેવી છે. પાળેલા કબૂતર પોતાના માલિકના ઘેર જ પાછા ફરે છે. - ડેલ કારનેગી
- સજા આપવાનો અધિકાર માત્ર તેને જ છે,જે પ્રેમ કરે છે. - ટાગોર
- વ્યક્તિ-સાધનાની ફલસિદ્ધિ સૌથી પ્રથમ વ્યક્તિને જ મળે છે. - ફાધર વાલેસ
- પૃથ્વીમાં ગમે ત્યાં ખોદો ને ! બધે જ ઝવેરાત્ ભરી છે. શરત માત્ર એટલી કે ખોદતી વખતે તમારામાં શ્રધ્ધા ખેડૂતની હોવી જોઇએ. - ખલીલ જીબ્રાન

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

- આપણને જે ગમે તે કરવા કરતાં જે કરીએ તે ગમાડવું તે વધુ મોટી સિદ્ધિ છે. - બ્લેક
- મનુષ્ય સર્વત્ર મુક્તાવસ્થામાં જન્મે છે અને બંધનાવસ્થામાં મૃત્યુ પામે છે. - રૂસો
- ઘાસ પૃથ્વી પર સહચાર શોધે છે.વૃક્ષો આકાશમાં એકાંતની શોધ આદરે છે. - ટાગોર
- એકાંત એ માણસને પોતાને પામવાની ગુફા છે.ત્યાં ખુદ સાથે અને ખુદા સાથેનો સંબંધ છે. - સુરેશ દલાલ
- સ્વીકૃતી એ પૃથ્વીની પ્રકૃતિ છે,કશાયનો નકાર નહીં.નર્યો સ્વીકાર. - સુરેશ દલાલ-
- ચિત્રકાર એટલે વેચાઇ શકે તેવી વસ્તુઓ ચીતરનારો, જ્યારે કલાકાર એટલે તે જે ચીતરે તે વેચાઇ જાય. - પિકાસો
- માનવમાત્ર માટે પ્રેમ રાખવો એ કલાકાર બનવા માટેની પહેલી શરત છે. - ટોલ્સ્ટોય
- કલાકાર પ્રકૃતિનો પ્રેમી છે,એટલે તે એનો દાસ પણ છે અને સ્વામી પણ. - રવિન્દ્રનાથ ટાગોર
- રૂદન એ માનવીની પ્રથમ અભિવ્યક્તિ છે.રૂદનમાંથી જ આપણે પ્રેરણા પામીએ છીએ.
- સૂક્ષ્મ દોષોને બાળવા માટે માનસિક તાપની જરૂર પડે છે.
- પેલાં રસિક બાજીગરની રમતના,માનવી તો સોગઠાં છે.
- શબ્દ અને સ્વરવિહોણી આંખોની પણ એક ભાષા હોય છે.મંત્રદ્રષ્ટિનો જ એક વિશેષ પ્રકાર છે.
- મહાનમાં મહાન સદગુણ આ છે: દિલ શિશુનું હોવું અને દિલને દૂનિયા ન હોવી.
- એકલી સેવા કરવામાં શૂષ્કતા છે; સ્નેહ અને સેવાનુ સંયોજન કરવામાં જ જીવનનું સત્ય અને સૌંદર્ય સમાયેલું છે.
- હ્દયનો આવેગ જ્યારે અત્યંત પ્રબળ બને છે ત્યારે માનવી ગદ્ય છોડીને પદ્ય પકડે છે.
- હાસ્ય એ ઇશ્વરની નજીક જવાનું સ્વર્ગીય ઝરણું છે.
- જીવનનો મધુરતમ આનંદ અને કટુતમ વેદના પ્રેમ જ છે.
- જીવનની નિરાશા ઇચ્છાઓની અતૃપ્તિઓમાંથી જ જન્મે છે.
- લગ્નજીવનની સફળતાનું રહસ્ય : મૈત્રી,વિશ્વાસ અને સમર્પણ.
- જેનો પુરુષાર્થ જીવતો પડ્યો છે તેનું ભાગ્ય કદી યે મરતું નથી.
- કંકુમાં પણી પડે છે ત્યારે પાણી પોતાનો રંગ વ્યક્ત કરવાનો આગ્રહ રાખતું નથી.એ પાણી મટીને કંકુ બની જાય છે.પ્રેમનું સાચું સ્વરુપ એ છે અને તર્પણ પણ એ જ હોઇ શકે.
- નાનકડાં તાળામાં સમગ્ર મકાનને રક્ષણ કરવાની તાકાત છે.જગતને જીતી લેનારું મન પણ નાનકડું જ છે ને ?
- દુ:ખ એ પાપનુ ફળ છે એમ કોણે કહ્યુ ?ધર્મનું ફળ પણ દુ:ખ હોય છે.કેટલાંયે ધર્માત્મા જેવા પુરુષોનું જીવન દુ:ખ માં પસાર થાય છે.ધર્મનું ફળ સુખ જ હોય છે એવો કોઇ નિયમ નથી.ધર્મનું ફળ ધર્મ જ છે.....
- સાહિત્ય,સંગીત અને કલા વિનાનો માનવી,પૂંછડા અને શિંગડા વિનાનો સાક્ષાત પશુ જ છે.
- કુદરતનો વાંક કાઢવો સહેલો છે.કારણ કે કુદરત સામો જવાબ ક્યાંથી આપી શકવાની છે ?
- મૃત્યુ એ વાસ્તવમાં મૃત્યુ નથી હોતુ,એ તો જીવન પછીના જીવનની વચ્ચેનો માત્ર એક પડદો હોય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

- વિધાતા આપણાં જીવનની છબી ઝાંખી રેખાઓ વડે ચીતરે છે.તેમનો હેતુ એવો હોય છે કે આપણે પોતાને હાથે તેમાં જરા જરા ફેરફાર કરી,મનપસંદ બનાવી લઇ તેને સ્પષ્ટ આકાર આપીએ.
- કિંમત ચૂકવ્યાંવિના રત્ન પ્રાપ્ત થાય એ પધ્ધતિએ સત્યનો વ્યાપાર નથી ચાલતો.
- ગઝલ એ વિરહની દર્દમય ખુમારીને લલકારવા મટે ઘણું અનુકૂળ વાહન છે.
- મૃત્યુ એ વાસ્તવમાં મૃત્યુ નથી હોતુ,એ તો જીવન પછીના જીવનની વચ્ચેનો માત્ર એક પડદો હોય છે.
- પ્રેમની સફળતાનો આધાર શુધ્ધતા અને પવિત્રતા પર રહેલો છે.
- જગત અને માનવ જીવન પ્રત્યે જોવાની ચિત્તની કોઇ અનોખી વૃતિ, કોઇ છટકણા સૌંદર્યને પકડવાની સ્ફૂર્તિ એનું જ નામ પ્રેરણા.
- બુદ્ધિના ગુમાનમાં બીજાને હલકાં ધારી પોતાને બુદ્ધિમાન કહેવડાવવા કરતાં, બીજાને સારા ધારી પોતે અબુધ રહેવામાં પણ એકંદરે બુદ્ધિની કિંમત વધે છે. મંદિરોમાં પ્રગટાવેલા અસંખ્ય દિવડાઓ કરતાં પણ અંતરના ઉંડાણમાં પ્રગ્ટાવેલો શ્રધ્ધાદીપ આત્માને વધુ પ્રકાશ આપનારો નીવડશે.
- સમાધિમાં બેસીને ઇશ્વરનો સાક્ષાત્કાર કરનાર કરતાં વ્યવહાર જગતમાં રહીને દરેક પળે ઇશ્વરનો સાક્ષાત્કાર કરનાર મહાન છે.
- પવિત્રતાનો દંભી અંચળો ઓઢીને મહાત્મા બનનાર કરતા નિખાલસપણે કલંકનો કાળો કામળો ઓઢી લેનાર પાપી વધારે સારો છે.
- નબળી દલીલ કરતાં મૌન વિશેષ વજનદાર છે.
- ધરતીકંપ કરતાં માનવ-માનવ વચ્ચેનો ધિક્કારકંપ વધુ ભયંકર હોનારત સર્જે છે.
- પ્રત્યેક નીરોગી કરતાં પ્રત્યેક રોગી સ્નેહ અને મમતાનો વધુ ભુખ્યો હોય છે.
- આજની યુનિવર્સિટીનો સ્નાતક બનીને બહાર નિકળતો વિદ્યાર્થી જીવન-પ્રવેશ માટેનો પાસપોર્ટ મેળવે છે,પરંતુ જીવન પ્રવાસ માટેનોવિસા પામે છે ખરો ?
- આભને આધાર નથી છતાં એ ઉંચું છે,કારણ કે એ જેટલું ઉંચું છે તેટલું જ ચારે તરફ ઝુકેલું છે.
- ખારાશમાં પણ મીઠાશ છે,નહિ તો ખારા એવા મીઠાનું નામ "મીઠું" ન પડ્યું હોત.
- દોરી વિનાનુ ખેંચાણ તેનું નામ પ્રેમ.
- જેને પ્રસિધ્ધિની ગુલામીનો મોહ છે તે કદી યે સિધ્ધિનો સ્વામી બની શક્તો નથી.
- જીવનની લપસણી ભૂમિકા પર પ્રલોભનની મેનકા જ્યારે પ્રવેશ પામે છે ત્યારે સંયમનુ પદ્માસન બહુ ઓછા વિશ્વામિત્રો ટકાવી શકે છે.
- કનૈયાના અધરે સ્થાન પામવા માટે વાંસળી ને કેટલી વાર વિંધાવુ પડ્યુ હશે ?
- જીવનની નિરાશા ઇચ્છાઓની અતૃપ્તિમાંથી જન્મે છે.
- ખરબચડો પથ્થર શિલ્પીના તીણા ટાંકણાના પ્રહારમાંથી પસાર થયા પછી જ ઇશ્વરની મૂર્તિમાં પરિણમે છે.
- ધ્વંસમૂર્તિને કલ્યાણમૂર્તિ તરીકે ઘડવાનો ભાર શિલ્પી પર હોય છે.પરંતુ શિલ્પીના નિષ્ઠુર ટાંકણાના આઘાત માટે મૂર્તિને તૈયાર રહેવું પડશે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# દસકામાં વિભાજન - સરયુ પરીખ



ચિત્રઃ દિલીપ પરીખ

અવિરત આ જીવનમાં દસકાનુ દર્પણ
પ્રતિબિંબ અલગ કર્મ ક્ષેત્રને સમર્પણ

શીશુકાળ પ્રેમાંગણ હસી ખીલ્યા ચાતુર
બીજા દાયકામાં ચિત્ત ઉત્સુક મન આતુર

ત્રીજા દસકામાં જીવન પૂર્ણ કળા ખીલ્યુ
ચોથામાં ફૂલ મધુ ફળ બની વિલસ્યુ

પંચમ દસકામાં અનુભવથી ગંભીર
સેવા સમર્પણ ધ્યાન અંતર મંદિર

છઠ્ઠા દસકામાં પૌત્ર પૌત્રીની સંભાળ
અદભૂત આ આજ ગુંથે કાલની ઘટમાળ

ગયા દાયકાઓ, પ્રતિબિંબને નીહાળું
પળની કોઇ પરિમલમાં મનને ઝબોળું

એક એક કર્મને મેં પૂર્ણતાથી મ્હાણ્યુ
શાંતિ સંતોષ સહજ એ જ મહેનતાણુ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# દિવાળી - ચીમન પટેલ "ચમન"




કંઈ દિવાળીઓ આવીને ગઈ !
સાપ ગયા ને લિસોટા રહ્યા ભઈ.
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

સાફ કરે સહું પોતાના ઘર દિવો પ્રગટાવે અંધકાર પર
સારા કપડાં પહેરીને સૌ ફરે બને વાનગીઓ સારી ઘરે ઘરે.

દિલની સાફસુફી કરવાની રહી,કંઈ દિવાળીઓ આવીને ગઈ!

પૂજન કરી મેળવવું છે સુખ દેવ દર્શનથી દૂર કરવું દુઃખ
મંદિરમાં જઈ પ્રદિક્ષણા ફરે ભાથુ ભાવીનું આ રીતે ભરે.

કૃપા પ્રભુની હજુ નથી રે થઈ,કંઈ દિવાળીઓ આવીને ગઈ!

સાફ કરે સૌ અંદરના ઘરરાખે અમિદ્રષ્ટિ સૌની પર
પ્રેમ પૂજન કરી મેળવે સુખ દૂર કરે જે દુઃખીઓનું દુઃખ

શાંતિ ઘરની સૌની લુંટાઈ રહી,કંઈ દિવાળીઓ આવીને ગઈ!

કે'વા જોઈએ 'ચમન' ને સાચું ભલે લાગે કોઈને કડવું ને ખાટું
હરિફાઈ ચાલી છે મંદિરોમાં જયાં વાનગીઓ અનેક અન્નાકૂટમાં ત્યાં

ભગવાન ભાવનાનો ભૂખ્યો ભઈ, કંઈ દિવાળીઓ આવીને ગઈ!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુરૂ પૂર્ણિમા - પ્રવિણા કડકીયા



ॐ गुरुदेव जय गुरुदेव
गुरु हमारे मन मंदिरमे गुरु हमारे प्यार
सारे विश्वका वो है दाता नारायण भगवान

ॐ गुरुदेव जय गुरुदेव
गुरु हमारे तन मन सब है गुरु हमारे प्राण
ज्ञान भक्तिका वो है दाता नारायण भगवान

ॐ गुरुदेव गय गुरुदेव
गुरु हमारे धन-दौलत है गुरु हमारे प्यार
सारे विश्व को ज्ञान प्रदाता नारायण भगवान

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નહીં કાયરનું કામ જોને- ડૉ. કમલેશ લુલ્લા



Photo courtsy: NASA

ગુજરાતની ૫૦મી વર્ષગાંઠ! સ્વર્ણીમ ઉજવણી નો બધા જ ગુજરાતીઓને હ્રદય પૂર્વક અભિનંદન! જય જય ગરવી ગુજરાત. મા ગુજરાતને સ્નેહ વંદન!

ગુજરાત મારા રોમ રોમ માં વસે છે.અમેરિકા મારી કર્મભૂમિ છે. ભારત તો મારી માતૃભૂમિ છે અને ગુજરાત મારી જન્મભૂમિ છે. આ ભૂમિનો વાસ મારાં જીવનમાં વિવિધ રૂપોમાં દરરોજ જોવા મળશે. ગુજરાતે મને શું નથી આપ્યું? નાસામાં મારા કાર્ય મેજ ઉપર ગુર્જર કવિ પ્રીતમની કવિતા "હરિનો મારગ છે શુરાનો નહીં કાયરનું કામ જોને" ફ્રેમ માં હોય છે. આ કવિ એ મને નાનપણમાં શીખવ્યું કે "કાયર થવું નહીં!" આજ કવિ એ મને કહ્યું "તીરે ઉભા તમાશો જોવો નહીં" અને આજ કવિ એ બતાવ્યું કે "માહી પડ્યા તે મહાસુખ માણે." આ ગુજરાતનો વારસો મારા જીવનમાં મેં ઉતારવાનો સતત પ્રયત્ન કર્યો છે!

મારા કાર્યકારી જીવનમાં પ્રીતમની કવિતાની ઊંડી અસર છે. એક ભારતીયને પણ નાસામાં મુખ્ય વૈજ્ઞાનિક થવું કોઇ કાયરનું કામ નથી. આ માતૃભૂમિ ગુજરાતની ભેટ છે. ગુજરાતી મહામાનવ મોહનદાસ ગાંધી એ માનવતાનાં પાઠ ભણાવ્યા. ગુજરાતનાં લોહ પૂરુષ સરદાર પટેલે એકતા અને સંગઠનની શિખામણ આપી. વિક્રમ સારાભાઈએ આંખોમાં અંતરિક્ષ યાત્રાનાં સ્વપ્ના આપ્યાં. આ બધા મહાન ગુજરાતીઓની અસર મારા જીવનમાં છે. ગુજરાતે મને ઘણું આપ્યું છે. ગુજરાત મારામાં જીવંત છે. એ દૂર નથી. તે મારામાં વસે છે.

### નહીં કાયરનું કામ જોને

ગુજરાતની યુવા પેઢી માથે ગુજરાતનાં ઘડતરની જવાબદારી છે. ગુજરાતી યુવકમાં કંઇ કમી નથી! ગુજરાતી યુવક આજે ગુજરાતને વિશ્વમાં ચમકતો તારો બનાવી શકે છે. તે માટે વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ કરવાની તાકાત આપણે બતાવીયે છિયે. એ ગર્વની વાત છે પણ જ્ઞાન વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રે પણ આગળ આવવાની હાકલ છે. આજ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

કાલની વૈશ્વિક જ્ઞાન વસાહતમાં જ્ઞાન વિજ્ઞાન વિના આર્થિક પ્રગતિ ટકી શકે તેમ નથી. ગુજરાતી યુવક કેવળ ધંધા વ્યાપારમાં જ આગળ આવી શકે તે ચીલા ચાલુ માન્યતા નકામી છે. વૈશ્વિક ગુજરાતી વસાહતો એ સિધ્ધ કર્યું છે કે ગુજરાતી યુવાન ધારે તે મેળવી શકે છે.

ગુજરાતી યુવાન સર્વશક્તિમાન છે. તે કોઇ પણ પ્રકારના પડકારથી બીતો નથી. ગુજરાતને વૈશ્વિક જ્ઞાન અર્થ કરણમાં લાવવા માટે જે પણ પ્રયત્ન થઈ રહ્યાં છે તેમાં પણ ગુજરાતી યુવક એક મહત્વ પૂર્ણ ભાગ ભજવશે. આ ગુજરાતનાં વિકાસનું કામ પણ "નહીં કાયરનું કામ જોને!" મને ગુજરાતી યુવાપેઢી પર સંપૂર્ણ ભરોંસો છે કે તેઓ તેમની જવાબદારી સક્ષમ રીતે બજાવશે..

સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની :

ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ થશે ! પણ આ ગુર્જર ભૂમિનો મહિમા તો ખૂબ જ પ્રાચીન છે.

ગુજરાત શાંતિ અને સમૃદ્ધિનું ચમકતું ચિહ્ન બનવા તરફ વધી રહ્યું છે ત્યારે તે ભારતને જ નહીં સમગ્ર વિશ્વને તે દિશામાં દોરશે. જેમ મહાત્મા ગાંધીજીની સત્યાગ્રહની વાતો વિશ્વ માટે માર્ગદર્શક બની હતી તેમજ જે ગુજરાતમાં પહેલા થશે અને વિશ્વ તે માર્ગે ચાલશે. મને જરાય શંકા નથી કે ગુજરાત ની ગાથા સ્વર્ણ અક્ષરે જ લખાશે! હું ગુજરાતમાં જન્મ્યો એટલે હું કહી શકું

**તારો બની ગગનમાં તરતો રહીશહું!**
**ભોમથી બ્રહ્માંડમાં વિસ્તરતો રહીશહું!**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સીતા વનમા શા માટે ગઈ? - પ્રવિણા કડકીયા



આ બનેલી ઘટના છે. શબ્દભાર અતિશયોક્તિનો નથી. ૨૦૦૩ની સાલ હતી . મિત્ર મંડળી જામેલી હતી. વાતમાંથી વાત નિકળતા એક ભાઈને તુકો સુઝ્યો. કહે કે મારા વિચારમા 'સીતા' વનમા ગઈ કારણ તેને "ત્રણ" સાસુઓ હતી. સીતાને થયું કે ત્રણ ત્રણ સાસુઓ સાથે રહેવું તેના કરતાં તો 'વનવાસ અને વલ્કલ સારા મારા તો કાન સરવા થઈ ગયા. જગજાહેર હતું કે તેમના પત્નીએ સાસુમાને અડધી રાતે ઘરમાંથી કાઢી મૂક્યા હતા ને"બિચારા" ભાઈ કાંઈ કરી શક્યા ન હતા. આ મંડળી સાહિત્ય રસિક હતી. મેં એ પડકાર ઉપાડી લીધો અને જાહેર કર્યું કે આવતા મહિનાની બેઠકમા હું આ વાતનો જવાબ આપીશ. તો હવે મારી વાત સાંભળો. હું જ્યારે આવેશમા આવી જાંઉ છું ત્યારે હિંદી સરી પડે છે.

कैकेयी के बहकावे में आकर जब राजा दशरथ बोले "रामको वनवास चौदह सालके लिए और भरतको गादी अयोध्याकी". पछतावेकी पवित्र गंगामें नहाकर कैकेयी पावन हुई. मगर तीर कमानसे निकल चूका था. होनी अनहोनी नही होने वाली थी. अब मेरीभी बात सुनिये.

सास क्या मा नही होती है?
जिसने जनम दिया उसने घरसे बिदा किया.
जान ना पहचान प्यारसे गले लगा लिया.
सास को बहुकी क्या पहचान थी. बेटे ने कहा और वो मान गई.
ये कभी मत भुलना "सास" अपने प्यारसेभी प्यारे पति की 'मा' है.

सती सिता के लिए बदनामी वाली बात कर रहेथे वो भाई के मुंह पे 'गोदरेज'का ताला लग गया.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અનુભૂતિ- વર્ષા શાહ



ઘણા વખતથી જવાની એ રાહ જોતા હતાં
'જો મેં આ બધાંને કહી રાખ્યું છે.
પણ તનેય કહું-
સોનાની બે બંગડી અને તુલસી માળા તારાં
હું જઉ પછી તારે લઇ જવાનાં

ગયા વર્ષે ઉનાળો પડતાં પહેલાં
દેશમાં હું તેમને મળવા ગઇ 'તી
તુલસી માળા વિનાનું ખાલી તેમનુ ગળું
ન ગમ્યું, તે પરાણે પાછી પહેરાવીને આવી
અલી, પણ એને હું જઉ પછી તુ લઇ જજે,
ધૃવપંક્તિની અધીરાઇ હતી એમના અવાજમાં
અણજાણી અકળામણ માં હું ગણગણતી રહી
ક્યાં પહેરવાની આને, હું અમેરીકામાં?

મારું મન સાંભળી એમના હોઠ ફફડેલા-
તુ પહેરે ના પહેરે તારી ઇચ્છાની વાત
મેં સ્નેહવિવેક્થી હકાર અને નકારમાં માથું ધુણાવેલું
પરમ દિવસે તે ગયાં

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

તેમની મોકલાવેલી ડાબલી આજે ખોલું છું
છીન છીન થયેલ હાથ રૂમાલમાં બાંધેલી
ઝવેરચંદ જરીવાલાનાં સોનેરી અક્ષરો નીચેથી ઉપસતી
કિશોરી જેવા તેમના કાંડાની હસ્તી
મારા હાથમાં ઝાલું છું

ચોકડી અને ટપકાંની ભાતમાં કોતરેલી દિશાઓ,
ભરચક ભરેલા તારા અને કેટ કેટલા દસકાનાં સૂરજો
કંડારાયેલા છે એ સોનાનાં કાંડામાં!

ઉતાવળી ઉતારેલી માળામાં તેમનાં વાળનાં ત્રણ તાર
હજુયે ભરાયેલ છે, હું તે આંખે અડકાડું છું
તેમના હાથની સુંવાળી કરચલીઓને પંપાળું છું

સંબંધની આ કઇ જાળ છે એ નથી સમજાતું. એમ જ,
અનુભૂતિનાં આંસુનું એક નવુ મોતી આજ એમા પરોવું છું

*****

ડલાસ (અમેરીકા) ખાતે "ગુર્જરી" કવિતા સ્પર્ધામાં પ્રથમ સ્થાન પામેલ આ કાવ્ય સાસુમા-વહુદિકરીનાં નિર્મળ પ્રેમની અનુભૂતીની વાત મનમાં સોંસરુ ઉતારી જાય તેવુ કાવ્ય છે. આ અનુભવ સત્ય ઘટના છે જ તે કહેવાની જરુર નથી છતા જે આ પરિસ્થિતિમાંથી પસાર થયુ હશે તેમને તો ભાવ વિભોર બનાવી દેવાને સક્ષમ કવિયત્રી અંગ્રેજીમાં પણ ઘણા મોટા ગજાની નામનાને વરેલાં છે. ગુજરાતી સહિત્ય સરિતાનાં સભ્ય હોવાને નાતે તેમનો અંગત પરિચય છે અને તેમની પાસેથી ગુજરાતીમાં ઘણું સર્જન મળશે તેવી શ્રધ્ધા અને અપેક્ષા છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પ્રભુ ની યાદ આવે છે - મહંમદ પરમાર 'સૂફી'

મને હર વાતમાં જાણે પ્રભુની યાદ આવે છે
ગણાવું શું શું કે જેમાં પ્રભુની યાદ આવે છે

મને આકાશ જોઈને, જોઈને તારલાનું ઝુંડ
સમજ પડતી નથી તો પણ્ પ્રભુની યાદ આવે છે

ફૂલોમાં રંગ અને ખુશ્બુ ભરેછે કોણ શી રીતે
નજર પડતાં ફૂલો ઉપર પ્રભુની યાદ આવે છે

મધુરાં સ્મિત બાળકનાં અને જીજ્ઞાશા ચંચળતા
બધી નિર્દોષ હરકતમાં પ્રભુની યાદ આવે છે

આ પ્રુથ્વિને વધુ સુંદર આ ચંદરમા બનાવે છે
મને આ ચાંદની જોઈ પ્રભુની યાદ આવે છે

વગાડે વાંસળી કોઈ તો મન ડોલી ઉઠે મારું
સુરોંની મિઠી લહેરોમાં પ્રભુની યાદ આવે છે

અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ કે ધરતીકંપ કે દાવાનળ
બધી બરબાદી જોઈ ને પ્રભુની યાદ આવે છે

'સૂફી'ને રંજ છે પાપો કર્યાં તેનો ઘણો દિલમાં
કરી લેવા હવે તોબા પ્રભુની યાદ આવે છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ક્ષમા - ધીરૂ શાહ

"ક્ષમા વીરસ્ય ભુષણમ્!"
ક્ષમા એ વીર પુરુષોનુ આભુષણ છે
મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે
ભૂલ કરવી એ મનુષ્યનો સ્વભાવ છે
અને એ ભુલને ક્ષમા કરવી,
માફી આપવી એ મનુષ્યનો ધર્મ છે
ક્ષમા માંગવાથી અને ક્ષમા આપવાથી
વેરભાવ ઘટે છે અને પ્રેમભાવ વધે છે
અર્થાત તંદુરસ્તી માટેનું એ
એક પ્રબળ પરિબળ બને છે
જે બીજાને માફ કરે છે
તે પોતાને પણ માફ કરે છે
અને ઈશ્વર પણ તેને માફ કરે છે
જે બીજાને માફ  કરતો નથી
તેને ઇશ્વર પણ માફ નથી કરતો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# બાગબાન કા બસેરા - ચીમન પટેલ "ચમન"

દીકરાની વાતને ચંદ્રકાન્ત આ વખતે ટાળી ન શક્યો !

દીકરાએ પણ કેવી વાત કરીઃ "ડેડી, હું જાણું છું કે તમે સ્વાવલંબી જીવન જીવવા માગો છો, પણ મારી બાના મૃત્યુ પછી તમે એકલા પડી ગયા છો. જ્યારે હું આ જ શહેરમાં ઘર લઈને રહેતો હોઉ તો તમને આ સ્થિતિમાં એપાર્ટમેન્ટમાં એકલા રહેવા કેમ દેવાય! તમે અમારા ભાવિ માટે હિંમત કરી અમેરિકા આવ્યા. અમને સારું શિક્ષણ આપ્યું. અભ્યાસના વર્ષોમાં રજાઓમાં અમને નોકરી પણ ન કરવા દીધી કે જેથી અમે અભ્યાસમાં પાછા ન પડી જઈએ. અમારી નાની-મોટી માગણીઓને તમે પૂરી પાડી. આજે એ ઋણ અદા કરવાની અમને તક મળી છે ત્યારે એ અમે કેમ જતી કરીએ!"

ચંદ્રકાન્ત એકલો એકલો ડ્રૉઈંગરૂમમાં એના એકના એક દીકરા અશ્લેષના એ શબ્દોને યાદ કરતો આંટા મારતો હતો.

દરેક ભારતીય મા-બાપ અંદરથી ઈચ્છતાં હોય છે કે એમના દીકરાઓ ભણીગણી એમના જ શહેરમાં નોકરી મેળવી સ્થાયી થાય. ચંદ્રકાન્તની પણ એવી જ ઈચ્છા હતી અને એ ફળી પણ હતી.

ચંદ્રકાન્ત ભૂતકાળને યાદ કરી કરીને વિચાર્યે જતો હતો.

દીકરાના લગ્ન થયાને એકાદ વર્ષ થયું હશે કે એણે સામે ચડીને દીકરા અને પુત્રવધૂને વાત કરેલીઃ "આજે મારે તમને એક વ્યવહારિક વાત કરવી છે. દીકરો પરણીને મા-બાપ સાથે રહે એ કોને ન ગમે? સાથે સાથે, મા-બાપ સાથે કેટલું રહેવું એ પણ આજના જમાનામાં વિચારવા જેવું છે. અમે અમારા મા-બાપની સાથે ઘણાં વર્ષો ભેગાં રહ્યાં છીએ. એમાંથી અમને ઘણા કડવા મીઠા અનુભવો પ્રાપ્ત થયા છે તમે બંને અમારી સાથે રહીને કડવા અનુભવોથી કરમાઈ જાવ તે પહેલાં મારે તમને સજાગ કરવા છે. તારી બા અને અંકિની વચ્ચે અત્યારે તો સુંદર મેળ છે. બંને સારી રીતે હસે બોલે છે. પણ, વાસણ ઘરમાં હોય તો કોક દી' ખખડવાના! સમાજમાં જેમ બનતું આવ્યું છે તેમ ઘરની સ્ત્રીઓમાં કડવાશ પેદા થવાની જ છે. મારી ઈચ્છા છે કે એ કડવાશ આ ઘરમાં પ્રવેશે એ પહેલાં પાણી પહેલાં પાળ કેમ ન બાંધવી!

તમે બંને સારું કમાવ પણ છો. અત્યારે તમારે હરવા-ફરવાની ઉંમર છે. એકબીજાની વધારે નજીક જઈ અન્યોન્ય પૂરક બનવાનું છે. તમે બંને પાછા એમ ન માની લેતા કે હું તમને આ ઘરમાંથી કાઢવા તૈયાર થયો છું. સંયુકત કુટુંબમાં રહીને મેં જે ગુમાવ્યું છે તે તમે ન ગુમાવો એ જોવાની મારી ફરજ થાય છે. અત્યારે અમારી આર્થિક અને શારીરિક સ્થિતિ સારી છે એટલે અમે બંને એકલાં પણ રહી શકીશું. અમારાથી અલગ રહેવાથી તમને જવાબદારીનું ભાન વહેલું આવશે. બચત કરવાની તક વહેલી પ્રાપ્ત થશે. અલગ રહેવાથી આપણી વચ્ચેનો સબંધ અને પ્રેમ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

વધારે મજબૂત બનશે. લાંબા સમય સુધી ભેગા રહેવાથી મોડું વહેલું મનદુઃખ થવાનું જ છે. મન અને મોતીમાં એક વાર તિરાડ પડે પછી એને સાંધવી અઘરી છે. મને એ પણ ખબર છે કે તમે સામે ચાલીને જુદાં રહેવાની માગણી કરવાના નથી! એટલે જ આજે હું સામે ચાલીને આ વાત મૂકું છું. તમારી ઈચ્છા હોય એટલું અમારી સાથે તમે રહો. જે પળે તમને જુદાં થવાની ઈચ્છા થાય કે અમને

જણાવતાં અચકાશો નહિ. તમે આ બાબતમાં વિચાર કરી મને મૌખિક કે કાગળ પર ટપકાવીને જણાવશો તો મને ગમશે."

પુત્ર કરતાં પુત્રવધૂને ચંદ્રકાન્તની આ વાત જલદી ગળે ઊતરી ગઈ!

પત્ની પડખે હતી ત્યાં સુધી ચંદ્રકાન્તને એની રિટાયર્ડ જિંદગી એકલવાયી ન લાગી. પત્નીના અણધાર્યા અવસાન પછી એને આ એકલવાયી જિંદગી ઘણીવાર ગૂંગળાવી જતી હતી. એટલે જ દીકરાની વાત એને ગળે ઊતરી અને સ્વીકારી પણ લીધી.

એક દિવસ સાંજના બધાં ભેગાં મળી ટી.વી. જોતાં હતાં ત્યારે ચંદ્રકાન્તે ધીરેથી દીકરા આગળ વાત મૂકી : "અશ્લેષ, મારે એક સારામાંના વૉકિંગ શૂઝ લાવવા છે." રવિવારના છાપામાંથી કાપી રાખેલી જાહેરખબરની કાપલી દીકરાના હાથમાં મૂકતાં એમણે ઉમેર્યું "મારે તો આ 'નાઈકી' ના એરવાળા લાવવા છે!"

જાહેર ખબરની કાપલી સામે જોતાં જ અશ્લેષ ચમકીને બોલ્યો "ડેડી, આ તો ૧૧૦ ડૉલરના શૂઝ છે !! આટલા મોંઘા શૂઝ ને તે પણ ચાલવા માટે?"

"મોંઘા તો છે." સંમત થતાં ચંદ્રકાન્ત બોલ્યો. "પણ, ક્વૉલિટીવાળા શૂઝ આવે છે. ચાલવામાં સારા પડે છે. હવે મારી ઉંમર થઈ એટલે સારા શૂઝ હોય તો પગને ઈજા થવાના ચાન્સ પણ ઓછા."

"ચાલવા માટે સારા શૂઝ હોવા જોઈએ એ વાત સાથે હું સંમત થાઉ છું, પણ એ માટે 'નાઈકી'ના ઍરવાળા જ જોઈએ એ કંઈ જરૂરી છે?"

પોતાના પૉકેટમાંથી પૈસા કાઢવાના આવે ત્યારે સૌને સસ્તી ચીજો તરફનો મોહ જાગતાં વાર નથી લાગતી!

"તને યાદ છે, દીકરા?" ચંદ્રકાન્ત બોલ્યો. "આ 'નાઈકી'ના ઍરવાળા શૂઝ જ્યારે પહેલી વાર નીકળેલા ત્યારે એ લેવા તેં કેવી જીદ કરેલી. એ વખતે મેં તને આટલા મોંઘા ભાવના શૂઝ શું કરવા છે તેમ મેં પણ તને પૂછેલું. તારું મોં પડેલું જોઈ તારી બાએ મારી સાથે ઝગડો કરીને તને ‘નાઈકી'ના શૂઝ અપાવેલા. યાદ આવે છે તને ?"

"ઓ.કે." અશ્લેષ ઢીલો પડતાં બોલ્યો. "કાલે જઈશું એ શૂઝ લેવા, ઓ.કે. !"

અશ્લેષ પરાણે સંમત થતો હતો એ ચંદ્રકાન્તને સમજતાં વાર ન લાગી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

બીજા દિવસે અશ્વ્લેષે 'કે-માર્ટ 'ના પાર્કિંગમાં ગાડી વાળી ત્યારે ચંદ્રકાન્તથી બોલ્યા વગર ન રહેવાયું "તારે 'કે-માર્ટ 'માં કંઈ લેવાનું છે?"

"ના." અશ્લેષ બોલ્યો. "આ તો તમારા શૂઝ જો અહિ સસ્તામાં હોય તો જોઈ લઈએ. "

"કે-માર્ટ 'માં શોપિંગ કરતાં તને હવે શરમ નથી આવતી? " ચંદ્રકાન્તે સીધો જ સવાલ કર્યો.

"ડેડી, 'કે-માર્ટ ' હવે પહેલાના જેવો નથી રહ્યો. એમણે ઘણા બધા સુધારા કર્યા છે. 'નેઈમ' બ્રાન્ડ વસ્તુઓ રાખતા થઈ ગયા છે. એટલે તો એમણે નામ બદલીને 'બિગ કે-માર્ટ' રાખ્યું છે."

ચંદ્રકાન્તને થયું કે એના સવાલથી દીકરાને સમજાયું નથી કે એ શું કહેવા માગતો હતો. એટલે એણે જ સ્પષ્ટતા કરવી પડી. "તમે નાના હતા ત્યારે મારી સાથે 'કે-માર્ટ'માં શોપિંગ કરવા આવતાં તમને શરમ આવતી. અમે અમારું શોપિંગ પતાવીને આવીએ ત્યાં સુધી તમે ગાડીમાં જ બેસી રહેતા એ તને યાદ આવે છે?"

અશ્લેષ કંઈ બોલ્યો નહિ. ચંદ્રકાન્તે વાતને આગળ વધારતાં કહ્યું "તું માને કે ન માને પણ હવે મને 'કે-માર્ટ 'માં જતાં શરમ આવે છે. એટલા માટે કે મારી ઉંમરના કોઈ મને અહિ જોઈ જાય તો એ લોકો મનોમન વિચારવાના કે મેં રિટાયર્ડ થઈ કમાતા દીકરા અને પુત્રવધૂની સાથે રહીને'કે-માર્ટ 'માં શોપિંગ કરવાનું છોડયું નથી !"

"તો પછી તમારે કયા સ્ટોરમાંથી શૂઝ ખરીદવા છે ?" ઊંચા અવાજે અશ્લેષે પૂછયું.

પોતાના પગ તળે પાણીનો રેલો આવે એ કોઈને ગમતું નથી અને પાણી પહેલાં પાળ કોઈ ને બાંધવી નથી.

"તારા શૂઝ ખરીદવા તું અમને 'ઓશમાન'માં કાયમ ઘસડી જતો હતો એ તો યાદ હશે તને?" ચંદ્રકાન્તે કઠોર થઈને કહ્યું. "મારે પણ એ જ સ્ટોરમાંથી શૂઝ ખરીદવા છે; સ્પોર્ટસનો સ્ટોર છે ને એટલે !"

મૂંગા મૂંગા અશ્લેષે ગાડી એ તરફ મારી મૂકી.

થોડા અઠવાડિયા પછી ચંદ્રકાન્તે એક ટી.વી. ખરીદવાની વાત દીકરા આગળ મૂકી: "તમે બંને તમારા પ્રોગ્રામો આ ટી.વી. પર જુઓ છો ત્યારે હું પરાણે તમારી સાથે ટી.વી. જોઉં છું. જો મારી રૂમમાં એક અલગ ટી. વી. હોય તો હું મારા પ્રોગ્રામો એકલો એકલો જોઈ શકું અને તમે લોકો તમારા પ્રોગ્રામો આ ટી.વી. પર જોઈ શકો. "

"કયો ટી.વી. ખરીદવો છે, ડેડી? " અશ્લેષે પૂછયું.

"સોનીનો. તને ખૂબ ગમે છે ને ? સાથે સાથે ઉમેર્યુ "ભેગા ભેગા એક 'વીસીઆર' પણ ખરીદવો છે કે જેથી હું મારી રૂમમાં બેઠો બેઠો મહાભારત જેવી કેસેટો લાવી જોઈ શકું. "

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

એકાદ મહિનામાં ચંદ્રકાન્તની રૂમમાં નવો ટી.વી. અને 'વીસીઆર' બાપ દિકરા વચ્ચે કોઈ પણ ચર્ચા કર્યા વિના આવી ગયા.

એક દિવસ ચંદ્રકાન્તની ગાડી બગડી ને રસ્તામાં જ અટકી ગઈ. અશ્લેષે આવીને એને 'ટો' કરાવી. ઘરમાં પગ મૂકતાં જ ચંદ્રકાન્તે દીકરાને મનની વાત કરી. "બેટા, મારી ગાડી હવે ખૂબ જૂની થઈ ગઈ છે. તું જો અપાવે તો એક નવી ગાડી ચલાવવાની મારી ઈચ્છા છે. તમને ભણાવવામાં મેં આજ સુધી જૂની ગાડીઓ જ ચલાવી છે. તારી બાની પણ ખૂબ ઈચ્છા હતી કે હું એને નવી ગાડીમાં ફેરવું. એ બિચારીને તો નવી ગાડીમાં ફરવા ન મળ્યું ! મને જો નવી ગાડીમાં ફરવાનું મળશે તો અમારા બંનેની ઈચ્છાઓ પૂરી થતાં એના આત્માને પણ શાંતિ જરૂર મળશે."

દીકરાઓની માંગ બાપ કરતાં માનાથી જલદી પૂરી કરાય છે. એ કારણે, દરેક દીકરાને બાપ કરતાં મા પ્રત્યે લાગણી વધારે હોય છે. માની વાત આવતાં અશ્લેષને કોઈ પણ દલીલ કરવાનું મન ન થયું. આમેય એને ખબર હતી કે એના ડેડીએ કદી નવી ગાડી ખરીદી નો'તી. જ્યારે જ્યારે એ એના ડેડીને નવી ગાડી ખરીદવાનું કહેતો હતો ત્યારે એના ડેડી એના અભ્યાસના ખર્ચાની વાત આગળ લાવી મૂકતા અને નવી ગાડીની વાત ત્યાં જ અટરી જતી.

"કઈ ગાડીની ઈચ્છા છે, ડેડી ?" અશ્લેષે પૂછયું. અશ્લેષ આટલી સહેલાઈથી સમજી જશે એ ચંદ્રકાન્તે ધાર્યું નો'તું ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું જોઈએ!

" 'લેક્સસ' તને કેવી લાગે છે?" ચંદ્રકાન્તે પૂછયું.

"સારી છે અને તમને ફાવશે પણ ખરી."

ગાડીનો સોદો કરતી વખતે ચંદ્રકાન્તે રેડિયો અપગ્રેડ કરાવીને સી.ડી. પ્લેઅરની વાત કરી ત્યારે અશ્લેષ અકળયો. "ગાડી સાથે કૅસેટ પ્લેઅર તો આવે જ છે પછી સી.ડી. પ્લેઅરની શી જરુર છે?"

"એક વાર સી.ડી.નું સંગીત સાંભળીએ પછી કૅસેટનું નથી ગમતું" ચંદ્રકાન્તે દલીલ કરતાં કહ્યું. "આમેય તમારા શોખ પૂરા કરવા મેં આજીવન મારા શોખ દબાવી જ રાખ્યા હતા." ભૂતકાળને યાદ કરીને એમણે ઉમેર્યું "તારી નવી ગાડી લીધી ત્યારે તેં કેટલો ખર્ચ કરાવ્યો હતો. ગાડીની સાથે આવેલો રેડિયો તેં અપગ્રેડ કરાવીને મોટા મોટા સ્પીકરો ગાડીમાં નંખાવેલા અને સી.ડી. ચેન્જર પણ નંખાવેલું ત્યારે મેં તને કહેલું કે આ બધા પૈસા તું ભણવા પાછળ ખર્ચતો હોય તો? આ બધા શોખ કમાઈને કયાં પૂરા કરાતા નથી ! આ બધી વાતો તને ત્યારે ગળે ઉતરી નો'તી!"

અશ્લેષ મૂગો મૂગો બધુ સાંભળી રહ્યો હતો.

ઘેર પાછા આવતાં ગાડીમાં અશ્લેષે વ્યંગમાં ચંદ્રકાન્તને પૂછયું "ડેડી, ગાડીમાં બીજું કંઈ અપગ્રેડ કરાવવું હોય તો બોલજો. "

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

અશ્લેષના આ કથનમાં કડવાશ છલકાતી હતી એ ચંદ્રકાન્તને સમજતાં વાર ન લાગી. એટલે જ, ગાડીના કાચને ટિન્ટ કરાવવાની મનેચ્છાને મારવી પડી.

ચંદ્રકાન્તની નાની-મોટી માગણીઓ દિન-પ્રતિદિન વધતી જતી હતી. એની માગણીઓથી દીકરા અને પૂત્રવધૂના મોંના બદલાતા જતા ભાવોને વાંચી વાંચી ચંદ્રકાન્ત વિચારોમાં ખોવાઈ જતો હતો.

એક રાતના ચંદ્રકાન્ત સૂઈ ગયા છે એની ખાતરી કરીને અંકિનીએ અશ્લેષને વાત છેડીઃ " હું તો તને પહેલેથી જ કે'તી હતી કે ડેડીને આપણા ભેગા રહેવા આવવાનું દબાણ ન કરતો. આપણા ભેગા લાવીને તેં શું કાંદા કાઢ્યા! નાના બાળકની જેમ એમની માગણીઓ દિન-પ્રતિદિન વધતી જ જાય છે. આપણને પોસાશે કે નહિ એનો વિચાર તો એ કરતા જ નથી ! વસ્તુંઓ માગે છે તો એ ટોપ લાઈનની જ માગે છે. બાના ગયા પછી એ ઘણા જ બદલાઈ ગયા છે. વાત વાતમાં તારી પાછળ એમણે કેટલો ખર્ચ કર્યો એ આગળ લાવી તને બોલતો જ બંધ કરી દે છે. હવે જો ડેડી અહિથી જવા માગે તો તું પાછો એમને દબાણ કરતો નહી." અશ્લેષે પિતાનો બચાવ કરવા દલિલો તો કરી, પણ પત્નીના વાક્બાણોથી ઘાયલ થતાં એ આગળ લડી ન શક્યો !

ચંદ્રકાન્તે બંનેની સઘળી વાત અર્ધનિદ્રામાં સાંભળી તો લીધી, પણ એની ઊંઘ જ ઊડી ગઈ ! ખુલ્લી આંખે પથારીમાં મળસ્કે સુધી એણે આળોટયા જ કર્યું. મનોમન એક નિશ્ચય કરી લેતાં એને ઊંઘ તો આવી ગઈ.

બીજા દિવસે બપોરના એક ચિઠ્ઠી લખવા એણે પેન ઉપાડી.

ચિં. અશ્લેષ અને અંકિની;

ગઈ કાલે રાતના અંકિનીની વાત અને તમારી બંને વચ્ચે મારી બાબતે જે વાદવિવાદો થયા તે મેં ઊંઘમાં સાંભળ્યા. મારી માગણીઓ અંકિનીને હદ-પાર વિનાની જરૂર લાગી હશે, પણ એની પાછળની મારી ફિલોસોફી તમે બંને સમજ્યા નથી એટલે એ અંગેની સ્પષ્ટતા મારે કરવી પડશે.

મારે આ જીવન જોવું હતું કે મેં જેમ અશ્લેષની નાની-મોટી માગણીઓને સંતોષી તેમ તમે લોકો તમારા ભાવિ બાળકોની માગણીઓને કેવી રીતે સંતોષશો એ મારે જોવું હતું, અનુભવવું હતું. તમારા બાળકોની માગણીઓ તો ખૂબ જ આધુનિક અને ખર્ચાળ હશે. તમને ઘડી ભર' અપ-સેટ' કરી દે એવી હશે. મેં તો મારા શોખને બાજુ પર રાખી તમારા શોખને પૂરા કર્યા, પણ તમે તમારા બાળકોની માગણી પૂરી કરવા તમારા શોખ પડતા નહી મૂકો એટલે જ તમને એ માટે અત્યારથી જ તૈયાર કરવા મેં એક નાટક તમારા ઘરમાં આવીને ભજવ્યું છે.

સાથે સાથે મારે એ પણ જોવું હતું કે તમે લોકો મારી કેવી કાળજી લોછો. સારું છે કે હું શારીરિક અને આર્થિક રીતે સધ્ધર છું ત્યારે તમે લોકોએ મારી આંખ ખોલી છે.સારું છે કે મેં મારી બચત તમારા નામે ટ્રાન્સફર કરી નથી.તારા બાની તો ઈચ્છા હતી કે અમારા ગુજરાન જેટલું રાખીને બાકીની રકમ તમારા નામેટ્રાન્સફર કરવી, પણ મેં જ એને

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

સમજાવીને કહ્યું હતું કે આપણા બંનેના અવસાન પછી આ બધુ આપણા દિકરાનું જ છે અને એ ત્યારે સમજી પણ ગઈ હતી.

હું મારા એપાર્ટમેન્ટમાં પાછો જાઉ છું, પણ તમારી સાથેનો સંબંધ તોડીને જતો નથી. આપણા સંબંધમાં એક નાની તિરાડ પડી છે એ વધારે ઊંડી ઊતરે એ પહેલાં એને મારે સાંધી લેવી છે. તમારે ત્યાં હું અવાર નવાર આવતો રહીશ.તમારા બંનેના સંબંધો મારા કારણે બગડે નહિ એ મારા માટે ખૂબ મહત્વનું છે.મારે તો બહું વર્ષો હવે કાઢવાના નથી.તમારી આગળ તો લાંબી મંઝીલ પડી છે અને તમે બંને હાથમાં હાથ મીલાવી એ મંઝીલ પાર કરો એમાં જ મારી ખુશી છે. અત્યારે હું અલગ રહું એ બંને માટે સારું છે. સાજા-માંદા વખતે તમારી મદદ માગીશ અને તમે એ પ્રેમથી પૂરી પાડશો એની મને ખાતરી છે.

મને અને આ પત્રને સમજવાની કોશિશ કરશો એ આશા સહ,શુભેચ્છા સાથે, આશિર્વાદ આપતો વિરમું છું.- તમારો ડેડી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વરલીથી વાંદરાની સવારી - પ્રવિણા કડકીયા



અરબીસમુદ્ર ઉપરથી પસારી
ચારેકોર બસ પાણી પાણી
નજર્યું મારી રહી ભાળી
મુંબઈગરાનું સપનું સાકાર
નિયોન લાઈટનો જયજયકાર
ખૂબ ઝડપી અને સુંવાળી
મોટરની સહેલગાહ નિરાળી
વાહરે મુંબઈ તારી કમાલ
થોડી પળો વિસરી ધમાલ
સૌંદર્યનું પાન આંખડી ઠારી
યશ ગાતા થાકે ન જીહ્વા મારી
ધીરે ધીરે હલ સમસ્યા તારી
હા, રૂપિયામા ચૂકવી કિંમત ભારી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# જિંદગી - નવીન બેંકર

જિંદગી ઔર મોત તો સિર્ફ એક બહાના હે
હમ ના સમજે યે કૈસા આના જાના હે

મૉત તો એક રોજ આની હય, તો ડરના ક્યા હય ?
હમ સદા ખેલ હી સમઝા કિયે, મરના ક્યા હય ?

આખી જિંદગીમાં જે નથી સમજાતું તે
ઘણીવાર જીવનની ઢળતી સંધ્યાએ સમજાય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તમે યાદ આવ્યા - રસેશ દલાલ



પરોઢના પ્રકાશની નજાકત જોઈને તમે યાદ આવ્યા,
પ્રકાશના લાલ કીરણની ટશર જોઈને તમે યાદ આવ્યા.

કીરણના શેરમાંથી નીકળતી ધટમાળ જોઈને તમે યાદ આવ્યા,
શેરનાં સ્પન્દનો અને શબ્દોના ભાવ જોઈને તમે યાદ આવ્યા.

શબ્દોના સાથિયા અને સાથિયાના રંગ જોઈને તમે યાદ આવ્યા,
સાથિયાના ભાવ, ભાત અને ભપકો જોઈને તમે યાદ આવ્યા.

આવાજ શમણામાં એક શમણુ પુરુ થયુ અને તમે યાદ આવ્યા,
યાદમાં યાદ રહી, ફરિયાદ રહી અને તમે યાદ આવ્યા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પરિક્ષા - વિશાલ મોણપરા




હૈયે હરખ ઘણોય થાય છે
કે આજે પરિક્ષા પૂરી થાય છે
ચાલો વગાડીએ ઢોલ-નગારા
કે આજે પરિક્ષા પૂરી થાય છે
ઉજાગરાથી આંખો છે રાતી
મારી મહેનતની ચાડી ખાતી
છતાં થાક ના અનુભવાય છે
કે આજે પરિક્ષા પૂરી થાય છે
ફગાવી દફતર પાટી પેન
હું ચાલ્યો રમવા એન-ઘેન
હવે ગણવેશમાં ડાઘા થાય છે.
કે આજે પરિક્ષા પૂરી થાય છે
હવે તો છૂટથી હરીશું-ફરીશું
વહેતા પવનની સાથે રમીશું
સમયનું બંધન ના જણાય છે
કે આજે પરિક્ષા પૂરી થાય છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ચિત્ર - દિલિપ પરીખ



આંખ્યુમાં છે અતૃપ્ત ઇંતજાર
મેં સજ્યા આજ સોળ શણગાર
પુષ્પો સમ કોળેલા શમણાઓ
જોઉં અટારીએ થી તારી વાટ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.



$E = MC^2$ / સત્યમ શિવમ સુંદરમ

કાવ્યોમાં ભાવભીની લાગણીનુ નર્તન
સત્યશિવમ ચેતનાનુ નૃત્યોમાં દર્શન

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.



$E=MC^2$ / Tranquility

The first $E=MC^2$ painting (#2), shows ‘woman’ as a creator. My all other e=mc2 paintings have two faces merge in one (purush and prakriti, intelligence and emotion or yang and yin) - representing absolute and manifested energy. The male is the creative power and the female, the maternal element. The creator and the creation are not separate, but the one.

Spiritual science indicates all created things originate in the cosmic energy of AUM —the universal energy manifested as matter.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સંત સમાગમ - પ્રદીપ બ્રહ્મભટ્ટ



જીવનના આદર્શો અને સંસ્કારના સીંચનથી આજે જેના નામને માનથી બોલાય છે તે અમૃત આજે જેવો છે તેવો તે પહેલા ન હતો. તેના જીવનમાં પડદા પાછળ નજર કરીએ તો અંધકારની ચાદર પર એક આશાનું કીરણ પડેલુ દેખાય છે. તેના માતાપિતાનો તે એક જ સંતાન. માન અપમાનને ગળી જવું તે તેના પિતા પ્રભાકરના દરરોજના જીવનમાં વણાયેલ હતું. તેમને મળેલા માબાપના આશિર્વાદ અને ભક્તિને જીવનમાં રાખવી તેવા સંસ્કારના સિંચન. તેમના લગ્ન નજીકના ગામના એક મધ્યમવર્ગી કુટુંબમાં ભાઇભાંડું વચ્ચે ઉછરેલ બે બહેનોમાં નાની બહેન જેને બધા વ્હાલથી રાની કહેતા હતા તે જ્યોતી પારકા ઘરમાં પોતાના નામને પ્રજ્વલીત કરવા અને માબાપના નામને ઉજ્વળ કરવા પ્રભાકરની પત્ની થઇને આવી. મધ્યમવર્ગી અને મર્યાદાધારી કુટુંબમાં જન્મેલી દીકરીને પ્રેમ,આદર,સન્માન અને સંસ્કાર મળેલા.

પ્રભાકરને અભ્યાસકાળ દરમ્યાન ઘણી અગવડ પડેલી કારણ માબાપની પાસે નાંણાની સગવડ ઓછી,પિતાને ગામમાં એક નાનકડી દુકાન હતી જેમાં મર્યાદીત આવક હતી.પણ પ્રભાકરને ભણવાની ધગશ અને ઇચ્છાને કારણે નજીકના શહેરમાં સાઇકલ લઇને ત્રણ માઇલ ભણવા જતો.અને ઘેર આવી તેના પિતાને દુકાનમાં મદદ પણ કરતો. ભણતરની સાથે તેને નોકરી પણ મળી.અભ્યાસમાં મન પરોવાય અને અનુભવ થાય તેથી તે પોતાની લગન પ્રમાણે જ એક મોટા બીલ્ડરને ત્યાં સુપરવાઇઝરનુ કામબપોરે ૧૧ થી સાંજના ૭ સુધી કરતો. સવારમાં ૭ થી ૧૦.૩૦ નો અભ્યાસ પતાવી તે નોકરી કરતો.આમ તેના જીવનમાં અભ્યાસ કામની શરુઆત થઇ ગઇ. તેને મળેલા માબાપના સંસ્કાર જ તેને ભણતરમાં મન પરોવી મહેનત કરવાની સમઝ આપી હતી અને તેથી તે તેની નોકરીમાં પણ માલિકને સંતોષ આપતો હતો. તેનીધગશ અને લગન જોઇને જ જ્યોતી જેવી પત્ની મળી. જ્યોતી પોતાના નામને અને માબાપના નામને પ્રકાશીત કરી શકે તેવી હતી. જેથી તે આ ઘરમાં સમાઇ ગઇ. પ્રભાકરને એક બહેન પણ હતી પણ તે તેનાથી મોટી હતી એટલે જ્યોતીના ઘરમાં આવ્યા પહેલા તેના લગ્ન થઇ ગયેલ તેથી જ્યોતીને આ ઘરમાં પ્રભાકરની બહેનનો સહવાસ બહુ નહીં મળેલ.પણ છતાં બન્નેમાં પ્રેમ ભાભીનણંદ પુરતો મર્યાદીત ન

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

હતો. જ્યારે જ્યારે પ્રભાકરના મોટી બહેન તારાબહેન આવે ત્યારે જ્યોતીની આંખો ભીંજાઇ જતી કારણ તેને નણંદમાં માનો આભાસ થતો હતો. કુટુંબમા જે રીતે પ્રેમના વાદળ છાયેલા હતા કે જે એકબીજાને નિરખી આત્મીયતા અનુભવતા હતા અને તે બનવાનુ કારણ કુટુંબને મળેલ ભક્તિ અને અંતરના પ્રેમનો સરવાળો. ઘણી વખત તો જ્યોતી તેની નણંદના ખોળામાં માથુ મુકી મા ની મમતા પણ મેળવી લેતી.

સમયને તો કોઇ રકી શક્યુ નથી. કુદરતની કૃપા અને માનવતાની મહેંકમાં ભણતર પુર્ણ થતાં પ્રભાકરને તે જ કંપનીએ ઘણા સારા પગારથી નોકરી આપી અને શહેરમાં નવુ મકાન પણ આપ્યું. માબાપની આંખોમાં પાણી આવી ગયા કારણ પ્રભાકર તેમની આંખની કીકી સમાન હતો અને ખુબજ વ્હાલો હતો તેના ઉજ્વળ જીવનમાં જલાબાપાની કૃપાથી જ્યોતી પણ આવી ગઇ.આજે પ્રભાકર અને જ્યોતીના ખુબ જ આગ્રહથી અને સંતાનના ખુબજ પ્રેમથી કરેલા દબાણથી ગામડાના ઘરને સગાને સોંપી દીકરાવહુ સાથે શહેરમાં રહેવા આવવાની ફરજ પડી. ગામને છોડવાના પ્રસંગે જે જે તેમને મળ્યા તેમની આંખો આંસુથી છલકાઇ ગઇ. તેમને પ્રભાકરના માબાપનો હવે સમાગમ નહી થાય. ગામના લોકોને ભક્તિ અને સંસ્કાર ભરેલ કુટુંબનો સહવાસ મળેલ અને તેથી જ ગામની પ્રજામાં પ્રેમનો સમાગમ જળવાયેલ. ઉજ્વળ જીવનમાં હંમેશા આશીર્વાદ અને પ્રેમ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે તેમ માબાપની સેવા અને તેમની ભક્તિ એ સંતાનો પર પરમાત્માએ પ્રેમની વર્ષા કરી હોય તેમ પ્રભાકરને કંપની એ બીજા પ્રોજેક્ટોમાં મનેજરની સત્તા આપી તેના કામની કદર કરી. આનંદીત જીવનમાં જાણે પ્રભાકરના માબાપની પ્રાર્થના પરમાત્માએ સાંભળી હોય તેમ જ્યોતીએ દીકરાનો જન્મ આપ્યો.

આજકાલને ગણતાં ગણતાં પ્રભાકરના માતાપિતા સમયને ના રોકી શક્યા અને તેઓના જીવ સંત શ્રી જલારામ બાપાના શરણે અર્પણ થયા એક જ વર્ષના ગાળામાં બંન્નેએ પૃથ્વી પરથી વિદાય લીધી. પ્રભાકર અને જ્યોતીના જીવનમાં માબાપની છાયાથી જ સંસ્કાર અને ભક્તિની મહેંક આવેલી તેથી જીવને અમરત્વ આપનાર અમૃતને તો ન જ ભુલાય તેથી તે બાળકને અમૃત નામ આપી માબાપની યાદ સદા ચિરંજીવી બનાવી. અમૃત બાળપણમાં તેના પિતાની જેમધગશ અને ઉત્સાહથી ભણવામાં મન રાખી મહેનત કરતો હતો. સમયમાં તેને બાલમંદીર કે હાઇસ્કુલનો અભ્યાસ પુરો કર્યો. કોલેજકાળ શરુ થયો. વાહન લઇ કૉલેજ જ્તો પ્રથમ બે વર્ષ ક્યાં નીકળી ગયા તેનો ખ્યાલ પણ ના રહ્યો. કોલેજમાં અભ્યાસની સાથે ઘેર મોડા આવવાનુ શરુ થયુ. તેના પિતાને એમ કે અમૃત બરાબર ભણતો હશે. પણ આ બાજુ તેને બે એવા મિત્રો મળી ગયા કે જે તેને લાલચ મોહમાં જકડી સીગરેટ અને છોકરીઓની લપેટમાં લઇ ગયા. એક વખત અમૃતને તેના માતાપિતાએ પુછ્યં ત્યારે કહે મારું ભણવાનું ચાલે એટલે મોડુ થાય છે તમારે કંઇ જોવાની જરુર નથી. આ સાંભળી તેને કહ્યુ પણ ખરુ કે બેટા જીવનના સોપાન સાચવીને ચઢીશ તો આગળ આવીશ કોઇ પણ પગલુ ભરતાં ધ્યેયને સાચવજે તો જીવન પાર ઉતરીશ.

એક દીવસ અમૃત રાત્રે ઘણો જ મોડો ઘેર આવ્યો. બારણૂ ખખડાવ્યુ તેની માતા આવી બારણુ ખોલ્યુ, તેને મા એ તરત જ કહ્યુ બેટા આજે તારા પિતાની તબીયત સારી નથી અને તુ આટલો મોડો ઘેર આવે તે સારુ નહીં તે તેની રુમમાં ગયો નાહી ધોઇ બહાર આવતા રડવાનો અવાજ સાંભળ્યો તેણે બારણા આગળ કાન ધર્યા તો તેની માતા તેના પિતાને કહેતી હતી આપણે આપણી ફરજ બજાવીએ છીએ પણ આપણા બેટા ને ખરાબ મિત્રોનો સહવાસ થયો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

છે તેમાં તમારે રડવાની જરુર નથી બધુ ભગવાન સારૂ કરશે. જલાબાપા દયાળુ છે આપણી ભક્તિ સ્વીકારી અમૃતને સદબુધ્ધિ આપશે.

બીજે દીવસે ગુરુવાર હતો સવારમાં વહેલો ઉઠી ઘરમાં કરેલ મંદીર સામે બેસી માળા ફેરવતો તેની માતા એ અમૃતને જોયો તેની આંખમા પાણી આવી ગયા અને બેટાને બાથમાં ઘાલી આંસુ દીકરાના મોં પર પડ્યા. ત્યાં દીકરો ઉંચા અવાજે રડી પડ્યો અને માને બાથમાં ઘાલી કહે મા મને માફ કર મેં મારા માબાપના પ્રેમની કદર ના કરી. હું હવે ધ્યેયથી ભણતર પુરુ કરીશ. તે સવારે સમયસર કૉલેજ ગયો અને સમયસર સાંજે પાછો પણ આવી ગયો, તેના પિતાએ તેને કહ્યુ કેમ બેટા આજે વહેલો કૉલેજથી આવી ગયો? તેની પાસે જવાબ ન હતો તે તેના પિતાના પગમાં માથુ મુકી ખુબ રડ્યો તેના પિતાથી પણ ન રહેવાયું આંખ ભીની થઇ ગઇ. આ દીવસથી જ્યારે તેને એન્જીનીયરની ડીગ્રી મળી ત્યારે તે યુનીવર્સીટીમાં પ્રથમ વર્ગમા પ્રથમ આવ્યો.

કોલેજથી રીઝલ્ટ લઇને સીધો ઘેર આવ્યો અને કંઇ બોલતા પહેલા માબાપના પગમાં પડી ગયો. તેના પિતાના મુખમાંથી એક જ શબ્દ નીકળ્યો બેટા સમાગમ જીવનને મોડ આપે છે તે તેં સાબિત કરી બતાવ્યુ. જલાબાપા સદાય તારી સફળતામાં સાથે જ રહેશે. અને..........

**સમાગમ કરજો મારા ભઇ**
**જીવન ના બગડે તમારુ અહીં**
**મળશે વણ માગ્યો પ્રેમ જગતમાં**
**અંત આવશે તેનો અણદેખ્યો**
**કરજો કામ ને સમજી આપ**
**કદી જીવનમાં પાછા પડશો નહીં**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પારેવાની પીડા - દેવિકા ધ્રુવ



પારેવાની પાંખમાં વેદના કણસાય છે,
આભમાં આજ કશુંક અશુભ વરતાય છે.

મુક્ત ગગનમાં વિહરતા પંખીને,
અચાનક કાં વ્યાકુળતા વીંટળાય છે ?

આઝાદીનાં ગીતડાં ગાતો માનવી,
વિહંગના ઉંચા ઉડ્ડયનથી કતરાય છે !

જાળમાં ફસાઇ,પિંજરમાં પકડાયેલ,ભેરુને જોતાં,
માળાના પક્ષીને હવે સઘળું સમજાય છે.

નીડમાં છુપાઇ,દર્દને લપેટી ગભરુ પંખી,
પાંખો ફેલાવીને હવે ઉડતાં ગભરાય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તમસ, રજસ, સત્વ - સરયુ પરીખ



અગણિત ઈચ્છાઓ, માત એની મમતા
અગણિત ક્લેષો, માત 'હું' અહંમતા-
સુખ અને દુઃખ એક સાથ સાથ વસતા
અનેક વિધ આકારે સર્વ સમય ડસતા-
મધ મીઠા સાકર સા સ્વાદથી રીજવતા
નશીલા સુંવાળા સુપ્ત ભાવમાં વિષમતા-
માયાની મોહજાળ મલકે માદકતા
તમસ દ્વાર ખૂલ્લુ, આમંત્રે લોલુપતા-
એક એક પગલે ઉંડા ઉતરતા
બહાર કેમ નીકળું, ભારી વિહ્વળતા-
કર્તવ્ય કર્મ ધર્મ સ્નેહમાં સફળતા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અમારા છે - વિશ્વદીપ બારડ



વિશ્વ મારું છે, માનવી સૌ મારા છે,
દેશ-દેશના સૌ ભાઇ-ભાડું મારા છે.
એક સાથ રહી શાંતીથી રહીશું,
ભાતભાતના ચહેરા સૌ મારા છે.
સૂર્ય ડુબતા, અંધારા આવ્યા કરે,
આશાના કિરણો સૌ અમારા છે.
અમારું નાનું એક સ્વર્ગ બને અહીં,
ઉત્સાહ ને ઉમંગ અમારા છે.
સકળ બ્રહ્માંડમાં પૃથ્વી એક માતા,
શાંતીને વરનારા સૌ અમારા છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગીતા હિન્દુ ધર્મનું શાસ્ત્ર કહેવાય? - ગિરિશ દેસાઇ



'હા' અને 'ના'. હા એ દ્રષ્ટિએ કે હિન્દુઓએ તેને અપનાવી લીધી છે.અને ના એ દ્રષ્ટિએ કે જયારે ગીતાની રચના થઇ ત્યારે હિન્દુ જેવો શબ્દ પણ અસ્તિત્વમાં હતો નહી. એટલે ગીતા હિન્દુ માટે છે એમ કહેવા કરતાં હિન્દુઓ ગીતામાં માને છે એમ કહેવું વધુ ઉચીત ગણાય.વૈદિક ધર્મનું આ પુસ્તક આજની દુનિયાના હિન્દુ, મુસ્લીમ, બૌધ કે ઇસાઇ એવા એકે ધર્મનું પુસ્તક નથી છતાં તે આ બધા જ ધર્મોનું પુસ્તક છે. કારણ ગીતા તો છે કેવળ માનવ ધર્મનું પુસ્તક. જયાં સુધી આ ધરતીના કોઇ પણ ખૂણામાં માનવ સમાજનું અસ્તિત્વ હશે ત્યાં સુધી ગીતાની અગત્ય, તેનું નાવીન્ય, તેનું આકર્ષણ રહેશે. ગીતાને જીવન શાસ્ત્ર, માનસ શાસ્ત્ર, ધર્મ શાસ્ત્ર જે કહો તે બધું જ સાચું કહેવાય. ગીતામાં માનવના માનસનું જે વિશ્લેષણ વ્યાસજીએ કર્યું તે આજ કાલના માનસશાસ્ત્રીઓ વૈજ્ઞાનિક પદ્ધતિથી પુરવાર કરી રહયાં છે. જેમ આજ સુધી આલ્બર્ટ મુનિના 'આઇન્સ્ટાઇના' સાપેક્ષવાદને ખોટો છે એમ કોઇ પુરવાર નથી કરી શકયું તેમ જ વ્યાસ મુનિએ પ્રતિપાદીત કરેલા માનવ માનસના સિદ્ધાંતોને હજી કોઇ ખોટા નથી ઠેરવી શકયું. સાપેક્ષ વાદ પુરવાર કરવા જેમ આલ્બર્ટ મુનિએ આધુનિક જમાનાના ભૌતિક અને ગણિતશાસ્ત્રનો આધાર લીધો તેમ જ વ્યાસ મુનિએ માનવ મનના સિદ્ધાંતો પ્રતિપાદીત કરવા તે જમાનાના શાસ્ત્રો 'વેદો અને ઉપનિષદો'નો આધાર લીધો. એટલે જ કહેવાય છે ને કે

**"સર્વો ઉપનિષદ ગાવો દોગ્ધા ગોપાલનંદનઃ**
**પાર્થો વત્સઃ સુધીર્ભોકતા દુગ્ધં ગીતામૃતં મહત્'**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નવી ક્ષીતિજો - વિજય શાહ



આ કોઈ  હાર નથી, જો માને તો આ વહાલ છે સખી!
પંખી માળામાંથી જાય, તે તો જગ વ્યવહાર છે સખી!

જનમ્યું તે જાય, એ વાત સાચી સંસારની છે સખી!
રડ નહીં આતો, બધી રોજની ઘટમાળ છે સખી!

કાલનો સુરજ આવશે, કોઇ વાત નવી લઈને સખી!
આ ઘાતને,સમજથી કે હીબકીને વિતાવીયે સખી!

ધર્મ કહે ,કરેલુ કદી એળે જતુ નથી તે જાણ ને સખી
બંધ દ્વારને જોઈ, નવી ક્ષીતિજો અણદેખી કર ના રે સખી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પ્રેમ - શૈલા મુન્શા




પ્રેમ કાંઇ ત્રાજવે તોળાતો નથી,
એ તો બસ થઈ જાય છે.
કર્યા દિદાર તારા જે ઘડી
બે ઘડી મિલન ની આશમા,
કાંઇક ઘડીઓ વહી જાય છે.
ન નડે ઉમર નો તકાજો ન ભાષાની ભૂતાવળ
નજરું મળી ન મળી ત્યાં હૈયું હરખાય છે.
ક્યાં નડે છે એને સ્થળ કાળ ની સીમા
ઘંટડી રણકે જ્યાં ફોન ની,
ઘંટારવ થઈ જાય છે.
થયો ઘંટારવ મળ્યા જે ક્ષંણે, બન્યા સાથી જીવનભરના
મહેકી ઊઠ્યો જીવનબાગ બે માસુમ ફુલોના સથવારે.
ન તોળવાની જફા ના કાંઇ લેખાજોખા
પ્રેમ તો એ જે દિનરાત બસ વધતો જાય છે.
પ્રેમ કાંઇ ત્રાજવે તોળાતો નથી
એ તો બસ થઈ જાય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુરૂ દક્ષિણા - ગિરિશ દેસાઇ



પરા પૂર્વથી ચાલી આવેલી અનેક પ્રણાલિકાઓમાંની એક છે ગુરૂ દક્ષિણા. દરેક પ્રણાલિકામાં સમયના વહેણ સાથે ફેરફાર થતો જ રહે છે અને ગુરૂ દક્ષિણાની બાબતમાં પણ આમ જ બન્યું તેમાં નવાઇ નથી. દક્ષિણાનો સાચો અર્થ શું ? તેનું સાચું સ્વરૂપ કેવું ? એ અંગેના વિચારોમાં ધરખમ ફેરફાર થયેલા જણાય છે.ગુજરાત વિદ્યાપીઠના શબ્દકોશ પ્રમાણે દક્ષિણાનો અર્થ છે - ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણને અપાતું દાન અગર ભેટ -પરંતુ ગુરૂ દક્ષિણાની બાબતમાં આ બેમાંથી એક પણ અર્થ મને ઉચિત નથી લાગતો. કારણ કે દાન આપનાર તો ગુરૂ છે શિષ્ય નહી.ગુરૂ શિષ્યને વિદ્યાનું દાન આપે છે, શિષ્યતો લેનાર છે આપનાર નહીં.વળી ભેટ એટલે તો મૂલ્ય લીધા વગર આપેલી વસ્તુ.ગુરૂએ આપેલી અમૂલ્ય વિદ્યાનું ઋણ કોઇ પાર્થિવ વસ્તુથી ચૂકવાય ખરૂં ?

દક્ષિણાનો સાચો અર્થ સમજવા એની વ્યુત્પત્તિ તપાસવી જરૂરી છે. દક્ષ ધાતુ ઉપરથી દિક્ષા અને દક્ષિણા આ બે અગત્યના શબ્દો બન્યા છે. દક્ષ એટલે કાબેલ,પારંગત કે હોંશયિાર.ગુરૂ જયારે શિષ્યને વિદ્યાનું દાન આપી તેને કાબેલ કે હોંશિયાર બનાવવાનું વચન આપે છે ત્યારે ગુરૂએ શિષ્યને દિક્ષા આપી એમ કહેવાય છે. દિક્ષા આપી ગુરૂ શિષ્યને અપનાવે છે. અને વિદ્યા પ્રાપ્તિને અંતે શિષ્ય ગુરૂના આ ઋણથી મુકત થવા,ગુરૂના ચરણોમાં સાચા ભકિત ભાવથી જે કાંઇ મૂકે તેને દક્ષિણા કહેવાય. સાચા ગુરૂ કદિ દક્ષિણા માગતા નથી અને સાચો શિષ્ય દક્ષિણા આપ્યા વગર રહેતો નથી. ગુરૂ દક્ષિણાની સાચી વ્યાખ્યા તો ગીતામાં શ્રીકૃષ્ણએ ખૂબ સુંદર રીતે આપી છે.

**पत्रं पुश्पं फलं तोयं यो मे भक्त्या प्रय्च्छति**
**तद अहं भकत्युपहतम अश्नामि प्रतात्मनः ९-२६**

"શુદ્ધ ચિત્તથી અને ભકિત ભાવથી આપેલું બધું હું સ્વિકારૂં છું,પછી ભલેને તે પાંદડું,પુષ્પ,ફળ કે કેવળ પાણી જ કેમ ન હોય" જયારે કોઇ પણ પાર્થિવ પદાર્થ પછી ભલે ને તે પાણીના મૂલ્યનો જ કેમ ન હોય, છતાં જો તેમાં સાચો ભકિતભાવ ભળે ત્યારે તે પણ અમૂલ્ય થઇ જાય છે.ગુરૂએ આપેલી અમૂલ્ય વિદ્યાનું ઋણ ચૂકવવા તો આવી અમૂલ્ય વસ્તુ જ હોવી જોઇએ ને ? સાચા ભકિતભાવથી ઋણ ચૂકવવાની આ રીત એટલે જ ગુરૂ દક્ષિણા. ગુરૂએ આપેલ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

વિદ્યાનો,જ્ઞાનનો સમાજમાં ફેલાવો કરી ગુરૂનું ધ્યેય પરિપૂર્ણ કરી ગુરૂની કીર્તિ વધારવી એ જ સાચી દક્ષિણા. રાજા અશોકે ભગવાન બુધ્ધ પાસે મેળવેલા જ્ઞાનનું ઋણ ચૂકવવા એમના આપેલા એ જ્ઞાનનો પ્રચાર કરી એમની કીર્તિ જે રીતે વધારી તે છે સાચી દક્ષિણા. શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ ઉજાળવા સ્વામી વિવેકાનંદે જે સમપ્રણ કર્યું તે છે સાચી દક્ષિણા.અહીં એક અતિ અગત્યની વાત વિચારવા યોગ્ય લાગે છે. ગુરૂનું ધ્યેય આગળ ધપાવવા અને તેમની કીર્તિ વધારવા મીશન, મઠ કે આશ્રમ ઉભા કરવાની જરૂર ખરી ?

આ પશ્નનો પત્યુત્તર છે -હા અને ના.

હા, એ દૃષ્ટિથી કે શિષ્ય પરંપરા ચાલુ રાખવા આવી સંસ્થાઓ ઉપયોગી થઇ પડે છે.આવા આશ્રમોમાંથી જ આવા મીશનોમાંથી જ પટ્ટ શિષ્યોની પરંપરા બહાર પડતી રહે છે,અને ગુરૂનું ધ્યેય આગળ ધપાવે રાખે છે. દરેક ગુરૂના મનમાં કોઇ ને કોઇ ધ્યેય હાંસલ કરવાનો મનસુબો હોય છે અને તેને પરિપૂર્ણ કરવા ગુરૂ પોતે કોઇ ચોકકસ શ્રમ ઉઠાવે છે. અને ગુરૂએ ચાલુ કરેલા આ-શ્રમને જારી રાખવા શિષ્યોને જે શ્રમ કરવો પડે તે જ સાચો આશ્રમ. જો શિષ્ય આમ કરવાનું ચૂકે તો આ શરમની વાત થઇ આશ્રમની નહીં.

અને ના એ દૃષ્ટિએ કે આવા આશ્રમો અને મીશનોની સ્થાપના કરવા અને તેની ઇમારતો ઉભી કરવામાં શિષ્યો એટલા વ્યસ્ત થઇ જાય છે કે ગુરૂનું અસલ ધ્યેય - મીશન - વિસારે પડી જાય છે.મીશન કહો આશ્રમ કહો મઠ કહો, જે કહો તે, પણ જો આવી વિવિધ સંસ્થાઓમાંથી ઉત્કૃષ્ટ શિષ્યોની પરંપરા જળવાઇ ના રહે, તો એ સંસ્થાનો અર્થ જ શું ? યેલ, હારવર્ડ અને એમ.આઇ.ટીની આબરૂ તેમાંથી બહાર આવતા વિધાર્થિઓ વધારે છે તેમની ઇમારતો નહી. જે સંસ્થાઓ ઉત્કૃષ્ટ શિષ્યોની પ્રણાલિ ચાલુ નથી રાખી શકતી તેની ઇમારતોનું ભાવિ મ્યુઝીયમ, હોટેલ કે સામાજીક હોલમાં પરિણમે તો તેમાં આશ્ચર્ય થાય ખરૂં ?

હ્વે અસલના જમાનાની અને આજની શિક્ષણ પધ્ધતિમાં, આજના ગુરૂઓમાં અને આજના શિષ્યોમાં કેવો ફેરફાર થયો છે તે જરા જોઇએ. ઉપનિષદ કાળમાં ગુરૂ અને શિષ્ય વચ્ચે ચિત્ત અને ચેતન વિશે વર્તાલાપ થતો, આજે તેમની વચ્ચે વિત્ત અને વેતનનો થાય છે. તે કાળમાં શિષ્ય ગુરૂને ઘેર રહી ભણતો આજે ગુરૂ શિષ્યને ઘેર ભણાવવા જાય છે. કદાચ એવા દિવસો પણ આવશે કે ગુરૂ શિષ્યને ત્યાંજ ધામા નાખશે. આજના ભારતના,અંગ્રેજી માધ્યમની રઢે ચઢેલા સમાજના શિક્ષકો, શિક્ષણ આપતા પહેલાં જ શિષ્ય પાસે વેતનની -કહેવાતી દક્ષિણાની લેખીત બાંહેદારી - પ્લેજ - લખાવીલે છે.અને બદલામાં શિષ્યો પણ પાસ થવાની બાંહેદારી - ગેરંટી -માંગતા હોય છે.મને તો લાગે છે કે આગળ ઉપર દર્શાવેલી ગીતાની વ્યાખ્યાનો અર્થ આજે બિલકુલ બદલાઇ ગયો છે.આજ કાલના લોકો એને આ પ્રમાણે વાંચતા હોય એવું લાગે છે.

**रथं,वित्तं,धनं,भोग्यं,यो मे दु:खेनापि प्रयच्छति**

**प्रसन्न चित्तो अहं भूत्वा अश्नामि तद सर्वदा**

આ શ્લોકમાં વ્યાકરણની ભૂલો શોધવાનો પ્રયત્ન નહીં કરવા વિનંતી છે.

અર્થ છે,

રથ એટલે કાર,ધન, વિત્ત કે ઉપભોગ કરવા લાયક કોઇ પણ વસ્તુ મને કોઇ પણ શિષ્ય દુઃખ ભોગવીને પણ આપે તે બધું જ હું પ્રસન્ન ચિત્તે સ્વિકારી લઉ છું.

જોયો કળીયુગનો પ્રભાવ ?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# એ જ આ સાંજ છે ! – 'મનુજ' હ્યુસ્તોનવી



રાહ જોતો રહ્યો, એ જ આ સાંજ છે.
ચાંદ ભૂલો પડ્યો, એ જ આ સાંજ છે.
હા, જલાવી પતંગ, થર થરે સિસકતો,
દીપ જલતો રહ્યો, એ જ આ સાંજ છે.
કાળની કોટડી, કોઇ સંત્રી નથી,
કૈદ ખુદને કર્યો, એ જ આ સાંજ છે.
વાલિયે એક દી', લૂંટવું છોડિયું,
રામ-સીતા ભજ્યો, એ જ આ સાંજ છે.
હાથમાં હાથ ને બંધ આંખે દિઠો,
એક તારો ખર્યો, એ જ આ સાંજ છે.
ચાંદનીએ જરા ચાદરો પાથરી,
સાગર ઝુમી ઉઠ્યો, એ જ આ સાંજ છે.
મય ન પીવા કહે, સાકિયા, પણ છતાં-
જામ ખાલી કર્યો, એ જ આ સાંજ છે.
કસકની કલમથી ગઝલ દિલ પર લખી,
હાથ બળતો રહ્યો, એ જ આ સાંજ છે.
આંખ સુંદર હતી, સ્વેત રાધા સમી,
શ્યામ કીકી બન્યો, એ જ આ સાંજ છે.
કોણ બળવાન છે, જાણવા કૂપમાં-
સિંહ કૂદી પડ્યો, એ જ આ સાંજ છે.
સાચ છે, વચન છે, ધરમ પાલન 'મનુજ',
કળિ કળતો રહ્યો, એ જ આ સાંજ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વસંત - શૈલા મુન્શા



વાસંતી વાયરાએ કીધું અડપલું
ને ખિલ્યો ગુલમહોર મારે અંગ
ભૂલી ને ભાનસાન હું તો વહેતી રહી
એ વાયરાની સંગ સંગ.
ફોર્યો ફાગણને ફોર્યો ઓલો કેસૂડો
ને છંટાયો ગુલાલ મારે અંગ
છંટાણી લાલિમા એ રંગોની ચારેકોર
ને ભૂલીને ભાનસાન હું તો રમતી રહી
એ રંગોની સંગ સંગ.
રૂખા એ વૃક્ષો બન્યા સજીવન,
ને મહેકી ઉઠ્યા ફૂલડાં વન ઉપવન
ફેલાણી એની મહેક ચારેકોર
ને ભૂલીને ભાનસાન હું તો મહેકી રહી
એ ફૂલોની સંગ સંગ
ટહુકો મધુરો ગુંજતો કોયલનો
જાણે રેલાયા બંસીના સૂર
સૂરોને તાલ ખેલંતો કાનૂડો ફાગ
ને ભૂલીને ભાનસાન હું તો રંગાતી રહી
એ કાનૂડાની સંગ સંગ
વાસંતી વાયરાએ કીધું અડપલું
ને ખિલ્યો ગુલમહોર મારે અંગ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તે ઉદાસ છે - સુરેશ બક્ષી



ચિત્ર - સંગીતા પસરીજા

મારી હાજરી નથી તેથી તે ઉદાસ છે
ઉડીને પહોંચુ તેવી મારી આશ છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# માલ કબીરા-'રસિક' મેઘાણી




પાડોશીનો માલ કબીરા
મુખથી ટપકે રાલ* કબીરા

સાળ**વિફળતા ધાગો ફટકે,
વીવિંગ માસ્ટર ઝાલ કબીરા

નોખા મળીને ભેગા જમવું
પીઝા સાથે દાલ કબીરા

શ્વેત મળે કે શ્યામ સરીખા
નોખા નોખા બાલ કબીરા

કરશે રાતો ચોળ મળીને
બીજો ઘરના ગાલ કબીરા

દર્પણ જેમજ ચમકી રે'શે
તેલ સભર છે ટાલ કબીરા

લાગ મળેતો ડાહ્યા ડમરા
ખેંચી લેશે ખાલ કબીરા

મળશે મફતનો માલ 'રસિક'ને
બદલી જાશે હાલ કબીરા

*રાલ= લાળ **સાળ= કપડા વણવાની લૂમ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અમેરિકા આવો છો? – અંબુભાઇ દેસાઇ “શાંતામ્બુ”




વ્હાલા સ્વજનો

આખું કુટુંબ અત્રે આવવા અધિકૃત બન્યુ છે તે આનંદનાં સમાચાર સાથે ફોન ઉપર આવકાર બાદ કેટલીક વાતો જે ફોન ઉપર કરી હતી તે અત્રે કાગળ ઉપર મુકું છુ.

1. **ભાષા: ( ખુબજ જરુરી)**

- અંગ્રેજીનું જ્ઞાન હોવુ અહીં ખુબ જ જરુરી છે ખાસ કરીને બોલવાનું સાંભળવાનુ અને સમજવાનુ. ઉચ્ચારો વિશે માહિતગાર થવા જ્યારે અનુકૂળ થાય ત્યારે Talkative English movies જોવાં ( તેના દ્રશ્યો પ્રસંગો જોવા કરતા તેના ઉચ્ચારો ઉપર ધ્યાન રખાય તો સારુ, બને તો અમૂક અમૂક સમયે આંખ બંધ કરીને જ જોવા).
- અંગ્રેજીનું લેખીત જ્ઞાન તેમણે દરેકે અંગ્રેજી પાઠમાળાનાં 1 થી 4 પાઠ વાંચવા અને તે પ્રત્યેક પાઠમાં આપેલ Exercises ની પરેડ, એક અલગ નોટબુકમાં કરતા જવું, ભૂલો સુધારવી અને પ્રેક્ટીસ કર્યા જ કરવી.
- અંગ્રેજી છાપા અને હળવી નવલકથાઓનું વાંચન પણ સહાયભૂત થશે. અહીં આવ્યા પછી તો સાંભળવાનુ અને વિચારવાનુ પન અંગ્રેજીમાં થવાનુ છે.

2. **Driving a car:**

Driving તો ત્યાંથી દરેકે દરેક 16 વર્ષથી ઉપરનાએ શીખીનેજ આવવાનું છે.. હ ત્યાં લાયસંસનાં પૈસા ખર્ચવાની જરૂર નથી. કારણ અહીં ટેસ્ટ લેવો પડશે. અહીંનાં Driving rulesની પુસ્તિકાઓ પહેલા મોકલી છે જે વાંચવાનુ શરુ કરી દેશો. હા બંને જણ કાર ચલાવતા થાય તે જરૂરી છે.

### 3. **અહીં આવ્યા પછી શરુઆતના કેટલાક સમયમાટે:**

મળે તે કામ ( ગમે ના તેવુ હોય તો પણ) કરવાની તૈયારી રાખવી. મેં આગળ કહ્યું છે તેમ "વિચારો બદલો તો જીવન બદલાઇ જશે" Flaxibility is the cornerstone of progress! progress is impossible without CHANGE! Those who can not change their minds, will never be able to change anything!

જેઓએ તમને અહીં બોલાવ્યા છે તેઓ તમને તમારા અનુભવ અભ્યાસ અક્કલ સૂઝ સમજ તથા હોંશિયારી મુજબ જોબ મેળવવા મદદ કરશેજ..પણ જણનારીમાં જોર ના હોય તો દાયણ શું કરે? તે ખાસ સમજવું. તમારી યોગ્યતા, લાયકાત વગેરે આ દેશની જરુરિયાત મુજબ સુધારવા, વધારવાની રહેશેજ.. સારી સ્થિતિએ પહોંચવા યોગ્ય તક્ની રાહ તો જોવીજ પડે તેથી ધીરજ, ખંત અને આત્મ શ્રધ્ધાથી વિકાસ માટે મથવુ.

### **4. બાળકો માટેની તૈયારીઓ:**

- દરેક બાળકોની રસી લીધી હોવાનં સર્ટીફીકેટ તમારા ડોક્ટર પાસેથી લઇ રાખો.
- જન્મતારીખનો દાખલો ( અંગ્રેજીમાં સાચા નામ સાથેનો) સાથે રાખવો.
- છેક પહેલા ધોરણ થી ચાલુ વર્ષ સુધીના પરિણામો ( અસલ અને નકલ એમ બે જુદી ફાઇલો તૈયાર કરવી)
- અમેરિકન અંગ્રેજી વોકેબ્યુલરીનાં તથા રોજ બ રોજનાં શબ્દોનું વાંચન અને પુંરાવર્તન માતાઓએ બાળકો સાથે કરવુ અને તેમણે પણ કરવુ. ગોખવાનું નહીં ઇઇઇઇ ! માત્ર વાંચવાનું, વારંવાર, અપરંપાર!
- ખુબ જ કાચુ અંગ્રેજી જેમનુ હોય તેમણે અંગ્રેજીનું ટ્યુશન લેવુ પડે તો તે પણ લેવુ.
- અંગ્રેજીમાં સામાન્ય વાંચી લખી શકે અને સાંભળીને જવાબ આપી શકે તેટલુ શીખવું અંગ્રેજીનો 'હાઉ' રાખવો નકામો છે કહે છે ને "ભાષાને શું વળગે ભૂર? રણ જીતે તે શુર..."એટલે કે ગાડુ ગબડાવતા થવાય તો તે પુરતુ છે તેમાં બહુ મોથ મારવાની નથી પણ ગોથુ નખવાય તેટલી કાળજીય લેવી જરૂર છે.

### **5. ત્યાંના મકાન અને નોકરી વિશેનાં અઘરા નિર્ણયો:**

સારી નોકરીઓ માં છ મહિનાની રજા લઇ ને આવવું. ઘર સારી રીતે બંધ કરી ભરોંસા પાત્ર માણસને સોંપીને આવવું. અહીં બધી સ્થિરતા આવ્યા પછી તેવા નિર્ણયો કરવા. ઘરમાં કોઇ પણ કિંમતી ચીજ વસ્તુઓ રાખવી નહીં શાળાએ જતા બાળકો પોતાનુ ભણતર પતાવે ત્યાં સુધી સુખે કે દુ:ખે અહીં રહેવુ જ છે તેવુ સર્વ ઘરનાં સભ્યોમાં એકમતિ સધાય નહીં ત્યાં સુધી ત્યાંનુ કોઇ રોકાણ સ્થાઇ કે જંગમ તોડવાનો મતલબ તમે તમારી પાછા જવાની શક્યતા ઘટાડો છો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

( આ પત્ર 1994માં આવતા 4 કુટુંબ્નાં 16 સભ્યોને ઉદ્દેશીને લખ્યો હતો આજે તે 16 સભ્યો વત્તા અહીંનાં 4+2 અમે એમ કુલ્લે 22 સભ્યો જે હાલ વધીને 35 થયાછે તે સૌ એક સાથે એક સબ ડીવીઝનમાં આ પત્રોનાં નીતિ નિયમોને અનુસરીને સુંદર ભારતિય પ્રણાલીમાં રહે છે.)

**આજે ૨૧ માર્ચ ૨૦૦૮ નાં દિવસે મેં ૮૮ વર્ષ પુરા કર્યા..**
**આજે ૨૦૦ વર્ષ બાદ આવી વિવિધતામાં એકતા**
**આજે ઈદે મિલાદ ( ઇસ્લામીક તહેવાર)**
**આજે ગૂડ ફ્રાઈડે ( ઈસાઈ તહેવાર )**
**આજે નવરોઝ (પારસી તહેવાર)**
**આજે હોળી (હિન્દુ તહેવાર)**

**તેથી મેં મનાવ્યો પ્રેમનો તહેવાર**
**માનવતાનો તહેવાર..**
**સંયુક્ત કુટુંબનો ઉજ્વળ વહેવાર.**

**ક્યાંકથી સાંભળેલુ લખુ છું**
**જે લોકોને પ્રેમ આપે છે**
**તે લોકો પાસેથી પ્રેમ પામે પણ છે**
**તેના જીવનની વસંત કદી વીલાતીનથી.**
**એના વહાલા વિભુનો વિયોગ ક્યારેય થતો નથી**
**એને તો આનંદ રુપ ઇશ્વરનોપ્રેમાળ સાક્ષાત્કાર જ થતો રહે છે**

આજે મને લખવુ છે.
મારા જીવનનાં કેટલાક સંયુક્ત કુટુંબ નાં સંસ્મરણો.
સંયુક્ત કુટુંબ એટલે એક છત નીચે રહેતી ત્રણ પેઢી એમ નહીં પણ રોજ મળતી અને ખીલતી ત્રણ કે ચાર પેઢીની કુલવાડી જે સુખમાં અને દુઃખમાં મન મેળ જાળવીને રહે. મેં અનુભવેલા જીવનના કેટલાક સત્યો કે જેણે મને ભારતીય સંયુક્ત કુટુંબનુ સુખ અહીં અમેરિકામાં પણ આપ્યુ.

- સંયુક્ત કુટુંબ ત્યારેજ સંયુક્ત રહે છે જ્યારે વડિલો તટસ્થ રહી સબળાના બળે નબળાને સાચવી લે. દસી વીશી તો દરેકની આવે છે અને તેમા પગ ડગડગવાનુ કારણ પણ મળે. મેં અને શાંતાએ કુટુંબને બાંધીને રાખવાનું જરુરી ઉંજણ સહનશક્તી અમે દરેકમાં વાવી છે. એટલે તે ઘર્ષણો રોકનારુ પરિબળ બને છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

- મારા પાંચેય હયાત દિકરાઓની ઘરવધુઓને મેં ક્યારેય વહુ તરીકે માની નથી તે પણ દિકરીઓ જ છે એવુ મારુ અને શાંતાનુ સદાનુ વલણ અને તે કારણે કોઈને ખોટુ લાગ્યું કે ઓછુ આવ્યુ તો શાન્તા અને અંબુ પાસે ખુલ્લ મો એ ફરિયાદ કરી શકે અને બા- બાપા પાસે રડી શકે તેવુ મમત્વ આપ્યુ છે.
- ક્યારેક ટકોર કે ઠપકો આપવો પડે ત્યારે અમે બન્ને વહેંચાઈ જઈએ..શાંતા દિકરાનુ ખેંચે અને મારે વહુનો પક્ષ લેવાનો અને તે બેનો વિવાદ વહેવારીક રીતે કાઢવાનો.
- આજે હવે બાગ કામ થોડુક ઘટ્યુ પણ જે દિકરાને ત્યાં હું ગયો હોઉં ત્યાં શાકભાજી વાવવાથી માંડી ઘરનુ દરેક નાનુ મોટુ કામ હું કરુ અને બધાને તે ખબર.શાંતા રસોડે જરૂરી ગરમી રાખે.
- દર શુક્રવારની સાંજે થતી ભજન અને ધાર્મીક સ્તુતીનિ બેઠક્માં પાંચેય દિકરાઓ દિકરીઓ પૌત્રો અને પૌત્રીઓ કે પ્રપૌત્રીઓ સાથે આખા અઠવાડીયાનો અહેવાલ દાદાજી લે અને કોલેજ્માં શું થયુ..કયુ પિક્ચર કેવુ છે તથા દેશ વિદેશના સગવહાલઓની ખબર અપાય અને તેને લગતી ૧૯૪૫ થી આજ સુધીની બધી વાતો હું કરુ.
- દાદા એટલે દાદાગીરી નહિં પણ સંસ્કૃતનાં દા દા એટલે દાન દેનારા..પ્રેમ વહેંચનારા અને સમતળ ધરા ઉપર વેરો આંતરો રાખ્યા વિનાનો સમભાવ અને સ્વભાવ ધરાવવો તે દાદા બની ને રહું છું
- ઘણાને અમેરિકામા આ શક્ય હોય તેવુ લાગતુ જ નથી છતા પ્રભુની મહેરબાની છે ૧૯૯૬માં પાંચ ભાઈઓ અને ભોજાઈઓ અને તે દરેક્ના બબ્બે સંતાનો સાથે બધા ઘરે રહ્યા. દરેક્ને નોકરી અપાવી વર્ષે એક જ સબ ડીવીઝનમાં પાંચ ઘર થયા તે પાંચ ઘરોમાં બબ્બે ગાડીઓ અને દરેક્ની દરેક પ્રકારની નાણાકીય જવાબદારીઓને સહ્ય કરી એક પછી એક લગ્નના પ્રસંગો ઉજવાતા જાય છે
- પૌત્રોની વહુઓને તેમ જ પૌત્રી અને જમાઈને પણ એજ વહાલ અને આદર આપતા
- આજે અમને એટલા બધા વહાલનાં ઢગલાઓ મળ્યા છે કે મને અને શાંતાને લીલી વાડીને છોડવી પડશે કે એવો કોઇ જ ગમ નથી.

કહેનારા કહે પણ ખરા કે દાદા નહિ હોય પછી બધુ ભાંગી પડશે.. અમેરિકા માં સંયુક્ત કુટુંબ ક્યારેય ટકયા નથી અને ટકશે પણ નહીં મને અને શાંતાને પાકી શ્રધ્ધા છે અમારા કુટુંબમાં મતભેદ ભલે હોય પણ મનભેદ નથી તેથી તે ટકશે તેમા મને કોઇ શંકા નથી જ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# લાગણીની બાદબાકી – 'મનુજ' હ્યુસ્તોનવી




આ પરવતો નીલી ઘટાઓને કદી નડતા હતા.
ને, આંતરી રસતો, ભિંજવવા માંગણી કરતા હતા.
મન થાય તો માંગી લઉં, પાડી નથી ધાડો કદી,
ચુકવ્યું બધાનું કરજ મેં, ખુદા ખિસ્સા ભરતા હતા.
આ લાગણીની બાદબાકીની ખબર ત્યારે પડી-
સંબંધની ઠેસો ભર્યું જ્યારે ગણિત ગણતા હતા.
સાજન, સગાં ચાલી ગયા, સજની રહી ગઇ એકલી,
પૈઠણ મરક મરકી રહી, મિંઢળ ભડકે બળતા હતાં.
દિવસો જુદાઈ ના ગયા, જાશે હવે બીજા ઘણા,
સાગર ઉલેચી યાદના, ખાલી જગા ભરતા હતા.
ફૈલાદના સરદાર ને રૂદે ગુલાબ ભર્યું રતન,
નાગો ફકિર સંગ એમના, અંગરેજને ડારતાં હતા.
સ્વેત શિશિર ગયો ભાગતો, બીજી તરફ એ ધરતિની,
કારણ, વસંતી રંગ તો અહિં આવવા મથતા હતા.
આ ઝાંઝવા જેવું જિવન કેવું લપસણું વ્હેણ છે,
જિવતાં ડુબે લોકો અને તરવા શબો બનતા હતા.
એ ચિત્ર હવે કેવું હશે, કોનું હશે, ન ખબર પડી,
કારણ, 'મનુજ'ના કર, હવા રંગો વડે ભરતા હતા.

છંદ- રજઝ – જેમાં ગાગાલગા ના ચાર ગણીય આવર્તનો છે. મુસ.તફ.ઇ.લુન = મૂળ ગણ = ૨+૨+૧+૨ = ગાગાલગા. એક પંક્તિમાં ૭ ગુણ્યા ૪ = ૨૮ માત્રાઓ હોય છે, અને આખો શેર ૫૮ માત્રાઓનો હોય છે. ફરી એક વાર પ્રો. સુમન અજમેરીને એમના નવા પુસ્તકના, સાહિત્ય જગતને પ્રદાન બદલ ધન્યવાદ સાથે- અને, 'રસિક' મેઘાણીજીના ગઝલમાં 'વજન' લાવવાના સકારાત્મક આગ્રહને ધ્યાનમાં રાખી, અને એને માન આપી, એમને આ અર્પણ કરું છું.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મુક્તકો - સુરેશ બક્ષી

છે કદીક ફાગણ ને કદી શ્રાવણ
ઝેરી તકદીરનું શોધી લાવો મારણ
આમ ક્યાં સુધી ખોડાતા રહેવું મારે
આવે ઉતારો કોઈ નિષ્ફળતાનું ભારણ

****

હે માનવ!
કપરાં સંજોગોમાં હસી શકો તો માનુ
રેખાઓ હાથની ભુંસી શકો તો માનુ
પોતીકાને તો સૌ કોઇ ખુશ રાખે
પારકા દિલમાં વસી શકો તો માનું

****

આટલી ભીનાશ હોયે દિલમાં
ઇચ્છાઓ જરુર રડતી હશે
સપના તો સૌ વિખરાયા પણ
એંધાણી સ્વપ્નની ક્યાંક મળતી હશે

---

એવું તો શું વસે મારા દિલમાં
આનંદ સદા રહે મારા દિલમાં
મુસીબતોને પડકાર છે મારા
રાણાનું બખ્તર રહે મારા દિલમાં

****

જીરવી  હોય  જેણે મુસીબતો અપાર
તમે કહો  લાગે શું એને ચીતા નો ભાર?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અર્થહીન તકરાર - મહંમદ પરમાર 'સૂફી



જે માન્યતામાં જન્મ્યો છું, મને તે લાગે છે સારી
અને સત્ય સુધી તેથી પહોંચ ન થઈ શકી મારી

ખરું ખોટું પરખવા વાપરું છું માન્યતાઓ ને
પરંતુ માન્યતા પર શંકાની આવી નથી વારી

મળી છે વારસામાં માન્યતા જે આજ માનું છું
સગીર વયમાં હૃદય ખાલી હતું ત્યારે બની મારી

સખત પથ્થર સમી છે માન્યતા ને શ્રધ્ધાઓ મારી
મને લાગે છે તેથી બાકીની વસ્તી ભટકનારી

જગતને ક્ષય લાગ્યો અંધ શ્રદ્ધાનો ભયંકર પણ
નથી સુઝી રહી કોઈ દવા ક્ષય દૂર કરનારી

થઈ છે ઉન્નતિ ભૌતિક છતાં કમભાગ્ય જગ તારું
આ ઉન્નતિ માં શક્તિ છે જગતને નષ્ટ કરનારી

ચીરીને પડદો અંધશ્રદ્ધાનો જોશે જો જમાનો તો
નવી વાતો ત્વરિત સુઝશે આ દુનિયાને બદલનારી

નવી વાતો તું કહેતોજા 'સૂફી', ચાલુ જમાનાને
તું કરજે વાત, સત્યની ઝલક દુનિયાને દેનારી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# રાઇઝ ઓફ અર્થ - પ્રો. સુમન અજમેરી



Picture courtsey: NASA- USA

પદ્મશ્રી ડો કુમારપાળ દેસાઇને ગુજરાતી સાહિત્ય સરિતાની બેઠકમાં ડો કમલેશ લુલ્લાએ નાસાનું આ અલૌકિક ચિત્ર ભેટ આપ્યુ ત્યારે તે ચિત્ર જોઇ ત્યાં હાજર રહેલ પ્રો. સુમન અજ્મેરીને સ્ફુરેલી અછંદાસ કૃતિ અત્રે રજુ થાય છે

સનરાઇઝ
એટલે કે સૂર્યોદયને
સૂર્યનાં ઉદયને
નાણ્યો અને માણ્યો હશે
અનેક્ધા જીવનમાં, આપે.
આયોજનબધ્ધ રીતે
વા અણધાર્યો અનેક વાર
વાદળ છાયા રંગોની
છટામાંથી રતુમડી ઝાંય ધરી
નીલ, ભૂરી ને પીતવરણી
આભાની મેળવણીથી ઓપતા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

રંગ નાના થકી
ક્ષિતિજનાં આભાની પૃષ્ઠભૂમાં
ઉદિત થતા સૂર્યને
પણ નિહાળ્યો હશે આપેક્યારેક મૃદુ મૃદુ મુસ્કાતી
તો ક્યારેક-
શરમ શેરડે ખરડાતી
આંખ આંજી દેતી આભા સૂરજની
કેટ કેટલા રૂપો એનાં
નિર નિરાળાં નિરાળાં
વધાવ્ય તમે
લહાવો ગણી જીવનનો?ને નિજ શીત
નયન ઠારતા કિરણોની
રચીને રૂપેરી માયા જાળ
સૌમ્ય રૂપેરી
ચંદ્રનાં ઉદયને
પણ અનેકદા
માણ્યો હશે મનહર્
મનભર તમે!જાણે સુધા-સાર વરસાવતું
ચાંદા પોળીનું વૃત્ત બની
નીલ નીલ
નભસરની મધ્યમાં
રજત નિજ સૌમ્યતા પ્રસારતું
અગ જગ પર ચંદ્ર બિંબપણ રાઇઝ ઓફ અર્થ
અર્થનાં અર્થાત
ધરિત્રીનાં ઉદયની વાત
સાંભળી છે તમે કદાપી?મિત્ર છે એક :
નામ કમલેશ્વર
મૂળ વડોદરાનાં વાસી
અમેરિકા આવી છાઇ ગયા
નિજ સાધના થી વિશ્વ પર,
"નાસા" અવકાશ કેન્દ્રનાં
તાલિમાધીકારી સર્વોચ્ચ બનીતે લાવ્યા'તા ચિત્ર એક

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ઉદિત થતી ધરિત્રીનું
ચંદ્રની ધરા પરથી
ન સાંભળી, સુણી
ન જાણી હોય કદાપિ
તેવી પરિકલ્પના
અવનવી..શું ભવ્ય હતુ એ રુપસિનું
અદ્દલ્ સૂર્ય સમુ
ગોળ ગોળ બિંબ
ઘેરા ભુરા અંધકારે
વાદળીયા ભુરા
રંગ વૈવિધ્યનાં પરિમાણ સર્જતો
ચંદ્રની ધરા પરથી
ચંદ્ર કે સૂર્યના ઉદય શો
આભાસ ઉપજાવતો
ઉદય અર્થનોપ્રથમ ઉઘડતી આભા
કમલિની લોલ શી
જાણે સવારીની
બજી રહી હો શરણાઇ મધુરી,
ને પછી_
નરઘાં, તબલાં ઢોલક,
ઢોલ નગારાં
ને પડ્ઘમ શાં વાજાં
ને એ ભુમિકા મહીં
તીવ્ર રેખા રૂપે વિદ્યુતા-શી,
પછી બીજ-શી
એ નભચારિણી સામ્રાજ્ઞીની
રૂપચ્છટા અનેરી
આભ ચદ્રની સંધી રેખા પરે
ધીરે ધીરે ઉપસી-વિકસી રહી,અર્ધવર્તુળ શી એ લીલ
શનૈ: શનૈ: ગરિમા ધરતી
હળવે હળવે પગલે
ગૌરવ અને શાન થી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

પૂર્ણતાનો તાલબધ્ધ લય સાધીને
નિજ આકારને વિસ્તારી રહી-લાગતું જાણે-
વિષ્ણુની અંગુલી પર
ચકરાતું સુદર્શન ચક્ર
મહાતેજ છાયું
ફરતું ગોળ ગોળ
અકાશની અટારી મધ્ય
નિજ લીલાનાં
રુપ ગેબી પ્રસારી રહ્યુંચંદ્ર આમ તો
ધરા થી સાવ નાનો
-ઉપગ્રહ એ ધરાનો-
વડીલની આંગળી ઝાલી
ટગુમગુ ચાલતા બાળ શો
જો હો ખડા
ધરાની સપાટી પર
તો નિજ વિસ્તારનો અભિધાનો
આકાર ઉપસાવતી છટા
મદભર ચંદ્રની!ને તે પર થી
ઉદિત થતી ધરા
લાગે સાવ નાનકી આઘેથી.
જાણે-
કાંઇજ વજૂદ ન હો -
ચંદ્ર સામે ધરાનું.
આ બધો પ્રતાપ
દૂરીનો જ ને!
દ્રષ્ટિભ્રમની છ્દ્મજાળ
જેથી અંજાયેલી નજર
વાસ્તવનો અતો-પતો
મેળવવામાં થાપ ખાતી
ખોડંગાઇ- અટવાઇ
અદડાઇ રહી.અકળ છે લીલા પ્રકૃતિની
ધરે જે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

સમય સ્થળનાં પરિમાણમાં
આભાઓ અવનવી
ને સ્થળ વિશેષ પરથી
એને નિહાળવા
આહ્લાદનું બને અવિભાજન અનેરું
બાકી-
ઉદય વિકાસ અને અસ્ત,
ક્રમ એ કુદરતનાં
અનાદિ આદિ કાળથી
વહ્યા કરે સતત એક ધારા
સ્થળ અને કાળને અનુરુપ થતા થતા

**બહુ ભાવવહી ભાષામાં એમણે જ્યારે સાહિત્ય સરિતાની બેઠકમાં જ્યારે આ કાવ્યનું વાંચન કર્યું હતુંત્યારે સર્વે શ્રોતા જનો મુગ્ધભાવથી તેમની કૃતિ અને તેમને સાંભળતા હતા. પ્રો, સુમન અજમેરી જ્યારે જ્યારે પણ તેમની કૃતિ રજુ કરે ત્યારે શ્રોતામાં બે વિભાગ તરત પડીજાય. એક વિભાગ તેમના ઉચ્ચ શબ્દો અને વાણી વૈભવને માણતો હોય તો બીજો વિભાગ એમ વિચારતો હોય કે આ ભાષા ગુજરાતી છે કે સંસ્કૃત? પણ આ કાવ્ય પઠન વખતે જેશ્રી અતુલ કોઠારીને ત્યાં થયુ હતુ ત્યારે બંને વર્ગ તેમને અહોભાવ થી સાંભળી રહ્યાહતા. પ્રો. સુમન અજમેરીની સાહિત્ય યાત્રા અગિયાર વર્ષની ઉંમરથી શરુ થઇ અને પંચોતેર વર્ષની ઉંમરે આજે પણ તે અવિરત છેવાર્તા, નિબંધ,રેખા ચીત્રો, એકાંકી નાટકો,રેડીયો રૂપકો,નૃત્ય નાટીકા, ગીતો, છંદોબધ્ધ અને અછંદાસ કાવ્યો, ગીતો અને ગઝલો દરેકમાં તેમની કલમ એક સફળ કલમકારની જેમચાલી છે. તેમની કૃતિઓ ભારત ઉપરાંત ઓસ્ટ્રેલીયા, ગ્રેટ બ્રીટન,અમેરીકા અને કેનેડામાં પુસ્તક, કોલમ અને ઓડીયો કેસેટ સ્વરુપે પ્રસિધ્ધ થયેલીછે.**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ત્યાં કોઇ ગંદકી ન હતી.- કિરીટકુમાર ગો.ભકત.



રજાઓમાં અમે આબુ ફરવા ગયેલાં.ત્યાં એક અંગ્રેજ દંપતી મળી ગયેલું. ભાષાની સમસ્યાને હલ કરવા માટે એમણે અમારી સાથે રહેવા વિનંતી કરી,અને મેં હા પાડી દીધી.તેઓ અમારી સાથે જોડાયાં,અંગ્રેજ બાઇને ગંદકી ઘણી ચીડ હતી.તે વાત વાતમાં 'ડર્ટી' 'ડર્ટી' ની ટેપ વગાડયા કરતી હતી.એટલે,મારી મિત્ર મને ખિજાતી કે શું કરવા કામ આ ચતરીને સાથે લીધી.  ત્યારે મેં એમ કહીને વાતએ ટાળી દીધેલી કે એ આપણા મહેમાન છે અને,અત્યારે એમને આપણી જરુર છે.

એક દિવસે સવારે,અમે સૌ એક નાના બસ સ્ટેંડ આગળ,બસની રાહ જોતાં ઊભા હતાં. આજુબાજુમાં સાત-આઠ છાપરીઓ હતી.અને બરાબર બસ સ્ટેંડની પાછળની છાપરીમાંથી સમુહમાં રડવાનો અવાજ આવતો હતો. કૂતૂહલવશ મેં ત્યાં જઇને જોયું તો,ત્યાં એક નાના બાળકનું અવસાન થયું હતું.અને,ત્યાં બધા અંતિમવિધિ માટે ભેગા થયા હતાં.

પેલી અંગ્રેજ બાઇએ આ જાણ્યું અને એણે ત્યાં જવાની ઇચ્છા દર્શાવી.અને,હું અને મારી મિત્ર એને લઇને ત્યાં પહોચ્યાં

અંગ્રેજ બાઇ, સીધી પેલા મૃતશરીર પાસે બેસીને રડતી તેની મા તરફ ચાલી.બાકીની ત્યાં હાજર સ્ત્રીઓ પરંપરાગત રડતી,છાતી કૂટતી,વાતો કરતી હતી.પુરષો પણ એક તરફ બેઠા વાતો કરતા હતાં.વાતાવરણમાં ઘેરો અને ભારે વિષાદ લાગતો હતો.અંર્ગેજબાઇ પેલી પાસે જઇને તેની પાસે ધૂળમાં બેસી ગઇ.અને તેના ખભા પર હાથ મુકીને બસ એટલું જ બોલી…"આઇ કેન અંડરસ્ટેંડ યૉર પેઇન."

બન્નેને એકબીજાની ભાષા આવડતી ન હતી.કદાચ આંખોએ આંખોની અને હ્રદયે હ્રદયની ભાષા સાંભળી.અને,બન્નેની આંખોમાં ઘોડાપુર આવ્યું. રડતાં રડતાં બન્ને એકબીજાને ભેટી.અંગ્રેજબાઇનો હાથ પેલીના સુતળી જેવા વાળમાં ફર્યો.પાંચેક મિનિટમાં હ્રદય શાંત થયું.રુદન શમ્યું.

પેલીએ તેના સ્કાર્ફથી દુ:ખી મા ની આંખો લુછી.

ત્યાં કોઇ ગંદકી ન હતી.

આંસુ – ક્યારેક દુ:ખની ભાષા…

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તારી નજર - હેમંત ગજરાવાલા



મારી નજરે યુવા મનને સ્વપ્ના દર્શાવ્યા
તારી નજરે મારા હ્રદયને પીગળાવ્યા!;
મનની મારી ચંચળતાનો વશ કરી
તારી નજર પર મારી આંખ ઠરી

કરૂણાનો દરિયો જોયો મેં તારી નજરમાં
પ્રેમની પાવકતા ઉતારી મારા હ્રદય્માં
વિવશ થઈ પાંગળો થઈ નીરખુ તારી નજરથી
કોઈ ત્રીજા નેત્રથી ખાક કરે ન મારી , તારી નજરથી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હળવાશો આ ભારે ભારે...! - હિમત શાહ

હળવાશે, હળવાશે ખરતી આ ફૂલ પાંદડીઓ!
જુએ સહુ, આનંદે સહુ:
ભારે, ભારે ઊઠતા એના ચિત્કાર!
જુએ કોઇ? સાંભળે કોઇ?

છુપા સંજોગોની ઘંટીમાં દળાતી અસહાયતા..!
હાહાકાર કરે હૈયે;
ઊફ એકેય એ કરે ના;
કોમળ કરાંગુલીઓ કોઇ પ્રસારી શકે ના?

ધોધરો દાબતી દેખાય દાનવતા!
ધીમા શ્વાસે રુંધાય માનવતાઆ ;
કોઇ ટંકાર કરે જરા ના;
કોઇ સંભાળ કરે જરા ના.

માનવી ગણુ બધુયે થયો,
માનવ થવાનું ભૂલી ગયો!
વાહ, વાહ કરું?
વેદનાઓ વીણું?
શું કરું? શું ના કરું?
ભારે, ભારે બધા આ ભારો;
હળવાશે, હળવાશે શાને લીધા?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મંદિર, મંદિર કેમ ભટકું? - વિશ્વદીપ બારડ



આત્મા કહે ખુદ પરમાત્મા,
મંદીર, મંદિર કેમ ભટકું?

મેલી છે ભીતર કેરી ચાદર,
અંદર ઝાંખી, કેમ ન ઝટકું?

ખુદથી કેટલો દૂર રહ્યો !
હવે હૃદય દ્વાર જઈ અટકું!

બહાર ભીંષણ આગ કેટલી?
આતમ-અટારી એ મારૂ મટકું!

ભીતર આંગણું રાખુ ચોખ્ખુ ,
કહે પરમાત્મા કાયમ અટકું!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# દિવાળી આવી છે. - વિશ્વદીપ બારડ



દિવાળી આવી છે, ચાલો સૌ,
અભિમાન , આડંબરને
માટીના માટલામાં મૂકી,
ગામના ઊકરડે મૂકી દઈએ ..

પ્રેમના પ્યાલામાં સ્નેહની સાકર ભરી,
પડોશી પોતાના માની ,
સ્નેહી-સગા સૌને પીવા આપીએ..

નવી આશા, ઊષાના આગમાન સાથ આવીછે,
ચાલો સૌ નિરાશા છોડી, એનું સ્વાગત કરીએ.

અણગમાનો જૂનો વેષ , દ્વેષ ઉતારી,
ચાલો સૌ "સૌ ને ગમતા"સોહામણા વેશ પહેરીએ.

તારી-મારી વાતોનું વહેમ વડુ,
ચાલો સૌ એને દૂર, દૂર કોઈ
કૂંડાળામાં પધરાવી દઈએ ..

ઘર આંગણે 'શુભ' કંકુનો સાથિયો દોરી,
ચાલો સૌનું શુભ-આગમન કરી એ.

દિવાળી આવી છે,
સાથ નવા વર્ષની શુભ-વધાઈ લાવી છે,
ચાલો સૌ ભેદ-ભાવ ભૂલી,
વિશ્વ-કુટુંબની ભાવના ધરી,
માનવી સૌ એક બનીએ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.